

વાગીશ્વરી · કલાકાર : પૂર્ણેન્દુ પાલ

કુમાર


સંસ્થાપક · રવિશંકર રાવળ


૪૦૮
વર્ષ ૩૪ · અંક ૧૨
ડિસેમ્બર ૧૯૫૭

હે સૌમ્ય! ચંદ્રધવલા! શુચિ કાન્તિમાન!
વાણી તું સર્વ પશુની તું હિ શાન્ત પ્રજ્ઞા.
હે લોક-માનસ-મરાલ તણી નિયંતા!
તું દો પ્રસન્ન શિશુને કલબોલ-ગાન.

—રાજેન્દ્ર શાહ

તંત્રી
બચુભાઈ રાવત





જાપાનની રંગભૂમિ માટે વપરાતાં સાધનો–ડાબી બાજુનું ચિત્ર માથા માટેની વિવિધ શિર-ભૂષા: (૧) નર્તકી માટે 'માએઓરી-એબોશી'; (૨) અમીર માટે 'કાઝેઓરી-એબોશી'; (૩) સામુરાઈ યોદ્ધાનું શિરસ્ત્રાણ; (૪) ધર્મગુરુની બોચલા જેવી ટોપી; (૫) દરબારીનો માથાનો પોષાક; (૬) દરબારી ગાયકનો રંગીલો મુકુટ; (૭) દેવતાનો મુકુટ; (૮) દેવીનો મુકુટ; (૯) દૈત્યનો મુકુટ; (૧૦) મુસાફરની ટોપી. જમણી બાજુનું ચિત્ર–'નો' પ્રકારનાં નાટકોનાં ઉપકરણ: (૧૧) રત્ન; (૧૨) એક વાદ્ય; (૧૩) હાક્કો નામનું ડમરુ જેવું દાંડીવાળું નગારું; (૧૪) ચેરીપુષ્પના ગુચ્છ; (૧૫) ગાંડી સ્ત્રીએ રાખવાની વાંસની ડાંખળી; (૧૬) ફૂલડાલી; (૧૭) પાણીની ડોલ; (૧૮) ધનુષ પેઠે ખભે ભરાવવાની ફૂલછડી; (૧૯) પાવડી; (૨૦) લાકડી; (૨૧) માછીમારનો સળિયો; (૨૨) ખંપાળી; (૨૩) ઝાક; (૨૪) અસુરનો દંડો.

નીચે: જાપાનની કેટલીક યુનિવર્સિટીઓનાં પ્રતીકો, જે તેના વિદ્યાર્થીઓની ટોપીઓ પર બિલ્લા તરીકે પણ લગાવાય છે.



કુમાર
ડિસેમ્બર ૧૯૫૭
અંક ૪૦૮

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

ચેતન પ્રકાશન ગૃહ (પ્રાઇવેટ) લિ.

રામજી મંદિરની પોળ • સરકારી પ્રેસ સામે • વડોદરા (ફોન: ૨૯૫૦)

નવાં પ્રકાશનો

ઘ્રોકરની શ્રેષ્ઠ વાર્તાઓ

નામાંકિત લેખકની પોતે ચૂંટેલી શ્રેષ્ઠ નવલિકાઓ

[પ્રા. સુંદરજી બેટાઈના અભ્યાસી પ્રવેશક સાથે] રૂા. ૪–૨૫

પલટાતો જમાનો

રશિયન સાહિત્યસ્વામી તુર્ગેનેવની ઉત્કૃષ્ટ નવલકથા

અનુ.: ભનુભાઇ વ્યાસ 'સ્વપ્નસ્થ' રૂા. ૫–૦૦

ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ

મહાન સર્જકની શ્રેષ્ઠ નવલિકાઓનો સંગ્રહ

અનુ.: પ્રા. જયંત પાઠક, રમણલાલ પાઠક

[અભ્યાસી પ્રવેશક સાથે] રૂા. ૫–૨૫

વિશ્વસાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓ

જગતની ૧૭ ભાષાઓની પ્રતિનિધિ

શ્રેષ્ઠ ૨૫ નવલિકાઓનો સંગ્રહ રૂા. ૫–૫૦

અનુ.: ભોગીલાલ ગાંધી, સુભદ્રા ગાંધી

[પ્રા. સુરેશ જોષીના અભ્યાસી પ્રવેશક સાથે]

ખાલી ખેપ

શ્રી મોહનલાલ પટેલની મૌલિક નવલકથા રૂા. ૫–૦૦

પરાજીત પ્રેમ

અભિનવ પ્રણયની મૌલિક નવલિકાઓ

[બીજી આવૃત્તિ] રૂા. ૩–૫૦ લે.: ભોગીલાલ ગાંધી

ગૃહપ્રવેશ

રમણીય રૂપસૃષ્ટિની મૌલિક નવલિકાઓ

લે. પ્રા. સુરેશ જોષી રૂા. ૨–૭૫

[શ્રી ગુલાબદાસ બ્રોકરના અભ્યાસી પ્રવેશક સાથે]

દિલની વાત

ખ્યાતનામલેખક: પન્નાલાલ પટેલની ઉત્કૃષ્ટ નવલિકાઓ રૂ.૩-૫૦

જીન ક્રિસ્તોફ

મહાન આત્માની યુગપ્રવર્તક નવલકથા

મૂળ લે.: રોમાં રોલાં * સં. અનુ.: શંકર ગોહિલ રૂા. ૭–૫૦

વૈભવનાં વિષ

પેશ્વાઈ યુગના પતનકાળનું ચોટદાર નાટક

લેખક: વજુભાઈ ટાંક રૂા. ૩–૦૦

સાહિત્ય મીમાંસા

શ્રી વિષ્ણુપદ ભટ્ટાચાર્યકૃત રસશાસ્ત્રનો અભ્યાસગ્રંથ

[શ્રી રામપ્રસાદ બક્ષી તથા શ્રી જ્યોતીન્દ્ર દવેના પ્રવેશક સાથે]

અનુવાદક: પ્રા. સુરેશ જોષી રૂા. ૨–૫૦

નવસર્જન પ્રકાશન

રામજી મદિરની પોળ • વડોદરા (ફોન: ૨૯૫૦)

શિશુ-સંસ્કાર શ્રેણી

દરેક બાળમંદિર, દરેક કુટુંબ માટે અનિવાર્ય

૩ થી ૭ વર્ષનાં બાળકોના વિકાસનો સંસ્કારી સાથી

રંગબેરંગી **પાને પાને ચિત્ર** જાડા ડ્રોઈંગ પેપર ઉપર

લે.: **રમણલાલ સોની** ચિત્રકાર: **રવિશંકર પંડિત**

૧લું ગુચ્છ

કની કથા: રમતીગમતી શૈલીમાં કક્કો ૦–૭૫

પશુનો કક્કો: પશુઓનો પરિચય કરાવતો કક્કો ૦–૭૫

ગાંધીજીનાં ઉખાણાં: ગાંધીજીની સુંદર પ્રતિમાઓ સાથે ૦-૫૦

એક હતો ઉકો: સંખ્યા-પરિચય ૦–૫૦

દશ હતા ઉંદર: બાદબાકીનો પરિચય ૦–૫૦

સમાજ શિક્ષણ શ્રેણી

બાળકો તથા પ્રૌઢો માટે જ્ઞાન-માહિતીની પ્રેરક કથાઓ

તેનસિંગ: હિમાલયવિજેતા: રમણલાલ સોની ૦–૫૦

હ્યુએન સંગ: બૌદ્ધ પ્રવાસી: ,, ૦–૫૦

માર્કો પોલો: સાહસિક પ્રવાસી: ,, ૦–૫૦

મેરી ક્યૂરી: મહાન વૈજ્ઞાનિક નારી: સુભદ્રા ગાંધી ૦–૫૦

નાઈટિંગેલ: મહાન સેવિકા ,, ૦–૫૦

હેલન કૅલર: મહાન વિદુષી અંધ નારી ,, ૦–૫૦

કીમિયાગર કબીર

પતંગિયાની પાતાળ સૃષ્ટિમાં પ્રવેશનાર પ્રોફેસર કબીર તથા

બે બાળકોની અદ્ભુત રોમાંચક જ્ઞાન-વિજ્ઞાનની કહાણી

લે.: **વિજયગુપ્ત મૌર્ય** રૂા. ૩–૦૦

વિજ્ઞાન-વિકાસ શ્રેણી

શ્રેણી ૧લી

***ઘરની મુસાફરી** (૩૩ ચિત્રો) ૧–૨૫

***રસોડાની મુસાફરી** (૨૧ ચિત્રો) ૧–૨૫

કેટલા વાગ્યા? (૧૬ ચિત્રો) ૧–૨૫

શ્રેણી ૨જી

ગાડામાંથી મોટર (૨૦ ચિત્રો) ૧–૦૦

હોડીમાંથી આગબોટ (૧૫ ચિત્રો) ૧–૫૦

ગગનવિહારી ઍરોપ્લેન (ભરપૂર ચિત્રો) ૧–૫૦

શ્રેણી ૩જી

યમ સામે લડાઈ (આરોગ્ય વૈદક) (૨૯ ચિત્રો) ૧–૭૫

શયતાનના સામ્રાજ્યમાં(કિટાણુની કથા;૪૫ ચિત્રો)૨ ૨૫

વિજ્ઞાનયાત્રા (વિજ્ઞાનનો વિકાસ) (૨૩ ચિત્રો) ૨–૨૫

[*ફૂદડીવાળાં પુસ્તકો સરકારી શિક્ષણખાતાએ ઇતર વાચન માટે માન્ય કરેલાં છે.]

'કુમાર'ના સિદ્ધહસ્ત લેખક ડૉ. શિવપ્રસાદની કલમે

પૂછડાં ને પાંખો (૫૦ ચિત્રો સાથે) ૩–૦૦

[પશુપંખીઓની અદ્ભુત વિશેષતાઓની રસમય વાતો]

પહેલું સુખ તે જાતે નર્યા (આરોગ્યની બાળપોથી) ૧–૫૦

[શ્રી બબલભાઈ મહેતાના આવકાર સાથે]

વાચકો લખે છે

'કુમાર'માં સસ્તા છાયાયંત્રની વિગતો આપવા કોઇએ સૂચના કરી હતી. સારું છાયાયંત્ર બનાવવાની રીત 'આકાશગંગા'ના વર્ષ રના અંક ૫-૬માં 'છ પૈસામાં છાયાયંત્ર' એ લેખ દ્વારા પ્રકટ થઈ ગઈ છે. જિજ્ઞાસુ એ અંકો મેળવી જરૂરી પ્રયોગ કરે.

(ચાંગા) —છોટુભાઈ સુથાર

અંક ૪૦૬માં 'ગગા ઓઝા' લેખમાં 'લાઇટ ઑવ એશિયા'ના કર્તા તરીકે મૅથ્યુ આર્નોલ્ડનું નામ છપાયું છે, તે ક્ષતિ છે. 'લાઇટ ઑવ એશિયા'ના કર્તા એડ્વિન આર્નોલ્ડ હતા.*

(ઉદવાડા) —નગીનભાઈ પારેખ

[*ખરી વાત છે. લેખ તૈયાર કરનારની ભૂલ છે.]

૪૦૦મા અંકમાં આવેલા લેખ વીનસ સંબંધમાં :—'વીનસ દ મેડીચી' અને 'વીનસ દ મિલો', આ બે જગવિખ્યાત પ્રતિમાઓના મૂળ શિલ્પીઓ કોણ હશે તે અદ્યાપિ નક્કી જાણવામાં આવ્યું નથી. આ બે મૂર્તિઓ વચ્ચેનો સબંધ દેખીતો જણાઈ આવે છે. પ્લેટોએ આ બન્ને દેવીઓને મા-દીકરી લેખે જણાવી છે. 'નવ-ઉદ્ધાર-સમય'(Renaissance)ના ફિલસૂફોએ તેમને જોડિયા બહેનો તરીકે ઓળખાવી છે. વીનસ દ મેડીચીને દૈવી પ્રકૃતિવાળી અને વીનસ દ મિલોને પાશવી પ્રકૃતિ બરાવતી વર્ણવી છે. 'મિલો'ની પ્રતિમા ઈસ્વી.ની પાંચમી સદીમા ઘડાઇ હશે એવી માન્યતા પ્રચલિત છે. પ્રાચીન ગ્રીસના પાટનગર ઍથેન્સની દક્ષિણ-પશ્ચિમે આવેલા ઇજિયન ટાપુના બે ભરવાડોને એ મૂર્તિ જડી આવેલી. 'Melos' (મિલો)નો અંગ્રેજી અર્થ 'apple' થાય છે. મિલોના ભાંગેલા હાથમાંના એકમાં પૂર્વે સફરજન હશે. સને ૧૮૨૦ પહેલાં 'વિનસ દ મિલો'ની પ્રતિમા વિષે જગત અજાણ હતું.

વીનસ દ મેડીચી: 'મેડીચી' નામ શા પરથી મૂર્તિને અપાયું છે તે મારી જાણમાં નથી. મેડીચી નામે અતિ નામાંકિત ખાનદાન ઈટલીના ફ્લૉરેન્સ શહેરમાં લાંબા કાળથી અસ્તિત્વમાં હતું. મેડીચીની મૂર્તિ ફ્લૉરેન્સના કલાસંગ્રહમાં મોજૂદ છે. પરંતુ તેને અને આ મેડીચી કુટુંબને કોઈ પણ પ્રકારે સંબંધ હોય એનો કોઈ પુરાવો નથી. વળી મેડીચી નામે કોઈ સ્થળ હોય એમ પણ જણાએલું નથી.

વીનસના લેખમાં પ્રેક્સીટેલીસની જે આ ઈડિયલ વીનસ(ઍફ્રોડાઈટ)નું પ્રતિમાચિત્ર રજૂ થયું છે તે પ્રતિમા ઈસ્વી. પૂર્વે ૩૫૦માં ઘડાએલી મનાય છે. એને ઍફ્રોડાઇટ ઑફ સ્નાઈડસ કહી છે, કેમકે એશિયા માઈનરના દક્ષિણ કિનારા પર આવેલા cnidos ટાપુ ઉપરની જનતામાં તે કાળે ભાવપૂર્વક વીનસ દેવીની પૂજા થતી હતી. સ્નાઈડસ ટાપુમાં આવેલા એક નાના મંદિરમાં આ સ્નાઈડસ વીનસ ધર્મ-કુંડમાં ઊતરતી વેળાએ નિજ ખભેથી પોતાનું અંગવસ્ત્ર ઉતારી રહી છે એ જ મૂર્તિચિત્ર પ્રસ્તુત લેખમાં અપાએલું વાચકો જોઈ શકે છે. Poryne નામે એક ઇતિહાસ-પ્રસિદ્ધ અતિ સોહામણી ગ્રીક ગણિકાને પોતાના 'મૉડેલ' તરીકે વાપરીને પ્રેક્સીટેલીસે આ મૂર્તિ સર્જેલી. સ્નાઈડસ વીનસ, દૈવી પ્રકૃતિમય વીનસોમાંની એક વીનસ લેખાય છે

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા.


'પુરુષોની ઊંચાઈ અને વજનનો સંબંધ'એ વિષેના કોઠા ઘણી વાર વાંચવામાં આવ્યા છે, પરંતુ સ્ત્રીઓ માટેના આવા કોઠા ભાગ્યે જ મળે છે. આ નીચે એવો કોઠો મોકલ્યો છે. તેમાં સ્ત્રીઓનું સરાસરી વજન તેઓની ઊંચાઈ અને ઉમરના પ્રમાણમાં કેટલું હોવું જોઇએ એ બિના મેટ્રોપૉલિટન લાઇફ ઇન્સ્યોરસ કંપનીએ કોઠાકાર કરી છે. વજન રતલમાં આપ્યું છે. ઊંચાઈ જોડા સાથે ગણી છે.

(જોહાનિસબર્ગ)—'એક બહેન'

ઊંચાઈ	૧૫થી ૧૯	૨૦થી ૨૪	૨૫થી ૨૯	૩૦થી ૩૪	૩૫થી ૩૯	૪૦થી ૪૪	૪૫થી ૪૯	૫૦થી ૫૪
૪'-૧૧"	૧૦૭	૧૧૩	૧૧૬	૧૧૯	૧૨૨	૧૨૬	૧૨૯	૧૩૧
૫'-૦"	૧૦૯	૧૧૫	૧૧૮	૧૨૧	૧૨૪	૧૨૮	૧૩૧	૧૩૩
૫'-૧"	૧૧૨	૧૧૭	૧૨૦	૧૨૩	૧૨૬	૧૩૦	૧૩૩	૧૩૫
૫'-૨"	૧૧૫	૧૨૦	૧૨૨	૧૨૫	૧૨૯	૧૩૩	૧૩૬	૧૩૮
૫'-૩"	૧૧૮	૧૨૩	૧૨૫	૧૨૮	૧૩૨	૧૩૬	૧૩૯	૧૪૧
૫'-૪"	૧૨૧	૧૨૬	૧૨૯	૧૩૨	૧૩૬	૧૩૯	૧૪૨	૧૪૪
૫'-૫"	૧૨૪	૧૨૯	૧૩૨	૧૩૬	૧૪૦	૧૪૩	૧૪૬	૧૪૮
૫'-૬"	૧૨૮	૧૩૩	૧૩૬	૧૪૦	૧૪૪	૧૪૭	૧૫૧	૧૫૨
૫'-૭"	૧૩૨	૧૩૭	૧૪૦	૧૪૪	૧૪૮	૧૫૧	૧૫૫	૧૫૭
૫'-૮"	૧૩૬	૧૪૧	૧૪૪	૧૪૮	૧૫૨	૧૫૫	૧૫૯	૧૬૨
૫'-૯"	૧૪૦	૧૪૫	૧૪૮	૧૫૨	૧૫૬	૧૫૯	૧૬૩	૧૬૬
૫'-૧૦"	૧૪૪	૧૪૯	૧૫૨	૧૫૫	૧૫૯	૧૬૨	૧૬૬	૧૭૦
૫'-૧૧"	૧૪૮	૧૫૩	૧૫૫	૧૫૮	૧૬૨	૧૬૬	૧૭૦	૧૭૪
૬'-૦"	૧૫૨	૧૫૭	૧૫૯	૧૬૨	૧૬૫	૧૬૯	૧૭૩	૧૭૭

અંક ૩૯૬માં પાન ૩૧૬ પર લખેલું છે કે 'કોઈ પણ રકમને તે જ રકમ વડે ગુણો; પછી ગુણાકારને ૩ વડે ભાગો તો શેષ કદી પણ નહિ આવે.' તેને બદલે આ પ્રમાણે જોઇએ—'કોઈ પણ રકમને તે જ રકમ વડે ગુણો; પછી ગુણાકારને ૩ વડે ભાગો તો શેષ કાં તો ૧ વધશે અથવા ચાલી જશે, પરંતુ ૨ નહિ આવે.'

(ખેડા) —મનુ પટેલ



ગલકાના પાન પર જંતુએ નિર્ભાનપણે સર્જેલા 'કુમાર'ના અક્ષરોને મળતી આકૃતિ

(સૂરત) —હ. પંડિત




પતંગિયાની આકૃતિમાં 'કુમાર'ના નામાક્ષરો

(અમદાવાદ) —નરૂ દેસાઈ



મધ્ય ભારતનાં જંગલો વચ્ચે દસમી સદીનાં ખજુરાહોનાં ત્રીસેક ખંડિયેર મંદિરોની શિલ્પોથી ખચેલી ભીંતો પર પ્રણયકેલિ કરતાં યુગલો જે અપ્રતિમ કલામાં ત્યારના અજ્ઞાત કારીગરોએ વિલસાવ્યાં છે તેણે દુનિયા આખીમાં નામ કાઢ્યું છે.
એ કેલિ-શિલ્પો પૈકીનું એક વિખ્યાત શિલ્પરત્ન 'આશ્લેષ'



'સફરની તૈયારી' (કલાકાર: ત્યાગરાજ)

Courtesy: Burmah-Shell News

મનમેળ

· ગાન ·

કેવા રે મળેલા મનના મેળ?
હો રુદિયાના રાજા! કેવા રે મળેલા મનના મેળ?

ચોકમાં ગૂંથાય જેવી ચાંદરણાની જાળી,
જેવી માંડવે વીંટાય નાગરવેલ,
હો રુદિયાના રાણી! એવા રે મળેલા મનના મેળ.

તુંબું ને જંતરની વાણી,
કાંઠા ને સરિતાનાં પાણી,
ગોધણની ઘંટડીએ જેવી સોહે સંધ્યાવેળ:
હો રુદિયાના રાજા! એવા રે મળેલા મનના મેળ.

ધરતી ભીંજાય જેવી મેહુલાની ધારે,
જેવાં બીજ રે ફણગાય ખાતર-ખેડ:
હો રુદિયાની રાણી! એવા રે મળેલા મનના મેળ.

સંગનો ઉમંગ માણી,
જિન્દગીને જીવી જાણી,
એક રે કયારામાં જેવાં ઝૂકયાં ચંપો-કેળ:
હો રુદિયાના રાજા! એવા રે મળેલા મનના મેળ.

જળમાં ઝિલાય જેવાં આભનાં ઊંડાણ,
જેવા ક્ષિતિજે ઢોળાય દિશના ઘેર,
હો રુદિયાની રાણી! એવા રે મળેલા મનના મેળ.

બાલમુકુન્દ દવે

જન્મદિને

· અભ્યસ્ત મનહર ·

જન્મદિન!
કાળના અનંત સાગરે તરંગ એક લીન.
સાડત્રીસ વર્ષ!
કેવાં ગયાં?...કદી શોક, કદી હર્ષ.
અનુકૂલ પ્રતિકૂલ જગતનો સ્પર્શ.

એક આંખ જોઈ રહે આકાશનું રૂપ,
બીજી ધરાકૂપ.
એક કર
તત્પર ઉઠાવવા છે જિન્દગીનો બોજ
નિવૃત્તિની માગણી બીજો કરે છે રોજ.

તડકા ગમે ને ગમે છાયા,
ઓછીવત્તી થાય પણ મટે નહિ માયા.
પ્રગતિ ને અવગતિ
પ્રવૃત્તિ ને નિવૃત્તિ
તૃષા અને તૃપ્તિ
સ્થિર નહિ કશાયમાં વૃત્તિ.

આજે આડત્રીસ!
ચારે બાજુ જીવનની ભીંસ;
શકરાની સિસોટી ને ચકલીની ચીસ.
મઝધારે તરી
પાછો જાઉં ફરી!?
નહીં, નહીં, સામે પાર
થોડોક તો વહી જાઉં કલેશાપન્ન
આ ધરાનો ભાર.

જયન્ત પાઠક

'સ્પુટ્નિક'ના શ્વાનને

· મિશ્ર ·

હે શ્વાન! તારાં બહુમૂલ્ય સ્પંદન
ગણ્યા કરે જ્ઞાનીજનો(!) સકૌતુક!
પરંતુ તું અજ્ઞ, અરે! વિચિત્રતા—
અબોધને જ્ઞાનતણી શી મિત્રતા!

નથી તને કૈં ઉરમાંહી ખેદ કે
દઢાયલી રજ્જુ શરીર-ટેવની
જડત્વ પ્રેરે! ઇતિહાસને પટ
નિમિત્ત તું કેવલ જ્ઞાન–કલ્પનો.

આકાશની ભોમ ભલે વિરાટ
બની જશે માનવ-નાવ-ઘાટ,
થાણાં હશે માનુષ ચન્દ્ર-મંગલ-
વિજ્ઞાનીનાં અદ્દભુત સ્વપ્નદંગલ
મચે અહીં; રે, પણ કલ્પું ન્યારો
આજે કશો અદ્ધર વાસ તારો!
આજે કશો અદ્ધર શ્વાસ તારો!

વ્રજલાલ દવે

લાઈકાને

· મિશ્ર ·

પૃથ્વીપટે આ, પશુ કૈં પ્રતિક્ષણ
મરે ન જેની પરવા ય કોઇને;
પશુ જ કાં? માનવમૃત્યુને સમે
સંબંધી લૂછે દગ, અન્ય નિશ્ચલ.

તું શ્વાન, તારું ક્રિન કૈંક પૂર્વે
અસ્તિત્વ વિશ્વે હજી તો પ્રમાણ્યું,
ત્યાં મોત તારું, પણ આભ આખું
શોકે ઊંડા માનવજાતના ભર્યું!

તું શ્વાન? ના, ગૂઢ રહસ્ય વ્યોમના
ઉકેલવા માનવ કૈં યુગો થકી
મથી રહ્યા દૈ બલિ જિંદગી તણા
ને તો ય પામ્યા ન રહસ્ય પૂરાં.

પ્રતીક તું પૌરુષ કેરું એમના,
નિઃશ્વાસ તેથી–મરતાં તું–વિશ્વમાં.

જશવંત લ. દેસાઈ

જિંદગી

· વ્યસ્ત હરિગીત ·

જિન્દગી સૉનેટ જેવી જોઇએ:
ટૂંકી છતાં દઢબંધ;
મુક્ત, પણ ના વ્યસ્ત હોયે છંદ;
ઊર્મિ કે ચિન્તનસભર, સંયત પરંતુ જોઇએ!
પંક્તિઓને પ્રાસ હો કે પ્રાસની હો ખોટ
પણ અંતમાં આવે જ આવે ચોટ!

જયન્ત પાઠક

જિંદગીનું ગણિત

સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર,
બાદબાકી બૂરાઈની, ભ્રમનો ભાગાકાર.

જયન્ત પાઠક

કવિતા અનિયતકાલિક પ્રકાશન શ્રેણીના મણકા ૮ અને ૯ બહાર પડી ચૂકયા છે. આગલા પૈકી ૪થો અને ૭મો એ બે મણકા જ હાલ બચતમાં છે.

જે સંગીતકળા એક કાળે માત્ર કાવ્ય-નાટક-ચેટકમાં ટેકા રૂપ ને પરોપજીવી ગણાતી તેને એ હીન સ્થાનેથી ઊંચકીને એક સ્વયંપર્યાપ્ત કળાને માનસ્થાને તેનો અભિષેક કરનાર



મન બહેલાવવા માટે ચારપાંચ ટુચકા કે ટોળ મળી જાય, તેમ કાનને ગમે એવાં ગીત કે હલક કોઈ સંભળાવી દે એટલે કામ પત્યું, આવો અર્થ સાધારણરીતે આપણે સંગીતનો કરીએ છીએ. એમાં આપણો વાંક નથી. સંગીતને આજે આપણે એ જ રીતે જીવનમાં લેખવ્યું છે. પશ્ચિમમાં યે એક કાળે ખુદ સાહિત્યવર્તુળોમાં પણ એમ જ મનાતું કે સંગીત એટલે મન બહેલાવવાને કે નાટકકાવ્ય સાથે યોજવાને સાધનરૂપ બની શકતી એક પરોપજીવી કળા!

આ માન્યતાને નિર્મૂળ કરનાર એક ધુરંધર સંગીતકાર જર્મનીમાં પાકચો. તેણે દુનિયાને પ્રતીતિ કરાવી કે સંગીત એ એવી એક સ્વયંભૂ તથા સ્વયંપર્યાપ્ત કળા છે, જે પાર્થિવ તત્ત્વોની આશ્રિત તો નથી જ, બલ્કે પાર્થિવ તત્ત્વોને પ્રેરિત કરીને દોરનારી આત્માની સહચરી છે. આટલું જ નહિ, પણ આ આદર્શને જીવનભર આત્મસાત કરીને તેણે તેનું મૂર્ત સ્વરૂપ વિશ્વ સમક્ષ રજૂ કરી આપ્યું. સંગીતને તેણે નિમ્નતમ સ્થાનેથી ઊંચકી ઉચ્ચતમ સ્થાને તેનો અભિષેક કર્યો.

સંગીતના એ મહાન જોગંધરની ૧૩૦મી મૃત્યુતિથિ, ગઈ ૨૬મી માર્ચે નીંગળતા ભક્તિભાવભરી અંજલિઓની એના પર વર્ષા કરીને દુનિયાએ મનાવી. વિશ્વને માટે અશ્રુતપૂર્વ એવા દઢતર, સમૃદ્ધતર અને સુંદરતર સંગીતમાં વિરલ અને અપાર્થિવ વિષયો દ્વારા આત્માની પુકારને સૂત્રસ્થ કરનાર તે હતો ઉદગ્ર તિતિક્ષા અને અપ્રતિમ પ્રતિભાના ઓજસથી સંપન્ન, સ્વરોનો મહાકવિ, લડ્વિગ વાન બેટોવન.

કદાચ આ દશ્ય કોઈ સાચું ન માને : ત્રણ વર્ષનો એક બાળક ઘરખૂણે બેઠોબેઠો હાર્પિશૉર્ડ (પિયાનો કરતાં યે અઘરું વાદ્ય) વગાડી રહ્યો છે! પડખે જ, રાજસભાનો ગાયક એનો પિતા ઊભો છે. આ સંગીતકાર બાળક લડ્વિગ ચાર વર્ષની વયે તો પોતાની ત્રણ વિશિષ્ટ 'સૉનાટા' રચે છે!

કોલોન પરગણાના આર્કબિશપ-ઇલેક્ટર (ધર્મનો વડો ને જર્મનીનો સમ્રાટ ચૂંટાવાને અધિકારી રાજકુમાર)ના દરબારી ગાયક એના પિતા યોહાને (જૉને) એની સંગીતપ્રતિભાને પહેલેથી જ ઓળખી હતી. એટલે જ હાથમાં દડો લઇને ઘરના એક ઓરડામાંથી બીજા ઓરડામાં ફેંકીને રમવાની લડ્વિગની વયે એના હાથમાં તે ફિડલ, વાયોલિન, હાર્પિશૉર્ડ વગેરે પકડાવતો. જોકે સાથોસાથ એનો આ પિતા ઘણો અભિમાની ને અલ્લડ સ્વભાવનો પણ હતો. દિવસરાત, કલાકોના કલાકો સુધી તે લડ્વિગને વાદ્યો સાથે ગોંધી રાખતો. પણ તેની માતા ઘણી પ્રેમાળ હતી. તે એક રસોયાની પુત્રી હતી. લડ્વિગનું સંગીતકૌશલ કંઈક અંશે તેના પિતાના, તો સંગીત જીરવવાની તેની તત્પરતા એ તેની પ્રેમાળ ને મહેનતુ માતાના વારસાને આભારી હોય.

આ દંપતીને ત્યાં જર્મનીના એક પ્રાંત પ્રશિયામાં, ર્હાઇન નદીને કાંઠે આવેલા મહાનગર બૉનમાં, ઈ. ૧૭૭૦ની ૧૬મી ડિસેમ્બરે તેનો જન્મ થયો. માતાનું નામ મૅગ્ડેલિના લીમ. તે યોહાનની બીજી વારની પત્ની હતી. લડ્વિગનો દાદો પણ સંમાનિત સંગીતકાર હતો. શાળાશિક્ષણમાં લડ્વિગના સદાના દબાએલા આત્માને આનંદ જણાયો નહિ, ને એણે એ લીધું પણ નહિવત્—થોડું લખતાં-વાંચતાં ને ગણતાં આવડે, તથા ચિઠ્ઠી લખવા પૂરતું લૅટિન આવડે એટલું જ. લડ્વિગની નવ વર્ષની વયે એના પિતાએ એને કહ્યું : 'જેટલું સંગીત હું જાણું છું એટલું તને શિખવાડી દીધું છે. ખંતીલો બન. તારું એ જીવનકાર્ય છે.' જોકે લડ્વિગનો સંગીતપ્યાસો જીવ આ શબ્દોથી સંતોષાયો નહિ. પછીનાં વર્ષોમાં તેણે દરબારી વાદ્યકાર વાન ડેન ઈડન અને બાદ તેના ઉત્તરાધિકારી ક્રિશ્ચન નીફ પાસે તાલીમ લીધી.

બાર વર્ષની વયે તે સહાયક વાદ્યકાર બન્યો તે પહેલાં ત્રણ વર્ષે નવ વર્ષની વયે લડ્વિગે નવ સ્વરાન્તરો પર એક પુસ્તક બહાર પાડેલું! પહેલાં તો આ બંને કામ તે પૈસા લીધા વિના કરતો. તેની બાળવય-

[illegible] ('કુમાર' અંક ૪૦૮)

ની ચડતી જોઈને દરબારી વર્તુળોમાં ઈર્ષ્યાનાં તાંડવ ખેલાતાં. ત્યાં તેના ભાઇઓમાંથી એકનું અવસાન થયું. ઘરમાં પૈસાટકાની ખેંચ એ કાંઈ નવી નવાઇની વસ્તુ ન હતી, પિતા યૉહાનનો અવાજ લથડી ગયો હતો, એટલે પૈસાની આવકનું એ એકમાત્ર પ્રવેશદ્વાર ક્યારનું યે બિડાઈ ગયું હતું. ત્યાં ઓછામાં પૂરું યૉહાને ઢીંચવાનું શરૂ કર્યું.

આ અગ્નિપરીક્ષા વેળાએ લડ્વિગે પોતાની સંગીતની તપસ્યા અનેકાનેકગણી વધારી દીધી. નવરો પડે ત્યારે મગજમાં ઘૂમી રહેલી સંગીતની તરંગમાળાને ગોઠણ પર નોંધવહી ટેકવી તેમાં ચીવટથી ટપકાવી લે. સાંસારિક ઉપાધિઓનું આશ્વાસન તે પ્રકૃતિને ખોળે જઈ મેળવી લેતો. ર્હાઈન નદીને તીરે મન આનંદથી ભરાઈ જાય ત્યાં લગી એ ખેલતો, નદીના વહ્યે જતા સ્રોતને નિહાળતો. વૃદ્ધ વયે બેટોવન ર્હાઈનને કાંઠે આવેલા બાળપણના સાથી આ પર્વતોને બહુ યાદ કરતો. વાતવાતમાં તેનો ઉલ્લેખ કરતાં એની આંખોમાં ઝળઝળિયાં આવી જતાં.

તેની સત્તર વર્ષની વયે તેની વહાલસોયી માતાનું અવસાન થયું. અનેક વાર બાપને પીધેલી હાલતમાં પોલીસોના હાથમાંથી તેણે છોડાવેલો. ૧૭૮૪માં મૅક્સ ફ્રાન્સ ઇલેક્ટર બન્યો તેણે લડ્વિગની પિયાનો પરની અદ્ભુત પ્રતિભાની કદર કરીને ૧૫૦ ફ્લૉરિનના દરમાયા સાથે દરબારનો બીજો વાદ્યકાર નીમ્યો. સાથેસાથે તેની સંગીતતિતિક્ષા તો ચાલુ જ હતી. હવે સંગીતની કોઈ પણ જાણકાર વ્યક્તિ મળી જાય તો તેની પાસે લડ્વિગ દોડી જતો અને તેનો પૂરો લાભ લેતો. ચાર વર્ષ તે વાદ્યકારના હોદ્દા પર રહ્યો. આકરી મહેનત અને ખંતપૂર્વક નિયમિત પાઠ તૈયાર કરીને તે વિદ્યાશિક્ષણ આપતો. ૧૭૮૯માં તેનો બાપ ગેરવર્તણૂકને કારણે નોકરીમાંથી બરતરફ થયો અને ૧૯ વર્ષના દૂધમલ જુવાન લડ્વિગ પર તેના બહોળા કુટુંબની અર્થધુરા આવી પડી. દરમ્યાન એક વાર ઈલેક્ટરે બેટોવનને તેના ભેગા થએલા સ્વજનો વચ્ચે જાહેર કરેલું : 'દારૂના કરવેરાને સૌથી મોટી ખોટ પડી છે!' લડ્વિગના પિતા યૉહાન બેટોવનનું અવસાન થયું હતું.

૧૭૮૭માં બેટોવન પહેલી વાર કળાધામ વિયેના ગયો ત્યારે સંગીતસ્વામી મોત્સાર્ટ પાસે તેણે વાદ્ય અજમાવવાની ઈચ્છા વ્યક્ત કરેલી. તેના વાદ્યપરના સ્વર મોત્સાર્ટ(Mozart)ના કાને પડચા ન પડચા ત્યાં તે પોતાના મિત્રોનું ધ્યાન ખેંચતાં બોલી ઊઠેલો : 'આને બરાબર

એણે ઉદગ્ર તિતિક્ષા અને અપ્રતિમ પ્રતિભા વડે વિરલ અને અપાર્થિવ વિષયો દ્વારા અશ્રુતપૂર્વ સંગીતમાં આત્માની પુકારને સૂત્રસ્થ કરી



જેની ૧૩૦મી સંવત્સરી આ વર્ષ ઊજવાઈ એના Beethoven એ નામાક્ષરોને અન્વયે કેટલાક 'બીથોવન' ઉચ્ચાર કરે છે તે બરોબર નથી.

સ્વરોના મહાકવિ સંગીતધુરંધર બિટોવન

સાંભળજો. એક વાર એ આખી દુનિયાને માથે લેશે.' પછી મોત્સાર્ટ પાસે તેણે થોડું સંગીતશિક્ષણ લીધું.

મહાન ને માયાળુ સંગીતકાર હાઈડને બૉનની મુલાકાત લીધી ત્યારે તેણે બાવીસ વર્ષના બિટોવનનું પણ સંગીત સાંભળ્યું, જે તેને એટલું તો જચી ગયું કે તેણે ઇલેક્ટરને બિટોવાન માટે ખાસ ભલામણ કરી. કદરદાન ઇલેક્ટરે બિટોવનને વિયેના જઈ સવિશેષ સંગીતજ્ઞાન મેળવવા સવેતન વ્યવસ્થા કરી આપી. જોકે આ વેતન બિટોવનના બહોળા કુટુંબના ભરણપોષણ માટે અપૂરતું જ હતું. ૧૭૯૨માં ૨૧ની વયે વેનિસ જઈ તેણે હાઈડનના હાથ નીચે એક સાલ સંગીતશિક્ષણ લીધું. તેના ભાઇઓ પણ વેનિસમાં જ રહેતા એટલે વેનિસમાં તેણે પોતાનું નિવાસસ્થાન કર્યું. ૧૭૯૫માં તેણે પિયાનોવાદક તરીકે કારકિર્દી આરંભી, અને પોતાના 'કૉન્સેર્ટો ઈન સી મેજર' દ્વારા વાયુવેગે કીર્તિ સંપાદન કરી. સંગીતશિક્ષક તરીકે પણ તે પ્રખ્યાત બન્યો. ઉમરાવો તથા ધનિકોની તેના તરફ સહાનુભૂતિ રહેતી. વિયેનાનાં આ પાંચ વર્ષ એ તેના જીવનનો સૌથી સુખી સમય હતો.

પણ દરમ્યાન તેના આંતરિક જીવનમાં ભીષણ પરિવર્તન આવતું જતું હતું. આજ સુધી તે સૌની આંખમાં નરમ ને આજ્ઞાકારી જણાતો. પરંતુ તે નરમાશ ને આજ્ઞાકારિતા તેના માથે જન્મથી ઠોકી બેસાડવામાં આવી હતી, તેની હરેક સાહજિક વૃત્તિને આજ સુધી કચડી રાખવામાં આવી હતી. એથી હો કે તેની સ્વાયત્ત વિચારસરણીને કારણે હો, પણ હવે તે ચીડિયો, અથરો ને ઉધ્ધમાતિયો બની ગયો હતો. તેની રહેણીકરણી પણ સાવ બદલાઈ ગઈ હતી. અલબત્ત તેની સંગીતભક્તિ અક્ષુણ્ણ અને અકલુષિત રહી. વગાડતી વખતે બારીઓ જો ખુલ્લી હોય તો એ બંધ કરાવડાવતો અને બંધ હોય તો ખોલી નંખાવતો! ઘડી પિયાનોનો તો ઘડી ગજનો વાંક કાઢતો. હાઈડનનાં (અનુ. પૃ. ૫૭૨મે)



← બિટોવનનું મકાન



→ બિટોવન તરુણ વયે

જાનવર



લેખક
ચંદ્રકાન્ત બક્ષી

ઑફિસમાંથી વહેલો છૂટીને દિલીપ નીચે ઊતરી આવ્યો. આજુબાજુની ઑફિસો હજી ચાલુ હતી. અને જ્યારે ખાલી ડબલ ડેકર એક ધક્કા સાથે ઊભી રહી ત્યારે એ તરત ચડી ગયો... ઘેર જવાની ઉતાવળ હતી: આઠ દિવસ પર પરણેલી શીલા હજી ઇંતેજારીમાં તૈયાર થતી હશે અને...

બસ ઊપડી. આંખો સામેથી થોડાં રંગીન સ્કર્ટ પસાર થઈ ગયાં અને દિલીપના વિચારોમાં ખલેલ પાડ્યા વિના અદૃશ્ય થઈ ગયાં. શીલા ઘેર હશે, ટાઈમપીસની સામે જોતી એના લુખ્ખા વાળ ઓળતી હશે, એની હથેળીમાં થોડું પાણી લઇને વાળ પર ફેરવી લેતી હશે...

દિલીપ કહેતો, 'વાળમાં પાણી ન નાખ! શરદી થશે.'

શીલા સમજાવતી, 'તેલ નાખવાથી વાળ ચોંટી જાય છે એટલે ફાવતું નથી. પાણીથી તો વાળ ચોંટીને ફરી સુકાઈ જાય છે.'

દિલીપ જોઈ રહેતો—સમજ્યા વિના; પણ વધુ બોલી શકતો નહિ.

બસ ઊભી રહી: ધોબી તળાવ. જાળીવાળું બ્લાઉઝ પહેરેલી લાલ-લાલ હોઠવાળી એક સિંધી સ્ત્રી ઊતરી ને દિલીપને શીલાના હોઠ યાદ આવી ગયા. શીલા પણ સખત લિપસ્ટિક લગાવતી તે પછી ભીના નૅપકીન પર હોઠ દબાવતી પૂછતી, 'મારી લિપસ્ટિક ડાર્ક થઈ ગઈ છે?'

'ચાલ, હવે બહુ નખરાં નહિ કર.'

'બોલ ને!'

'બરાબર છે.' દિલીપ કહેતો...અને ચશ્માંના કાચ રૂમાલથી સાફ કરતો બારી બહાર નજર નાખતો.

ઑફિસ આજે એક કલાક વહેલી બંધ થઈ ગઈ હતી. ડાયરેક્ટરનો...કોણ...મરી ગયો હતો? દિલીપે યાદ કરવા માંડ્યું. પેલો કાળો ટાઇપિસ્ટ લોબો ખબર આપી ગયો હતો. સરસ થયું: આજ ૨૫મી જાન્યુઆરી હતી, અને કાલે તો રજા હતી જ. દિલીપને થયું જાણે પોતે શીલાનો ગરમ શ્વાસ પોતાના ગાલ પર અનુભવી રહ્યો હતો...

શીલા સરસ છોકરી હતી. દિલીપે એને પહેલી જોઈ ત્યારે લાગેલું કે એના હાસ્યમાં દુ:ખની એક ઝલક છે. એ સફેદ, ઝાંખાં રંગીન કપડાં પહેરતી, પણ હોઠ પર ઘેરી લિપસ્ટિક લગાવતી. પહેલી વાર જોઇને જ દિલીપને થઈ ગએલું કે પોતે એને જ પરણવાનો. ને જ્યારે એણે કહેલું કે મને 'ડાર્ક' છોકરીઓ ગમે છે ત્યારે શીલા ચમકી ગએલી: 'કેમ?'

'મને સફેદ ગુજરાતી છોકરીઓ ગમતી નથી.'

'કારણ?'

'સફેદ છોકરીઓ ઠંડી હોય છે.'

શીલા જવાબ સાંભળીને હસેલી—દુ:ખથી.

ઘરનો સ્ટૉપ આવતાં દિલીપ ઊતરી ગયો. ઝપાટામાં પગથિયાં ચડીને એણે દરવાજામાં ચાવી લગાવી. હલકે હાથ દરવાજો ખોલ્યો 'ને દિલીપે અવાજ કર્યા વિના પ્રવેશ કર્યો. ઘરમાં શાંતિ હતી. પોતાના રબરના સોલ પણ અવાજ ન કરી જાય એવી સંભાળ રાખીને એ આગળ વધ્યો: શીલા શું કરતી હશે? કદાચ પથારીમાં પડી હશે; મારો અવાજ સાંભળીને પડખું ફેરવશે; અને એનો ગાલ લાલ થઈ ગયો હશે અને વાળની થોડી લટો તકિયા ઉપર દબાઈને ગાલ પર ચોંટી ગઈ હશે; કદાચ એ આયનામાં જોતી વાળ સમારતી હશે, અને...

દિલીપ ઊમરા ઉપર જ ઊભો રહી ગયો! સામે એક ઘીનો દીવો બળતો હતો. શીલા માથું નમાવીને પૂજા કરી રહી હતી. દિલીપ એક ક્ષણ હસી ગયો: શીલા—ને વળી પૂજા કરતી હતી! એણે દરવાજાની આડમાં ઊભાઊભા જોયા કર્યું. થોડી વારે શીલા ઊભી થઈ ગઈ. દિલીપ ખસીને ખુરશી પર બેસી ગયો. બારણામાં આવતાં જ એ બોલી ઊઠી: 'અરે! આટલો વહેલો કેવી રીતે આવી ગયો?'

'આજે કોઈ મરી ગયું હતું, એટલે ઑફિસ વહેલી બંધ થઈ ગઈ હતી.'

શીલા હસી: 'સરસ!'

'શું કરતી હતી?' દિલીપે પૂછ્યું—પ્રયત્ન વિના.

'કંઈ નહિ.'

'પૂજા કરતી હતી?'...શીલા જોઈ રહી: 'કેમ?'

'મને ખબર પડી ગઈ.'

શીલા હસી—દુ:ખથી: 'હા, કોઈ કોઈ વાર હું પૂજા કરું છું.'

'બાને ત્યાં પણ કરતી હતી?'

'હા; કોઈ કોઈ વાર.' જવાબ આપીને શીલા અંદર ચાલી ગઈ. દિલીપ તેના બ્લાઉઝની આરપાર દેખાતી બ્રેઝીઅર તરફ જોતો રહ્યો.

શીલા હતી પ્રેમાળ છોકરી. એનામાં ખાસ ખૂબસૂરતી ન હતી, પણ એક જલદ આકર્ષણ હતું. નાઈટ-લૅમ્પના ઝાંખા પ્રકાશમાં, થાકીને સૂતેલા એના શરીરની કલ્પના માત્ર દિલીપના દિલમાં ઠંડી ધ્રુજારી પેદા કરી દેતી...શીલા પ્રેમાળ હતી, પણ એ દિલ ફાડીને પ્રેમ કરતી ન હતી. દિલીપને પોતાના વિચાર પર હસવું આવ્યું—આઠ દિવસમાં કેમ ખબર પડે કે એક છોકરી પ્રેમ કરે છે કે નહિ? કેમ ખબર ન પડે? દિલીપના મગજમાં વિચારોની કશ્મકશ ચાલી. શીલાના પ્રેમમાં થકાવટ હતી, તરત ખરીને હસી રહેલાં ફૂલો જેવી ફિક્કી તાઝગી હતી...એના પ્યારમાં ફરજનું અદૃશ્ય વજન હતું, કંઈક અંશે સ્વીકાર કરી લીધેલી કોઈ ભૂલને સુધારી લેવાની નિષ્ઠા હતી...પણ એ મહોબ્બત ન હતી.

દિલીપ ઊઠ્યો; અને એણે જોયું કે શીલાએ ઘીનો દીવો ખસેડી લીધો હતો. સામેની દીવાલ પર પંખાની હવામાં દૈનિક કૅલેન્ડરનું ૨૫મી જાન્યુઆરીનું પત્તું ફરફરી રહ્યું હતું.... ૨૫મી જાન્યુઆરી—!

શીલાએ આંખો ચોળીને બહાર જોયું ત્યારે મોસમનો પહેલો વરસાદ પડી રહ્યો હતો અને બારીમાંથી આવતી હવામાં ઠંડી ખુશ્બૂ હતી. ઘડિયાળમાં બપોરના સાડા ત્રણ થયા હતા, અને બહારની દીવાલ પર જ્યાં તડકો નમી જતો ત્યાં અત્યારે પાણીની વાછંટને લીધે ભીના ધબ્બા પડી ગયા હતા. શીલાએ સાડીના છેડાથી ચશ્માં લૂછીને પહેર્યાં અને બારી બહાર જોયું: નીચે પાર્ક કરેલી મોટરોના બંધ કાચ પર જોરથી પાણીના રેલા ઊતરી રહ્યા હતા અને સડકને બંને કિનારે ગંદું પાણી જામી ગયું હતું. દીવાલ પરના કૅલેન્ડરના બુદ્ધના ચિત્ર પર થોડી ધૂળ જામી ગઈ હતી અને ૨૫મી જુલાઈનું પત્તું હવે સ્થિર દેખાતું હતું...

'બહેન!'...શીલાએ પાછળ જોયું. નોકર રામુ એક કવર લઇને ઊભો હતો. શીલાએ કવર હાથમાં લઇને ફાડ્યું અને કાગળ જોઇને એના ધબકારા વધી ગયા. એણે રામુને ચાલ્યા જવાનો ઇશારો કર્યો.

પત્ર રાજસ્થાનના બીઆવર ગામથી આવ્યો હતો—સરોજ મહેતાનો; ઘણા દિવસે. શીલાના વિચારો ઝડપથી વહ્યા, તૂટી ગયા, ફરી વહ્યા. મુશ્કેલીથી દબાવી રાખેલો ભૂતકાળ ભડકી ઊઠયો. પત્ર વાંચવા માંડયો:

"પ્રિય શીલા,

ઘણા દિવસે તને પત્ર લખી રહી છું. એમ ન સમજતી હું તને ભૂલી ગઈ છું. તારી તબિયત સારી હશે. હું સ્વસ્થ છું.

તારા લગ્નના સમાચાર મને બહુ મોડા મળ્યા. માફ કરજે, હું તને પત્ર લખી શકી નહિ. વધુ નહિ લખું. તું અને તારા પતિ બંને આનંદમાં જીવન ગુજારતાં હશો. ઇચ્છું છું, તમારું લગ્નજીવન સુખી રહે.

કોઈ વાર ફુરસદે, નિરાશાની પળોમાં દૂરની આ 'દોસ્ત'ને યાદ કરતી રહેજે.

—સપ્રેમ સરોજ"

સરોજના પત્રે એનું મનઃચિત્ર ખડું કરી દીધું. એ સીનિયર બી.એ.માં હતી. સરસ સરળ છોકરી હતી. મુંબાઈથી બીઆવર ગઈ ત્યારે નિયમિત પત્રો લખતી. પછી એકાએક અટકી ગએલી. ખબર નહિ શું કારણ હતું. આજે ઘણા દિવસે એનો પત્ર આવી ગયો. લગ્નની આગલી રાતે જ શીલાએ બધા પત્રો ફાડીને ફેંકી દીધા હતા. બધા જ પત્રો......

અને સરોજ વીરેન્દ્રની સગી બહેન હતી. એક વાર વીરેન્દ્રની સાથે 'સ્ટ્રૅન્ડ'માં પિક્ચર જોવા પણ આવી હતી...અને એક વખત 'કફ પૅરેડ' પર અકસ્માત પોતાને અને વીરેન્દ્રને મળી પણ ગઈ હતી.

બહાર વરસાદનું જોર વધ્યું. વરંડાની બારી પાછળથી કોઈ કબૂતરની ભીની પાંખોનો ઠંડો ફફડાટ આવ્યો અને ફૂંકાતા પવનના અવાજમાં ડૂબી ગયો. શીલાએ સામે જોયું. પાણીની વાછંટ વરંડાની ખુલ્લી ફરસને ભીંજવી રહી હતી. એ બારી બંધ કરવા ઊભી થઈ શકી નહિ...

શીલાને વીરેન્દ્રનું નાનું પાતળું શરીર યાદ આવ્યું, જ્યારે એ મિડલ સ્કૂલમાં ભણતો. તે નીચે ગોળીઓ રમતો, પાનવાળાની દુકાને ઝગડો કરતો, શીલા પોતાની બારીમાં ઊભી ઊભી એને રમતો જોતી. જ્યારે વીરેન્દ્ર ઉપર જોતો ત્યારે શીલા જીભ કાઢીને અંદર આવી જતી!

હાઈસ્કૂલમાં વધેલો પરિચય કૉલેજમાં પ્રેમનું સ્વરૂપ લઈ ચૂકયો ત્યારે શીલાને ખબર પડી કે એની જિંદગીમાં એક ક્રાંતિકારી ફેરફાર આવી ગયો હતો. વીરેન્દ્રને રંગીન કપડાં ગમતાં અને એ રંગીન કપડાં પહેરતી. વીરેન્દ્રને હાર્કનેસ રોડ પર ફરવા જવાનું ગમતું અને એ બંને હાર્કનેસ રોડ પર જતાં—વરસાદ પડતો છતાં પણ. લીસા, ભીના પથ્થરો પર બેસીને એ બંને દરિયા સામે જોતાં, સાંજ નમતી, ખારો પવન જોરથી ફૂંકાતો, ડૂબતા પડછાયા અને શમી જતા પડઘાઓમાં થોડી ગુફ્તગૂ ચાલતી, એના ધ્રૂજતા હોઠ અને અંધકારમાં લપેટાએલા ભીના ગાલો પર 'વીરુ' ચુંબનો કરતો અને જિંદગીભર ચાહવાનાં વચનો આપતો...અને શીલાની છાતી હાંફતી...એ મહોબ્બત હતી.

દિવસો વહી ગયા. મુલાકાતોની ગરમી અસહ્ય થઈ ગઈ ત્યારે એક દિવસ વીરુએ શીલાને કહ્યું, 'આપણે જાન્યુઆરીમાં લગ્ન કરી લેવું છે.'

'કેમ?'

'બસ, હવે બહુ લંબાવવામાં મજા નથી...અને,' વીરુ હસ્યો, 'હું તારા વિના રહી શકીશ નહિ.' શીલા ચૂપ રહી. એણે વિચાર કરીને કહ્યું, 'મને લાગે છે, આપણે એકાદ વર્ષ થોભી જઇએ.'

'ના.'

'અચ્છા.'

'શું?' વીરુ સમજ્યો નહિ. શીલા ચમકી ગઈ. 'બરાબર છે, આપણે જાન્યુઆરીમાં પરણી જઇશું. મુરબ્બીઓ રજા આપે કે ન આપે તો પણ.'

ચોમાસું વીતી ગયું. વરસી ગએલાં કાળાં વાદળાંઓ પશ્ચિમ ઘાટની પાર ઊતરી ગયાં અને શિયાળો આવ્યો. વાયવ્યની હવામાં મુલાયમ ઠંડીની ચમક આવી. મરીન ડ્રાઇવ પર પરોઢિયે દોડતી ઘોડાગાડીઓના ભૂખ્યા ઘોડાઓની રેશમી પીઠના વાળ ધુમ્મસમાં ચોંટી જવા માંડયા...કુંવારી છોકરીઓના ગાલ ફાટવા માંડે એ મોસમ હતી.

વીરુને સાથળમાં એક નાની ફોલ્લી થઈ; છોલાઈ ગઇ; જરા પરુ થયું; એક નાનું ઑપરેશન પણ થઈ ગયું. શીલાએ ઑસ્પિટલમાં કહ્યું, 'આપણે જાન્યુઆરીના પહેલા જ અઠવાડિયામાં નહિ પરણી શકીએ.'

'છેલ્લામાં પરણશું.'

'નહિ, હવે બે મહિના બાદ.'

ઘેર આવ્યા બાદ ખબર પડી: સેપ્ટિક થઈ ગયું હતું...ફરી ઑસ્પિટલ. શીલાની થાકેલી આંખો મેડિકલ ડિક્શનરીમાંથી એક નવો શબ્દ શોધી રહી હતી: ઍબ્સેસ. ગભરાવા જેવું નથી, મિસ દ'ક્રુઝ કહેતી. એ અનુભવી નર્સ હતી. એની દૃષ્ટિએ એ સામાન્ય કેસ હતો.

એક રાતે એકાએક ખૂબ વરસાદ પડયો, શિયાળામાં ચોમાસાની યાદ અપાવી જાય એવો. શીલાને ઠંડી પથારીમાં પડયા પડયા હાર્કનેસ રોડની અંધારી હવાની ખુશ્બૂ આવી. બીજી સવારે વીરુના ચહેરા પર તાજગી દેખાતી હતી ને એના ગાલ પર ઠંડીની ચમકતી લાલાશ હતી. 'હવે મારી તબિયત બરાબર છે, થાક પણ ઓછો લાગે છે.' વીરુએ કહ્યું.

શીલાની આંખો ભીની થઇ ગઇ હતી. એ ખાસ કૈં જ બોલી ન શકી.

સાંજ ઢળી, રાત જામી, સવાર પડી. વીરુનો તાવ વધ્યો. દિવસભર ચાલ્યો. બીજે દિવસે બકવાટ થઈ ગયો, સાંજે પગ ઠરવા માંડયા, આંખોને ચહેરા ઓળખવામાં શ્રમ પડતો. રાતના અંધકારમાં આંખો નીચે કાળાં કૂંડાળાં ઘેરાયાં...ને બીજી સાંજે વીરુના હમેશ હસતા હોઠ ઠરીને કાળા પડી ગયા—આગમાં શેકાઇ ગએલા ભીના રબ્બર જેવા.

એ ૨૫મી જાન્યુઆરી હતી—વીરેન્દ્ર મહેતાની અવસાનતિથિ.

શીલાએ કાગળની ગડી વાળીને ટેબલના ખાનામાં પાથરેલા છાપા નીચે દબાવી દીધો. વીરુએ એને જિંદગીમાં પહેલી વાર પ્યાર આપ્યો હતો...અને કદાચ છેલ્લી વાર. જિંદગીમાં એક ઝંઝાવાત આવી ગયો. એણે પરણવાની ના પાડી દીધી. એ વીરુને હવે કદી ભૂલી શકે એમ ન હતું. એણે હાર્કનેસ રોડ જવાનું બંધ કર્યું, રંગીન કપડાં પહેરવાં બંધ કર્યાં, પણ વીરુના ઠરી ગએલા હોઠ ભૂલવાનું બંધ કરવું અશક્ય હતું.

જિંદગી ઠોકરો ખાતી, લંગડાતી જતી હતી, ત્યાં એક અકસ્માત થયો. દિલીપ એના જીવનમાં આવ્યો. એ વિચિત્ર છોકરો હતો: અ-સામાન્ય. એના વિચારો સીધા હતા, એનું શરીર સીધું હતું: શીલાના શબ્દોમાં 'જાનવર જેવું'! એનામાં એક ક્રૂર આકર્ષણ હતું.

શીલાએ દિલીપ સાથે લગ્ન કરી લીધું. એ વીરુ ન હતો, એનામાં વીરુના સંસ્કાર ન હતા, કદાચ વીરુના જેવું વિશાળ દિલ પણ ન હતું. —એનામાં વીરુના વ્યક્તિત્વનો અંશ માત્ર ન હતો. શીલાએ દિલીપને વીરુ વિષે કંઈ જ કહ્યું ન હતું...વીરુ ભુલાય એમ ન હતો; પણ એના ને દિલીપના સંબંધમાં શીલા વીરુને લાવવા માગતી ન હતી. જૂનાં ચુંબનો યાદ કરીને નવી ઇર્ષ્યા જલાવવી એ ડહાપણભર્યું ન હતું. અને દિલીપ જાનવર જેવો હતો, એનામાં વીરુના જેવું વિશાળ દિલ...

એક વાર દિલીપે પૂછેલું, 'શીલા, તેં કોઇ દિવસ જિંદગીમાં કોઇ છોકરા જોડે પ્યાર કર્યો છે?'

'ના.'

'ખરેખર?'

'હા, મેં કોઈ જોડે પ્યાર કર્યો નથી.'

બંને ચૂપ થઇ ગયાં. શીલાએ ધીરેથી પૂછ્યું, 'તેં પ્યાર કર્યો છે?'

દિલીપે કહ્યું, 'ના.'

'જુઠ્ઠું બોલે છે!'

'હા.'

'ક્યારે?'

'એક પૈસાદાર છોકરીને હું ચાહતો હતો.' દિલીપે આંખો મિલાવતાં કહ્યું, 'પછી મેં એને કહ્યું કે આપણે પરણી જઇએ.'

'પછી?' શીલાએ ધ્યાનથી સવાલ કર્યો.

'એણે ના પાડી દીધી!!' દિલીપ ખડખડાટ હસી પડચો.

શીલાને ખાતરી હતી કે દિલીપને પોતાના ને વીરુના સંબંધની ખબર ન હતી. ખબર પડવામાં ભય હતો: દિલીપ ઇર્ષ્યામાં જલી જાત, દુ:ખીદુ:ખી થઈ જાત...અને એની જિંદગીનું થોડું સુખ પણ ચાલ્યું જાત...અને એ 'જાનવર જેવો' તો હતો જ...

બહાર ખડખડાટ થયો. દિલીપ ઑફિસેથી આવી ગયો હતો. એકાએક શીલાના પેટની અંદરનું બચ્ચું ફરક્યું અને એના સ્થિર શરીરમાંથી માતૃત્વની એક હલકી ધ્રુજારી પસાર થઈ ગઈ. ઊમરા પાસે દિલીપ ઊભો હતો. એના બૂટનો પૉલિશ રસ્તાની ભીની ધૂળને લીધે ઝાંખો પડી ગયો હતો અને વાળ વરસાદની ભીનાશને લીધે બેસી ગયા હતા.

દિલીપ હસ્યો. શિકારે ઘાયલ કરેલા શિકારીની જેમ શીલા જોઈ રહી.

જુલાઇ ગયો અને ઑગસ્ટમાં આકાશ જોરથી વરસ્યું. ઑક્ટોબર-નવેમ્બરમાં ઠંડીની ચમક આવી ગઇ અને શીલાના ફૂલતા પેટની સુંવાળી ચામડી સખત થતી ગઈ. એ આયનામાં જોતી અને આંખો નીચેનો પસીનો લૂછતી વિચાર કરતી, આવનારા સંતાન વિષે. દિલીપ કહેતો, 'છોકરો આવશે.'

'પણ મારે પહેલી છોકરી જોઇએ છે.'

'કેમ?'

'બીજો છોકરો હશે તો ચાલશે,' શીલા કહેતી, 'પણ પહેલી તો છોકરી જ જોઇએ.'

દિલીપ હસતો. એને શ્રદ્ધા હતી કે છોકરો જ આવશે. અને એણે કહેલું, 'જો શીલા, છોકરી આવે તો તું નામ પાડજે—'

'—અને છોકરો આવે તો તું નામ પાડજે.' શીલાએ ઉમેરેલું.

ડિસેમ્બર આવતા શીલાનું પેટ ભર્યા કુંભ જેવું થઇ ગયું. એ આવનારા બચ્ચાનો વિચાર કરતી કંઈ ને કંઈ કામ શોધી કાઢતી ને સાંજ ઢળતી ત્યારે દિલીપની રાહ જોતી વરંડામાં બેસી રહેતી. કોઇ કોઈ વાર બંને ધીરેધીરે ફરવા જતાં અને ક્યાંક ચૂપચાપ બેસી જતાં.

એક વખત અનાયાસે શીલા અને દિલીપ હાર્કનેસ રોડ તરફ નીકળી ગયાં. તૂટેલા ખડકો હતા, દોડતી ભરતી હતી અને સાફ આકાશ હતું. દિલીપે કહ્યું, 'શીલા, તું થાકી ગઈ છે; આપણે અહીં જરા બેસી જઇએ.'

શીલાએ ના પાડવા છતાં દિલીપ બેસી ગયો. શીલા પણ બેસી ગઈ. એ ચૂપ હતી. વાતો ખૂલતી અને તરત બંધ થતી—તદ્દન પરિચય વિના મુલાકાત કરતાં છોકરા અને છોકરીની જેમ...

શીલાના દિમાગમાં વીરુના વિચારો ઊઠ્યા. સમુદ્રની હવામાં વીરુનો ગરમ શ્વાસ હતો, વીરુની આંખો, વીરુના પસીનામાં ભીંજાએલા ખભા, વીરુના જરા જરા વધી ગએલા નખ, વીરુના ફરકતા હોઠ...

શીલાની આંખો સામે વીરુના હોઠ બળેલા રબ્બરની જેમ કાળા પડી ગયા હતા...એણે એક નિસાસો મૂક્યો—મુકાઈ ગયો.

'કેમ? તબિયત ઠીક નથી?' દિલીપે પૂછ્યું.

શીલા જોઈ રહી. એ બોલી, 'ના.'

'ચાલ, ઘેર જઇએ.'

બંને ઊઠયાં. શીલાના મગજમાં એક તોફાન જાગ્યું. એને પ્રબળ ઇચ્છા થઈ આવી, દિલીપને બધું જ કહી દેવાની. દિલીપથી છુપાવવું એ મજાક હતી, ફરેબ હતો, બેવફાઈ હતી. એણે દિલીપને સાફસાફ બધું કહી દેવું જોઇએ. દિલીપ એનો પતિ હતો, એના આવનારા બાળકનો બાપ હતો, દિલીપને બધું જ જાણવાનો અધિકાર હતો.

શીલા વિચારી રહી. હાર્કનેસ રોડ પાછળ ડૂબી ગયો. દરિયાની ભરતીનો અવાજ પણ ડૂબી ગયો, પણ એ કંઈ જ બોલી શકી નહિ. જો દિલીપને ખબર પડી તો એને ભયંકર ચોટ લાગશે. એ પણ પુરુષ હતો, માણસ હતો. એણે ચૂપચાપ ચાલ્યા જતા દિલીપ સામે જોયું...

છતાં એ કંઈ જ બોલી શકી નહિ. દિલીપને દુ:ખી કરવાની હિંમત એનામાં ન હતી. ડિસેમ્બર નમ્યો. જાન્યુઆરી ગુજરતો ગયો તેમ તેમ શીલાના દિવસો પાસે આવતા ગયા.

૨૫મી જાન્યુઆરીની બપોરે દિલીપને ઑફિસમાં ખબર પડી કે શીલાને ઑસ્પિટલમાં ખસેડી છે. એ ઝપાટામાં ઑસ્પિટલે પહોંચ્યો. શીલાને વેણ ચાલુ હતી, પણ બચ્ચું આવવાને હજી વાર હતી...

સાંજ નમી ત્યારે ઑસ્પિટલની નર્સ મિસ સરૈયા બહાર આવીને બોલી: 'મિ. દિલીપ શાહ?'

'યેસ!' દિલીપ ઊભો થઈ ગયો.

મિસ સરૈયાએ હાથ લંબાવતાં કહ્યું, 'તમારી પત્નીએ છોકરાને જન્મ આપ્યો છે—સાત પાઉંડનો. અભિનંદન!...તમને થોડી મિનિટોમાં અંદર લઈ જાઉં છું.'

દિલીપે ખાટલા પાસે પડેલા પારણા પર ઓઢાડેલા મચ્છરદાનીના ટુકડાને ઉઠાવીને જોયું—એક બચ્ચું પડયું હતું. એની આંખો અને મુઠ્ઠીઓ બંધ હતી અને કપાળ પર સફાઈદાર ચમક હતી. એણે શીલા સામે જોયું અને એનું પિતૃત્વ હસી ઊઠયું.

'તું જીતી ગયો!' શીલાએ કહ્યું. એ ફિક્કી લાગી રહી હતી.

'હા, હવે નામ હું પાડીશ.'

'શું?'

'હું તો જરા જૂનાં જ નામો પસંદ કરું છું,' દિલીપે કહ્યું.

'નહિ; નામ તો સરસ જોઈએ.'

'અચ્છા, મેં શોધી રાખ્યુ છે, તને ગમશે.'

'બોલ'.

દિલીપે ચહેરો જરા પાસે લાવીને કહ્યું: 'વીરેન્દ્ર!'

શીલા ચમકી ગઇ! કરંટની જેમ એના મગજમાંથી 'વીરેન્દ્ર' શબ્દ પસાર થઈ ગયો. એકાએક એને વિચાર આવી ગયો કે આજે ૨૫મી જાન્યુઆરી હતી...અને એણે આંખો બંધ કરી દીધી.

એણે ધૂમિલ આંખોથી જોયું: દિલીપ હસી રહ્યો હતો.

'કેમ ચમકી ગઈ?'

શીલાએ દિલીપનું માથું હાથમાં લઇ લીધું. એ રડી પડી.

મિસ સરૈયા બારણું ખોલીને અંદર આવી અને ત્યાં જ અટકી ગઈ. દિલીપ શીલાની પીઠ પસવારતો કહી રહ્યો હતો: 'મને ખબર હતી શીલા, વીરુની અને તારી બધી જ વાતોની મને ખબર હતી—'

'—અને તેં મને કોઈ દિવસ એક સવાલ પણ પૂછ્યો નહિ?' શીલા પૂછી રહી હતી. એના ભીના ગાલ ચમકતા હતા.

'મને હતું કે હું પૂછીશ તો તને ભયંકર ચોટ લાગશે, તું કદાચ દુ:ખી દુ:ખી થઈ જઈશ. મારા દિલમાં ઘણા સવાલો ઊઠતા હતાં, પણ હું એ દબાવી દેતો હતો. તને દુ:ખી કરવાની મારામાં હિંમત જ ક્યાં હતી?...'

શીલાએ દિલીપના માથાને છાતીમાં દબાવી દીધું. એના ચહેરા પર સંતોષનું સ્મિત ઝલક્યું અને દિલીપના વાળમાં આંગળીઓ ફેરવતાં એનાથી કહેવાઇ ગયું: 'જાનવર!'


બંને હસ્યાં, ખડખડાટ—અને પારણામાંથી બચ્ચું રડી ઊઠયું.



ભારત-ગૌરવ

અસાધારણ સાંસ્કૃતિક સેવા વિશિષ્ટ સેવાકાર્ય, યુદ્ધમાં વિક્રમ વગેરે દ્વારા દેશને ગૌરવાન્વિત કરનારાઓની કદરશનાસી

હરેક દેશ પોતાના સુપુત્રોની કદર એક યા બીજી રીતે કરતો જ રહ્યો છે. બ્રિટિશ અમલ દરમ્યાન એ માટે જે માન-ચાંદ આપણે ત્યાં અપાતા તેની રસમ તથા ધ્યેય જુદાં હતાં. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ ભારતે હવે એ નવી પરિસ્થિતિના સંદર્ભમાં 'ચન્દ્રકો' અને 'ચક્રો' નિર્માણ કર્યાં છે, તેની વિગતોથી ઘણાખરા અનભિજ્ઞ છે. આ સાથે તેનાં ચિત્રો તથા સમજ આપ્યાં છે.



પદ્મવિભૂષણ પદ્મભૂષણ પદ્મશ્રી

યજ્ઞવેદીની આકૃતિમાં કમળ પુષ્પનાં નિરૂપણોનું વૈવિધ્ય ત્રણે ચન્દ્રકોને જુદા પાડે છે, તે ઉપરાંત તેના ઉપરની ફીતો પણ જુદી છે.

ભારતરત્ન

સર્વમાં શિરોમણિ જેવું ભારતનું સર્વશ્રેષ્ઠ પદક 'ભારતરત્ન' છે. કળા, સાહિત્ય અને વિજ્ઞાનની પ્રગતિ માટે કરેલા કોઈ અસાધારણ કાર્યની અથવા તો સર્વોચ્ચ કક્ષાની જાહેર સેવાની કદર તરીકે આ ચન્દ્રક અર્પણ કરવામાં આવે છે. એ ૨ ૫/૧૬ ઇંચ લાંબા, ૧ ૭/૮ ઇંચ પહોળા તથા ૧/૮ ઇંચ જાડા પીપળ-પાનના આકારમાં છે. તે મિશ્ર કાંસાનો બનેલો છે. એની સવળી બાજુએ સૂર્યની આકૃતિ નીચે હિન્દીમાં 'ભારતરત્ન' એવા શબ્દ ઉપસાવેલા છે. પાછલી બાજુએ ભારત રાજ્યના પ્રતીક અને મુદ્રાલેખ છે. રાજ્યચિહ્ન, સૂર્ય અને ચંદ્રકની ધાર પ્લૅટિનમનાં છે.

પદ્મવિભૂષણ

સરકારી કર્મચારીઓએ બજાવેલી તેમજ બીજા પણ કોઇ ક્ષેત્રમાંની 'અસાધારણ વિશિષ્ટ સેવા' માટે આ ચન્દ્રક અર્પણ કરવામાં આવે છે. એ ગોળાકૃતિ ચન્દ્રક ૧ ૩/૪ ઈંચ વ્યાસનો ને ૧/૮ ઈંચ જાડો છે. એની સવળી બાજુએ કમળનું પુષ્પ ઉપસાવેલું છે, જેની ઉપર હિન્દીમાં 'પદ્મ' અને નીચે 'વિભૂષણ' એવા શબ્દો છે. પાછલી બાજુએ રાજ્યચિહ્ન અને મુદ્રાલેખ છે. મિશ્ર કાંસાના બનેલા આ ચન્દ્રકની ધાર તેમજ બહુમાનના નામ સિવાય બન્ને બાજુ પરનાં તમામ ઉપસાવેલાં આલેખન 'વ્હાઇટ ગોલ્ડ'માં છે જ્યારે નામ 'ગિલ્ટ સિલ્વર'માં છે.

પદ્મભૂષણ


સરકારી કર્મચારીઓએ બજાવેલી તેમજ બીજા કોઇ પણ ક્ષેત્રમાંની 'ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા' માટે અર્પણ કરવામાં આવતા આ ચન્દ્રકની આકૃતિ પણ 'પદ્મવિભૂષણ' જેવી જ છે. એની ધાર, કાંગરી અને બન્ને બાજુ પરનાં તમામ ઉપસાવેલાં આલેખન 'સ્ટૅન્ડર્ડ ગોલ્ડ'માં છે, જ્યારે બહુમાનનું નામ 'ગિલ્ટ ગોલ્ડ'માં છે.

પદ્મશ્રી

સરકારી કર્મચારીઓએ બજાવેલી તેમજ બીજા કોઇ પણ ક્ષેત્રમાંની 'વિશિષ્ટ સેવા' માટે અર્પણ કરવામાં આવતા આ ચન્દ્રકની સવળી બાજુએ કમળ પુષ્પની ઉપર 'પદ્મ' અને નીચે 'શ્રી' એવા શબ્દો ઉપસાવેલા છે. બહુમાનના નામ સિવાય ચન્દ્રકની ધાર, કાંગરી અને બન્ને બાજુ પરનાં ઉપસાવેલાં આલેખન 'સ્ટેઇનલેસ સ્ટીલ'નાં હોય છે, જ્યારે બહુમાનનું નામ 'ગિલ્ટ સિલ્વર'માં છે. આકૃતિની બીજી વિગતો 'પદ્મવિભૂષણ'ના જેવી જ છે.

આ ચન્દ્રકો ઉપરાંત સંરક્ષણકાર્યમાં વીરતા કે યુદ્ધમાં વિક્રમ દાખવવા માટેના લશ્કરી ચન્દ્રકો 'પરમવીર ચક્ર', 'મહાવીર ચક્ર' અને 'અશોક ચક્ર'ની આકૃતિઓ આ પાનાની નીચેના ભાગમાં આપી છે.

ચાલુ વર્ષે આ ચન્દ્રકો અર્પણ કરવાનો વિધિ ગયા ઑક્ટોબરની ૨૯મીએ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હાથે થયેલો. તેમાં ૧ ભારતરત્ન, ૩ પદ્મવિભૂષણ, ૧૬ પદ્મભૂષણ અને ૧૬ પદ્મશ્રીની નવાજેશ થઈ હતી. એ બહુમાન મેળવનાર યશસ્વી વ્યક્તિઓ પૈકીની શક્ય તેટલીના સચિત્ર ને બાકીના અચિત્ર પરિચયો નીચે આપીએ છીએ.



યુદ્ધવિક્રમ કે વીરત્વ માટે અપાતા આ પાંચ ચન્દ્રકોમાં પહેલા બે (પરમવીર ચક્ર ને મહાવીર ચક્ર)ની આકૃતિઓ સરખી છે, પણ તેના ઉપરની ફીત પરથી તફાવત જણાઈ આવે. એ જ રીતે પછીના ત્રણ ચન્દ્રકો—અશોક ચક્ર પહેલું, બીજું ને ત્રીજું પણ તેની ફીત પરના આંકાઓથી ઓળખાય છે.



પં. ગોવિંદવલ્લભ પંત : ભારતરત્ન



શ્રી શ્રીપ્રકાશ : પદ્મવિભૂષણ



શ્રી મોતીલાલ સેતલવડ : પદ્મવિભૂષણ



શ્રી ઘનશ્યામ બિડલા : પદ્મવિભૂષણ



ડૉ. આબિદહુસેન : પદ્મભૂષણ



ડૉ. ભીખનલાલ અત્રેય : પદ્મભૂષણ



શ્રીમતી ટી. બાલાસરસ્વતી : પદ્મભૂષણ



શ્રીમતી લક્ષ્મીએન. મેનન : પદ્મભૂષણ

પંડિત ગોવિંદ વલ્લભ પંત (ભારતરત્ન): ભારતના આ ત્રયોવૃદ્ધ ગૃહપ્રધાન અને ઉચ્ચ કક્ષાના મુત્સદ્દી તો સર્વને એટલા સુપરિચિત છે કે તેમનો વધુ પરિચય આપવો બિનજરૂરી છે.

શ્રી શ્રીપ્રકાશ (પદ્મવિભૂષણ): આસામ, મદ્રાસ અને હાલ મુંબાઇના રાજ્યપાલ, ૬૭ વર્ષના શ્રી શ્રીપ્રકાશે આઝાદી પછી થોડા જ વખતમાં પાકિસ્તાનમાંના ભારતના હાઇ કમિશ્નર તરીકે અને પછી ૧૯૫૦-૫૧માં કેન્દ્રમાં વાણિજ્યપ્રધાન તરીકે કામ સંભાળ્યું હતું. તેઓ ઉત્તર પ્રદેશનાં જુદાંજુદાં અખબારો સાથે સંકળાએલા એક જાણીતા પત્રકાર પણ હતા. તેઓ શિક્ષણના વિષયમાં પણ રસ લેતા હોઇ ૧૯૧૪ થી '૧૭ સુધી બનારસ હિંદુ વિદ્યાપીઠ સાથે સંકળાએલા હતા.

શ્રી મોતીલાલ ચીમનલાલ સેતલવાડ (પદ્મવિભૂષણ): ભારતના ૭૩ વર્ષના આ ઍટર્ની જનરલ દેશસમસ્તના અગ્રગણ્ય (ગુજરાતી) ધારાશાસ્ત્રી છે. ૧૯૪૭થી સંયુક્ત રાષ્ટ્રોની મહાસમિતિમાં જતાં ભારતનાં જુદાંજુદાં પ્રતિનિધિમંડળોના સભ્ય (એકવાર તો નેતા) તરીકે પણ તેમણે સેવા બજાવી છે. ૧૯૪૮માં પણ તેઓ સલામતી સમિતિ માટેના કાશ્મીર પ્રતિનિધિમંડળના સભ્ય ને ૧૯૫૨માં નેતા હતા. હાલ તેઓ બીજી ફરજો ઉપરાંત ધારાપંચના વડા છે.

શ્રી ઘનશ્યામદાસ બિડલા (પદ્મવિભૂષણ): અગ્રગણ્ય ભારતીય ઉદ્યોગપતિ, ૬૩ વર્ષના શ્રી ઘનશ્યામદાસ બિડલાએ દેશના વિવિધ ભાગોમાં અનેક શૈક્ષણિક તેમજ જાહેર સંસ્થાઓ સ્થાપી છે, જેમાં અગ્રણી પીલાની ખાતેનું 'બિડલા એડ્યુકેશન ટ્રસ્ટ' છે. 'ફેડરેશન ઑવ ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી'ના તેમજ કલકત્તાના 'ઇન્ડિયન ચેમ્બર્સ ઑવ કૉમર્સ'ના તેઓ પ્રમુખ હતા.

ડૉ. આબિદ હુસેન (પદ્મભૂષણ): ૬૧ વર્ષના આ જાણીતા ઉર્દૂ લેખક, વિવેચનકાર અને શિક્ષણકારે જગતના મહાગ્રંથોનાં ભાષાંતરો દ્વારા ઉર્દૂ ભાષાને એક નવું જ પરિણામ આપ્યું છે. ત્રીસેક વર્ષથી તેઓ 'જામીઆ મીલીઆ ઇસ્લામીઆ'માં સાહિત્ય ને શિક્ષણના પ્રાધ્યાપક છે અને ભારતીય ભાષાપંચ પર પણ સેવા બજાવી છે. ભારતના શિક્ષણખાતાએ હિંદીમાં તૈયાર કરેલા પારિભાષિક શબ્દોના કાર્ય સાથે તેઓ સકળાએલા હોઇ એમણે અંગ્રેજી–ઉર્દૂ શબ્દકોષનું સંપાદન કર્યું છે.

ડૉ. ભીખનલાલ અત્રેય (પદ્મભૂષણ): ભારતીય તત્ત્વજ્ઞાનના એક શ્રેષ્ઠ વિદ્વાન તરીકે દેશપરદેશમાં જેમનો સ્વીકાર થયો છે તે, ૬૦ વર્ષના ડૉ. અત્રેયે ભારતીય ફિલસૂફી ને માનસશાસ્ત્રના ક્ષેત્રમાં મૌલિક તથા સંશોધન રૂપે નોંધપાત્ર ફાળો આપ્યો છે. ૧૯૩૯થી તેઓ બનારસ હિંદુ વિદ્યાપીઠમાં તત્ત્વજ્ઞાન વિભાગના વડા છે. છેલ્લાં વર્ષોમાં તેમણે ભારતીય તત્ત્વજ્ઞાન ને સંસ્કૃતિના પ્રવાસી-પ્રાધ્યાપક તરીકે સિયામ, ચીન, યુરોપ, અમેરિકા, બ્રહ્મદેશ, ઇન્ડોનેશિયા ને જાપાનનો પ્રવાસ કર્યો છે.

શ્રીમતી ટી. બાલાસરસ્વતી (પદ્મભૂષણ): ભરતનાટ્યમ્ નૃત્યપ્રકારનાં અગ્રગણ્ય કલાધર શ્રીમતી ટી. બાલાસરસ્વતી સર્જક નૃત્યકાર છે અને શ્રેષ્ઠ અભિનયનકાર હોવા ઉપરાંત ત્રિકાલતિરમાણ (પદ્યાપદ્યનું તાલબદ્ધ દર્શન) સંપૂર્ણ કલામય રીતે વ્યક્ત કરે છે. તેમના કાર્યક્રમો પ્રેક્ષકો પાસેથી માન માગી લે છે. તેઓ હાલ મદ્રાસ સંગીત અકાદમીના આશ્રયે એક નૃત્યશાળા ચલાવી રહ્યાં છે. તેઓ સંગીતકારોના એક મહાન કુટુંબમાંથી ઉતરી આવે છે અને વીણા ધનમ્મલનાં તેઓ પૌત્રી છે.

શ્રીમતી લક્ષ્મી એન. મેનન (પદ્મભૂષણ): ભારતના પરદેશખાતાનાં નાયબ મંત્રી શ્રીમતી મેનન ભારતમાં સ્ત્રીનો દરજ્જો ઊંચો લાવવાની પ્રવૃત્તિ સાથે સંકળાએલાં એક અગ્રણી સામાજિક કાર્યકર

ડૉ. રાધાકુમુદ મુખર્જી : પદ્મભૂષણ ઉસ્તાદ મુસ્તાકહુસેનખાં : પદ્મભૂષણ પં. શ્રીકૃષ્ણ રતનજનકર : પદ્મભૂષણ શ્રી બોશી સેન : પદ્મભૂષણ

શ્રી ના. સ્વામી ધર્મરાજન : પદ્મશ્રી શ્રી રામપ્રસાદ ગહલોત : પદ્મશ્રી મેજર જનરલ ગુરબક્ષસિંહ : પદ્મશ્રી શ્રી થક્કુનરેશ જગદીશન : પદ્મશ્રી

છે. પારીસ અને ન્યૂ યૉર્કમાં મળેલી સંયુક્ત રાષ્ટ્રોની મહાસમિતિની ત્રીજી અને પાંચમી બેઠકોમાં તેમણે વિકલ્પી પ્રતિનિધિ તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ઉપરાંત ૧૯૪૯ના મેથી ૧૯૫૦ના જુલાઈ સુધી યૂનો–સંયુક્ત રાષ્ટ્રો–ના સચિવાલયમાં સ્ત્રીઓના દરજ્જા માટેના વિભાગના વડા તરીકે પણ તેમણે કામ કરેલું.

ડૉ. રાધાકુમુદ મુખર્જી(પદ્મભૂષણ): લખનૌ વિદ્યાપીઠના ઇતિહાસના આ પ્રાધ્યાપક નામી ભારતીય ઇતિહાસકાર છે. તેમણે પ્રાચીન ભારત વિષે અનેક પુસ્તકો લખ્યાં છે અને ભારતમાં સ્વાતંત્ર્ય-સંગ્રામનો ઇતિહાસ લખવા માટે રચાએલી ઇતિહાસકારોની સમિતિના તેઓ વડા હતા. ઇતિહાસક્ષેત્રે તેમણે આપેલા ગણનાપાત્ર ફાળાની કદર તરીકે રાજ્યસભાના સભ્ય તરીકે પણ તેમની નિમણૂક કરવામાં આવેલી.

ઉસ્તાદ મુશ્તાકહુસેનખાં (પદ્મભૂષણ): હિંદુસ્તાની પદ્ધતિના કંઠ્ય સંગીત માટે સૌ પ્રથમ રાષ્ટ્રપતિ–પારિતોષિક મેળવનાર, ૭૫ વર્ષના વયોવૃદ્ધ મુસ્તાકહુસેનખાં સંગીતના આજીવન ઉપાસક છે અને પોતાની અદ્‌ભુત ફિરત તથા સ્વરની શુદ્ધિ માટે પ્રખ્યાત છે, અને 'ગ્વાલીઅર ગાયિકી' ખયાલ ગાનના તેઓ સાચા પ્રતિનિધિ છે. તેઓ સંગીત નાટક અકાદમીની સામાન્ય સમિતિના સભ્ય છે.

પંડિત શ્રીકૃષ્ણ એન. રતનજનકર (પદ્મભૂષણ): ૫૮ની વયના, સંગીતના આ તેજસ્વી વિદ્વાને ભક્તિ અને સમર્પણની ભાવનાથી સંગીતની વિરલ સેવા બજાવી છે. પંડિત કૃષ્ણ ભટ, પંડિત અનંત મનોહર જોશી અને પંડિત ભાતખંડે જેવા સમર્થ સંગીતકારોના હાથ નીચે પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ ૧૯૨૬માં તેઓ લખનૌની મેરીસ કૉલેજ ઑવ હિંદુસ્તાની મ્યૂઝિકમાં જોડાએલા, જેના તેઓ આજે આચાર્ય છે. હિંદુસ્તાની સંગીતમાં એમણે ૩૦૦ કરતાં પણ વધુ શાસ્ત્રીય રચનાઓ કરી છે ને કર્ણાટકી સંગીતપદ્ધતિનું પણ તેઓ ઊંડું જ્ઞાન ધરાવતા હોઈ એ બંને સંગીતપદ્ધતિઓના આવિષ્કર્તાઓ તથા રસિકો વચ્ચે સમજૂતીની ભાવના કેળવવામાં તેઓ ઘણે અંશે નિમિત્તરૂપ બન્યા છે.

શ્રી બોશી સેન (પદ્મભૂષણ): કલકત્તામાં એક રસોડામાં પોતે સ્થાપેલી અને પાછળથી અસાધારણ વિકાસને કારણે ઉત્તર પ્રદેશના અલ્મોડા ખાતે ખસેડાએલી વિવેકાનંદ લૅબૉરેટરીના નિયામક ૭૦ વર્ષના શ્રી બોશી સેન વ્યવહારુ વિજ્ઞાનીના જ્વલંત ઉદાહરણ રૂપ છે. એમણે વ્યવહારુ પ્રશ્નો (ખાસ કરીને ખેતી વિષયક) ઉકેલવામાં વિજ્ઞાનનો ઉપયોગ કરવા પર પોતાનું લક્ષ કેન્દ્રિત કર્યું છે. જંગલી ખજૂરમાંથી ઉત્તમ ગોળ મેળવવાનાં તથા એકર દીઠ ૭૦ મણ કરતાં પણ વધુ ફસલ આપતી મિશ્રિત મકાઈ (હાઇબ્રિડ મેઈઝ) ઉત્પન્ન કરવાના કાર્યનો એમણે જ પ્રારંભ કર્યો હતો. જમીનધોવાણ અટકાવવા માટે ઘાસો ને ભાજીઓનો અભ્યાસ એમણે કરી તૈયાર કરેલું 'જાયન્ટ સ્ટાર' નામનું ઘાસ તાજા માટીકામને દૃઢ બનાવવા માટે દામોદર વૅલી કૉર્પોરેશન ઉપયોગમાં લઈ રહી છે. ઉપરાંત અણુશક્તિના શાન્તિમય ઉપયોગ વિષે ૧૯૫૫માં અમેરિકામાં અભ્યાસ કર્યા બાદ તેઓ હવે ખેતીવાડીના ક્ષેત્રે અણુશક્તિનો ઉપયોગ કરવા વિષે પણ પ્રયોગો કરી રહ્યા છે.

શ્રી નારાયણસ્વામી ધર્મરાજન (પદ્મશ્રી): હીરાકુડ જળબંધ યોજનાના વીજળીક વિભાગના સુપરિન્ટેન્ડિંગ એન્જિનીઅર શ્રી નારાયણસ્વામી ૫૭ વર્ષની ઉમરના છે અને મહદ અંશે તેમના જ ઉત્સાહ તથા પ્રયત્નશીલતાને લીધે મજકૂર યોજનાના વીજળીક બાંધકામ વિભાગમાં સંતોષજનક પ્રગતિ થઈ શકી છે.

શ્રી રામપ્રકાશ ગહલોત (પદ્મશ્રી): મધ્યસ્થ સરકારના જાહેર બાંધકામ ખાતાના એક પ્રધાન સ્થપતિ તરીકે શ્રી રામપ્રકાશે દિલ્હીમાં



શ્રી સુધીરરંજન ખાસ્તગીર: પદ્મશ્રી



ડૉ. ખુશદેવ સિંહ: પદ્મશ્રી



શ્રીમતી નલિનીબાલા દેવી: પદ્મશ્રી



ડૉ. રામામૃત રંગનાથન: પદ્મશ્રી



શ્રી બલવીરસિંહ: પદ્મશ્રી



શ્રી આત્મારામ ચેલાની: પદ્મશ્રી



શ્રી એલ. એમ. ચિતળે: પદ્મશ્રી



ડૉ. કિઝક્કા કાવલગમ કુટ્ટી: પદ્મભૂષણ

અનેક સરકારી મકાનોનું સુંદર આયોજન કર્યું છે. દિલ્હીના 'વિજ્ઞાન ભવન' અને 'હોટેલ જનપથ' તેમજ 'મુંબાઇની મધ્યસ્થ સરકારની કચેરીઓ'ના બાંધકામમાં તેમનો મહત્ત્વનો ફાળો છે.

મેજર જનરલ ગુરબક્ષસિંહ (પદ્મશ્રી): ૫૩ વર્ષના મેજર જેનરલ ગુરબક્ષસિંહે ૧૯૫૫ની રેલ દરમ્યાન પંજાબ અને પેપ્સુ રાજ્યમાં સંકટગ્રસ્તોની રાહત તેમજ પુનઃસંસ્થાપન સંબંધમાં યશસ્વી સેવા બજાવી હતી. તેમણે સ્વેચ્છાએ પોતાની રજા ટૂંકાવી નાખીને તાબડતોબ રાહત માટેની ખાસ સંસ્થા સ્થાપી હતી અને અંગત સુખ-સગવડની પરવા કર્યા વિના દિનરાત પરિશ્રમ કર્યા જ કર્યો હતો.

શ્રી થક્કડુ નટેશ શાસ્ત્રીગલ જગદીશન (પદ્મશ્રી): દેશમાં રક્તપીતિયાઓની નિઃસ્વાર્થ સેવામાં જીવન ગાળી નાખનાર, ૪૬ વર્ષના શ્રી જગદીશને હિન્દ કુષ્ઠનિવારણ સંઘના મંત્રી તરીકે એ રોગ સબંધમાં લોકોનું અજ્ઞાન અને પૂર્વગ્રહ દૂર કરવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે.

શ્રી સુધીરરંજન ખાસ્તગીર (પદ્મશ્રી): ૫૦ની વયના આ સુપ્રસિદ્ધ ચિત્રકાર અને શિલ્પીને નૂતન ભારતના એક કુશળ કલાકાર લેખે થોડા સમય અગાઉ રૉયલ સોસાએટી ઑાવ આર્ટ્સના ફેલો બનાવવામાં આવ્યા હતા. દેશ તેમજ પરદેશોમાં ભરાએલાં તેમનાં ચિત્રોનાં પ્રદર્શનોએ તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. અત્યારે તે લખનૌની 'ગવર્નમેંટ સ્કૂલ ઑાવ આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ'ના આચાર્ય છે.

ડૉ. ખુશદેવસિંહ (પદ્મશ્રી): અગાઉના પેપ્સુ રાજ્યના ક્ષયરોગ-ખાતાના અધિકારી ડૉ. ખુશદેવસિંહ અત્યારે પતિયાલા ખાતેના સરકારી 'ટ્યુબરક્યુલૉસિસ સેન્ટર'ના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ છે. ૩૨ વર્ષ અગાઉ તબીબી ડિગ્રી મેળવી ત્યારથી ક્ષયરોગનો ખાસ અભ્યાસ કરી એ રોગના તેઓ નિષ્ણાત થયા છે.

શ્રીમતી નલિનીબાલા દેવી (પદ્મશ્રી) ૫૮ વર્ષનાં આ સુવિખ્યાત કવયિત્રી અને સમાજસેવિકા છેક ૧૦ વર્ષનાં હતાં ત્યારથી તેમણે કાવ્યો રચવા માંડયાં હતાં. આસામનાં શ્રેષ્ઠ અગમ્યવાદી કવયિત્રી તરીકે તેઓ આજે પ્રખ્યાત છે.

ડૉ. શિયાલી રામામૃત રંગનાથન (પદ્મશ્રી): ગ્રન્થાલય વિજ્ઞાન (લાયબ્રેરી સાયન્સ) જેવા વિષયમાં ભારતનું નામ રોશન કરનાર ડૉ. રંગનાથન પોતાના વિષયમાં આજે આન્તરરાષ્ટ્રીય પ્રમાણભૂત તજ્જ્ઞ મનાય છે. તેમણે ગ્રન્થાલય-સંચાલનની નવી પદ્ધતિઓ શોધવા ઉપરાંત ગ્રન્થાલય-વિજ્ઞાન ઉપર કેટલાંક પુસ્તકો પણ રચ્યાં છે. તેઓ 'ઇન્ડિયન લાયબ્રેરી એસોસીએશન'ના પ્રમુખ અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની 'ઈન્ટરનૅશનલ લાયબ્રેરી કમિટી'ના સભ્ય છે.

શ્રી બલવીરસિંહ (પદ્મશ્રી): ૧૯૫૬ના વિશ્વ ઑલિમ્પિક્સ ક્રીડાંગણમાં ભાગ લેવા ગએલી ભારતની હૉકી ટીમના ૩૨ વર્ષની ઉમરના કપ્તાન શ્રી બલવીરસિંહ હૉકીના નિષ્ણાત છે. તરુણ કાળમાં તેઓ પોતાની કૉલેજની ટીમના અને પંજાબ-વિદ્યાપીઠ-ટીમના એકધારા કપ્તાન રહેલા. ૧૯૪૮માં તેમણે ભારતમાં પોતાનું નામ કાઢયું; અને ત્યાર બાદ પ્રથમ લંડનમાં ને પછી હેલસિન્કીમાં યોજાએલા ઑલિમ્પિક્સમાં, હૉકીની રમતમાં 'વિશ્વવિજેતા'નું પદ જાળવી રાખવામાં ભારત માટે વિજયશ્રી મેળવવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

શ્રી આત્મારામ રામચંદ ચેલાની (પદ્મશ્રી): હીરાકુડ બંધ-યોજનાના સુપરિન્ટેન્ડિંગ એન્જિનીઅર શ્રી આત્મારામ રામચંદ ચેલાની, એ યોજનાના ઉદ્ભવકાળથી માંડી સંપૂર્ણ થવા સુધી તેને સળગ પાર પડતી જોનારા થોડાક ઉપરી ઇજનેરોમાંના એક ઇજનેર હોવાનું માન મેળવી જાય છે. એમની ઉદ્યોગશીલતા ને કર્તવ્યનિષ્ઠાએ

તંત્રને વેગવંતુ બનાવી બંધને સફળરીતે પૂર્ણ કર્યો.

શ્રી એલ. એમ ચિતળે (પદ્મશ્રી): આ વિખ્યાત સ્થપતિએ બાંધકામની એક નવી શૈલી નિર્માણ કરી છે, જે પશ્ચિમના સિદ્ધાંતોને પૂર્વની પરિસ્થિતિને અનુરૂપ બનાવવાની તેમની શક્તિનું પ્રતિબિંબ પાડે છે. તેઓ 'ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઑાવ આર્કિટેક્ટ્સ' તેમજ 'ધ રૉયલ ઈન્સ્ટીટ્યૂટ ઑાવ બ્રિટિશ આર્કિટેક્ટ્સ'ના ફેલો હોઈ તેમણે નાગપુરમાંનાં રિઝર્વ બૅન્કનાં મકાનો, નવી દિલ્હીમાં 'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑાવ પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન'નાં મકાનો, જોધપુર તથા અર્નાકુલમના રાજમહેલો ને મદ્રાસના 'સેન્ટ્રલ લેબર રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ'નાં મકાનો સહિતની કેટલી યે યોજનાઓમાં સહાય કરી છે. પરદેશોમાં તેઓ 'લીડ્ઝ યુનિવર્સિટી', 'બર્મિંગહામ ઑાસ્પિટલ સેન્ટર' અને બ્રિટનની 'સ્કૅાટન અને વેબ્રિજ હાઉસિંગ યોજનાઓ' સાથે સંકળાએલા હતા. શ્રી ચિતળેનો 'ઍર રેઈડ્ઝ ઍન્ડ સિવિલ ડિફેન્સ' (હવાઇ હુમલા અને નાગરિક સંરક્ષણ) વિષેનો અભ્યાસપૂર્ણ ગ્રંથ શાંતિ તેમજ યુદ્ધના બંને સમયમાં, આયોજન વિષેનો એક યાદગાર ગ્રંથ છે. હાલ તેઓ ભારતીય સ્થાપત્ય વિષે કેટલાંક પુસ્તકો લખી રહ્યા છે.

ડૉ. કીઝક કોવિલગમ કુટ્ટી એટ્ટનરાજા (પદ્મભૂષણ): આરોગ્ય-સેવાઓના નિવૃત્ત મહાનિયામક ૬૨ વર્ષના ડૅા. કે. સી. કુટ્ટી ભારતના ઔષધના ક્ષેત્રમાં એમનાં અથાગ ઉત્સાહ, નિષ્ઠા તથા સેવાઓ માટે જાણીતા છે. 'વસતિના અભ્યાસ'(પૅાપ્યુલેશન સ્ટડીઝ)ના વિષય પરનો એમનો ફાળો ગણનાપાત્ર છે. 'ઑાલ ઇંડિયા ઇન્સ્ટીટ્યૂટ ઑાવ મેડિકલ સાયન્સિસ'ની રચના કરવાના કાર્ય ઉપરાંત ૧૯૫૬ના સપ્ટેમ્બરથી તેઓ મુંબાઈમાં આવેલા 'ઑાલ ઇંડિયા ડેમોગ્રાફિક ટીચિંગ ઍન્ડ રીસર્ચ સેન્ટર'ના સંયોજકઅધિકારી(કોઑાર્ડિનેટિંગ ઑાફિસર) તરીકે સેવા બજાવી રહ્યા છે. ૧૯૪૯થી ૧૯૫૧સુધી તેઓ વિશ્વ આરોગ્ય સંસ્થા ખાતેના ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તથા એ સંસ્થાની વિવિધ ટેકનિકલ સમિતિઓ પર પણ હતા.

શ્રી કે. એ. નીલકંઠ શાસ્ત્રી: (પદ્મભૂષણ) મ્હૈસુર યુનિવર્સિટીના, ઇન્ડૉલૉજીના પ્રાધ્યાપક ૬૫ વર્ષના અગ્રગણ્ય ઇતિહાસવિદ અને શિક્ષણવિશારદ શ્રી નીલકંઠ શાસ્ત્રીએ ભારતના પ્રાચીન સાંસ્કૃતિક ઇતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો છે અને સંખ્યાબંધ ઐતિહાસિક ગ્રન્થો પણ રચ્યા છે. ૧૯૪૬માં તેઓ પટણા ખાતે મળેલી 'હિસ્ટરી કૅાન્ગ્રેસ' (ભારતીય ઇતિહાસ પરિષદ)ના અને ૧૯૫૧માં લખનૌમાં મળેલી 'ઑાલ ઇન્ડિયા ઓરીએન્ટલ કૅાન્ફરન્સ'ના પ્રમુખ હતા. 'ઇન્ડિયન હિસ્ટૅારિકલ રેકર્ડ્ઝ કમિશન'ના પણ તેઓ સભ્ય છે.

શ્રીમતી આંદલ વૅંકટસુબ્બારાવ (પદ્મભૂષણ): ૬૩ વર્ષનાં શ્રીમતી સુબ્બારાવ દક્ષિણ ભારતની મહિલાપ્રવૃત્તિનાં અગ્રગણ્ય કાર્યકર છે. ૧૯૨૮માં તેમણે લાખેક રૂપિયાથી સ્થાપેલા 'મદ્રાસ સેવાસદને' અનાથ સ્ત્રીઓ માટે ઘણું સેવાકાર્ય કર્યું છે.

શ્રી ગોવિંદ સખારામ સરદેસાઇ (પદ્મભૂષણ): ૯૨ વર્ષના શ્રી ગોવિંદ સખારામ સરદેસાઈએ પ્રાચીન, મધ્યકાલીન, મુઘલ, મરાઠા અને બ્રિટિશ કાળના ભારતીય ઇતિહાસ ઉપર રચેલા અનેક ગ્રન્થો પૈકી મુંબાઈ સરકારના સૂચન ઉપરથી રચેલો ગ્રન્થ 'પેશ્વા દફતરી' સુપ્રસિદ્ધ છે.

ડૉ. હઝારીપ્રસાદ દ્વિવેદી (પદ્મભૂષણ): હિંદીના એક ઉચ્ચ કક્ષાના નિબંધકાર અને સાહિત્યિક વિવેચક ડૉ. દ્વિવેદી (૫૫) હાલ બનારસ હિંદુ વિદ્યાપીઠના હિંદી વિભાગના વડા છે. તેમના સમગ્ર લેખનમાં સરળતા, ઊંડાણ અને સચોટતાનો સમન્વય જોવા મળે છે. 'કબીર', 'સૂરસાહિત્ય', 'હિંદીસાહિત્યકી ભૂમિકા' અને 'હિંદીસાહિત્યકા ઇતિહાસ' એ એમના મુખ્ય ગ્રંથો છે. 'બાણભટ્ટ કી આત્મકથા' નામનું એમનું પુસ્તક હિંદી ગદ્યના ઇતિહાસમાં સીમાચિહ્ન સમું છે.

ડૉ. સિદ્ધેશ્વર વર્મા (પદ્મભૂષણ): 'લિંગ્વિસ્ટિક સોસાએટી ઑાવ ઇન્ડિયા'ના બે વાર અધ્યક્ષ બની ચૂકેલા ડૉ. એસ. વર્મા (૬૯)એ ૪૮ ભાષાઓનો અભ્યાસ કર્યો છે. ભાષાકીય સંશોધન અંગે તેમણે ચાર વાર હિમાલયનો પ્રવાસ કરીને દશ લોકબોલી શોધી છે. એમણે મૂળ ગ્રીક ભાષામાં પ્લેટો ને હોમરનાં પુસ્તકો વાંચ્યાં છે ને બે વર્ષ સુધી લૅટિન શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્ર(ફિલૉલૉજી) વિષે કાર્ય કર્યું છે. 'શ્વેતાશ્વતર ઉપનિષદ' (અંગ્રેજી), 'ફૉનેટિક ઑાબ્ઝર્વેશન્સ ઑાવ ઇન્ડિયન ગ્રામેરીઅન્સ' અને 'ઇટીમૉલૉજી ઑાવ યસ્ક' વગેરે એમના મુખ્ય ગ્રથો છે.

સ્વ. ડૉ. આર. અલગપ્પા ચેટ્ટીયાર (પદ્મભૂષણ): પદકો જાહેર થયા બાદ જેમનું અવસાન થયું એ સ્વ. ડૉ. આર અલગપ્પા ચેટ્ટીઆર દક્ષિણ ભારતના સખાવતી શિક્ષણકાર તરીકે જાણીતા હતા. ઉદ્યોગપતિ તરીકે જે કમાણી કરી તે સઘળી તેમણે લોકોના લાભ માટેની શિક્ષણસંસ્થાઓ ને ઇસ્પિતાલો માટે ખર્ચી હતી. તેમની સખાવતોની કુલ રકમ એક કરોડ રૂપિયા કરતાં પણ વધુ છે! કરાઈકુડી ખાતે તેમણે સ્થાપેલા 'અલગપ્પા ચેટ્ટીયાર ટ્રસ્ટે' ટ્રેનિંગ કૉલેજ, ઇજનેરી અને ટેકનૉલૉજીની કૉલેજ, મહિલા કૉલેજ વગેરેની સ્થાપના કરી છે.

સ્વ. શ્યામનન્દન સહાય (પદ્મભૂષણ): પદક જાહેર થયા બાદ અવસાન પામેલા, બિહારની સહકારી પ્રવૃત્તિના સ્થાપક સ્વ. શ્યામનન્દન સહાયે એ રાજ્યમાં શિક્ષણપ્રસારમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. તેઓ બિહાર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર, કો-ઑાપરેટિવ બૅન્કના પ્રમુખ, અને બિહાર ધારાસભાના તથા લોકસભાના સભ્ય હતા.

મેજર રાલેન્ગનાઓ ખાટીંગ (પદ્મશ્રી): ૪૩ વર્ષના મેજર ખાટીંગ 'નૉર્થ ઈસ્ટ ફ્રન્ટીઅર એજન્સી' (આસામી ઇશાની સરહદ)ના સુવિખ્યાત અમલદાર છે અને એ 'નેફા' વિસ્તારના કેટલાક ભાગમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવામાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પોતાનાં વર્તન અને નૈતિક હિમ્મત વડે તેમણે આદિવાસીઓનાં દિલ જીતી લીધાં છે. મહાયુદ્ધ દરમ્યાન લશ્કરમાં અમલદાર દરજ્જે દાખલ થયા બાદ તેમને એમ.સી. અને એમ.બી.ઈ.ના પદકો મળ્યા હતા. યુદ્ધકાળ પછી તેઓ મણિપુર રાજ્યના પ્રધાન હતા ને એ રાજ્યના ભારત સાથેના વિલીનીકરણમાં તેમણે મોટી મદદ કરી હતી.

શ્રી સમરેન્દ્રનાથ સેન (પદ્મશ્રી): અત્યારે પરદેશ કચેરીમાં કામ કરતા ૪૩ વર્ષના શ્રી સેન, લાઓસમાં નિરીક્ષણ અને નિયમન માટે નિમાએલા આન્તરરાષ્ટ્રીય પંચના અધ્યક્ષ હતા.

શ્રી દ્વારમ વ્યંકટસ્વામીનાયુડૂ (પદ્મશ્રી): વાયોલિનના આ નિષ્ણાતને '૫૩માં કર્ણાટકી સંગીત માટે રાષ્ટ્રપતિનો ચંદ્રક મળેલો. તેઓ વિજયનગરમ્‌ની 'મહારાજા કૉલેજ ઑાવ મ્યૂઝિક'ના પ્રિન્સિપલ હતા.

શ્રી કૃષ્ણસ્વામી રામિયાહ (પદ્મશ્રી): ૬૫ વર્ષના સુવિખ્યાત વનસ્પતિશાસ્ત્રી શ્રી રામિયાહે ડાંગરની સુધારેલી જાતો તૈયાર કરી છે, જે આજે મદ્રાસ રાજ્યમાં ઘણે ઠેકાણે ઉગાડવામાં આવે છે. તેઓ કટક ખાતેની ડાંગરના સંશોધન માટેની કેન્દ્રીય સંસ્થાના આદ્ય નિયામક હતા, અને નિવૃત્તિ બાદ 'સંયુક્ત રાષ્ટ્રસંસ્થા' (યૂનો)ની અન્ન-કૃષિ સંસ્થાએ તેમને પૂર્વપ્રદેશ અને અગ્નિ-એશિયા માટે ડાગરની બાબતમાં સલાહકાર તરીકે નીમ્યા છે.

શ્રી જશવંતરાય જયંતીલાલ અંજારિયા (પદ્મશ્રી): અગ્રગણ્ય ગુજરાતી અર્થશાસ્ત્રી શ્રી અંજારિયા (૪૯) હાલ નાણાંખાતામાં ભારત સરકારના સલાહકાર અને આયોજનપંચના આર્થિક વિભાગના વડા છે. ભારતની પંચવર્ષીય યોજનાઓનો મુસદ્દો તૈયાર કરવામાં એમનો ફાળો યશસ્વી છે.



બેટોવન (અનુ. પૃ. ૫૬૩થી) માયાળુ સૂચનોને ગણકારતો નહિ, સામા બરાડા પાડતો. છેલ્લેછેલ્લે તો એ હાઈડનની અવગણના કરવા ને તેને તરછોડવા સુધી પહોંચી ગયો. પરિણામે બંનેના મીઠા સંબંધમાં અંટસનું જે વિષ રેડાયું તે આખર સુધી રહ્યું. હાઈડનને છોડી તેણે એલ્બ્રેશ્ટબર્ગર ને સૅલિયેરીની દેખરેખ તળે હવે સંગીત-શિક્ષણ લેવા માંડયું.

પોતાનો પ્રાન્ત ફ્રેન્ચ ક્રાન્તિમાં સપડાયો ત્યારે તેણે બૉન છોડયું. એ સમયનું નેપોલિયનનું પાત્ર તેના મન પર કામણ કરી ગયું હતું. ધરખમ લશ્કરોના સેનાધિપતિ એ 'સામાન્યોના પ્રતિનિધિ'ને તે 'ક્રાન્તિની કરોડ' લેખતો. તેના તરફનાં ઉત્સાહ ને ભક્તિપ્રેર્યો તે 'એરૉઇકા' નામે જાણીતી વીરરસભરી સિમ્ફૉનીની રચના કરવામાં લાગી ગયો. તેની મૂળ હસ્તપ્રતના પહેલા ભાગમાં નેપોલિયનની તસવીર બેટોવને પોતે ચીતરી છે. રચનાનું કામ હજી ચાલે છે ત્યાં જ બેટોવને સાંભળ્યું કે નેપોલિયન તો ફ્રાન્સનો સમ્રાટ બની બેઠો છે! 'નેપોલિયન, તું યે જંતુ જ નીકળ્યો !' કડવાશભર્યા ગુસ્સામાં તેણે ગ્રંથના અર્પણના ચીરેચીરા ઉડાવી દીધા. બેટોવન સ્વતંત્રતાપ્રિય હતો અને આતતાયીઓને ધિક્કારતો.

ચોતરફના, આંતરિક ને બાહ્ય, ભીષણ વિસંવાદો ને સંઘર્ષો વચ્ચે તે જગતને ને જાતને કેવી રીતે નેગવતો? તેણે પોતાની નોંધવહીમાં ટપકાવેલું મળી આવે છે: 'હિંમત! મારું શરીર નબળું પડતું જતું હોવા છતાં મારી પ્રતિભા હજી હવે ઝળકી ઊઠનાર છે. ૨૫ વર્ષ! આ તે વય છે જ્યારે મારે મારું પોત પૂર્ણપણે પ્રકાશવાનું છે.'

તે દીઠે આકર્ષક વ્યક્તિ ન હતો. આ શાહી સંગીતકારમાં સાલસ વતણૂકનો સદંતર અભાવ હતો. તેનો પહેરવેશ ગંદો હતો, રહેણીકરણી યે ફૂવડ હતી, અને ભાષા અસંસ્કૃત. એક સાંજે વિયેનાની અમીરોની વસાહતમાંના એક ભવ્ય આવાસમાં તેને આમંત્રવામાં આવ્યો. શહેરનાં ધનિકશ્રેષ્ઠ અને સુસભ્ય મિત્રો ને મહેમાનો સાથે તે બેઠો હતો. ખાણા વખતે પહેલેથી છેલ્લે સુધી તેનું વર્તન અણછાજતું રહેલું. ફરસબંધી પર તે થૂંકતો, છાંટા ઊડે એમ ભીના હાથ ઉછાળતો અને અંગૂછાને રૂમાલ તરીકે વાપરતો. 'પણ હું... હું બેટોવન છું' આવું તેણે પાછળથી કહ્યું. તેનું મગજ અભિમાન ને પ્રકોપનો જ્વાળામુખી હતું. ગુસ્સાના આવેશમાં આવતો ત્યારે તેના મગજની ધમનીઓ દોરડા જેવી સખત, જાડી ને અક્કડ થઈ જતી. મિજલસ દરમ્યાન તેના સિવાય બીજા કોઇનું નામ જો ઉચ્ચારાતું તો તે બહાર ચાલી જતો; અને પોતાના હાથ નીચે ચાલતા સંગીતના કાર્યક્રમમાં એકાદો યે સ્વર જો સ્થાન બહારનો નીકળતો તો ઉશ્કેરાટની આગમાં તે મુઠ્ઠી ભીડીને સીધો સ્વરોની કૂંચીઓ પર જ પ્રહાર કરતો. ખાણા વખતે મિજાજ ઉશ્કેરાયે ડિશનો કે ઇંડાંનો સીધો વેઈટર પર જ ઘા કરતો. છતાં ધીમેધીમે તેનું નામ લોકોમાં સમર્થ પ્રતિભાશાળી તરીકે ફેલાતું રહ્યું. ઉશ્કેરાટ શમે એટલે બે હાથમાં માથાને સખત પકડમાં લઇ તે દબાડી દેતો, અને ફરી સ્વરલહરીઓની એકતાનતામાં લયલીન થઇ જતો. તેનું અસ્તિત્વ 'કાં તો સ્વર્ગમાં રહેતું અથવા નરકમાં!'

એક વાર એક બાઇએ તેની પાસે સંભારણા તરીકે તેના વાળની લટ માગી. તેણે બકરાની દાઢીનો વાળ તોડીને એને આપ્યો. આવા ઉદ્દામ સ્વભાવને લઇને હાઈડન તેને 'મહાન મુઘલ' કહેતો. તેનો એક મિત્ર કહે છે કે પહેલી વાર હું બેટોવનને મળ્યો ત્યારે તેની દાઢી અરધા ઈંચ જેટલી વધી ગએલી! ડામર જેવા તેના કાળા વાળ એકીજથ્થે ટટ્ટાર ઊભા રહી ગયા હતા. તેના કાનમાં પૂમડાં ખોસેલાં, તેનાં કપડાં ઢીલાં ને જાડા હતાં, જે તેને રૉબિન્સન ક્રૂઝોનો દેખાવ આપતાં. દુનિયાદારીની દૃષ્ટિએ તેની રહેણીકરણી ને પહેરવેશ અસભ્ય અને બેડોળ હતાં, કેમકે તેને લાગતું હતું કે જે દુનિયાદારોને તે પોતે રોજ મળે છે એ માત્ર જનાવરો છે. તેઓ ખાય છે, પીએ છે અને ઊંઘી જાય છે. આવાઓને રીઝવવા ટાપટીપથી ખડે પગે તેમની તહેનાતમાં રહેવું તેને ન રુચતું. એક પત્રમાં તે લખે છે: 'હું તેમની જે કિંમત કરું છું તે, તેઓ મારે માટે જે કરી શકે છે એટલા પૂરતી જ.'

તેનું શરીર સશક્ત અને ઠીંગણું હતું. મોટું કપાળ, જાડા વેરવિખેર વાળ, સિંહસદૃશ નાક, અને મોંનો વાન કાળાશ પડતો. તેના શરીરનું સૌથી વિલક્ષણ અંગ હતું તેની ભીષણ દેખાવની આંખો. ડૉ. મૂલર એ તેની આંખોને 'સુંદર, બોલતી, ક્યારેક રહેમભરી ને નાજુક, તો ક્યારેક ચકળવકળ ભમતી, ડરાવતી અને ભયંકર વર્ણવે છે.

બે વર્ષ બાદ જ્યારે તેની શક્તિઓને કસોટી પર કસીને જગતને તેનું હીર દર્શાવી આપવાનો સમય આવ્યો ત્યારે તેનો એક શત્રુ તેનાં બારણાં ખખડાવ્યા કરતો હતો. ૧૭૯૮નો તે ગાળો હતો. મગજની નીચેના ભાગમાં ભયંકર ઝણઝણાટી તે અનુભવતો. એ સહી ન જતાં તે મોટી ફલાંગો ભરતો જ્યાંત્યાં ટેલતો. ઊંઘમાં પણ આ ઝણઝણાટી તેને સતાવ્યા કરતી. પોતાના મસ્તકમાં શું ચાલી રહ્યું છે એ અન્યને જણાવવામાં તેના સ્વમાની જીવને અપમાન લાગતું. છાનોછાનો તે દાક્તરોને ઈલાજ માટે મળી આવ્યો, પણ કોઇને ગમ ન પડી. બે વર્ષ લગી એ ઘરનાં બારણાં બંધ કરીને એકાંતિક બની રહ્યો. પણ આખરે સંગીતકારનો સૌથી મોટો દુશ્મન, બંધ કરાએલાં બારણાં તોડીફોડીને ભીતર પ્રવેશી ચૂક્યો હતો. આ વિભીષણ પીડા તેણે તેના 'વસિયતનામા' તરીકે જાણીતા, ૧૮૦૨માં લખાએલા એક પત્રમાં પોતાના ભાઇઓ સમક્ષ આલેખી છે: 'હું બહેરો થઈ ગયો છું! વાજિંત્ર કે અવાજથી થોડો યે આઘો હોઉં તો રજમાત્ર ન સાંભળી શકું. કોઇ બીજો ધંધો જો મારે હોત તો મેં મારા મનને ક્યારનું યે મનાવી લીધું હોત. વારંઘડીએ મારી હયાતીને મેં શાપ આપ્યા કર્યો છે. જોકે શકય હોય તો નસીબમાં મારે માટે જે મંડાયું છે તે હિંમતપૂર્વક ભોગવ્યા

કરું; પણ જિંદગીમાં એવી પળો આવી પેઠી છે, જ્યારે મને સતત લાગ્યા કરે છે કે આ પૃથ્વી પર સૌથી ઘૃણાપાત્ર ને ક્ષુદ્ર હું છું. નિવૃત્તિ! ગમગીન છુટકારો! ને છતાં એ જ મારે માટે અનામત રહ્યો છે.' આ વખતે હજુ તે તેની નવ પૈકી બીજી સિમ્ફૅાની પણ રચી નહોતો રહ્યો.

ક્યારે યે તે આર્થિક સંકડામણમાંથી મુક્ત થયો નહિ; કેમકે તેને નિશ્ચિત કામ મળતું નહિ, અને કૌટુંબિક જવાબદારીઓ તેને માથે ઝળુંબેલી જ રહેતી. તેની સૌથી મોટી મુસીબત હતી તેના ભત્રીજા કાર્લની, જેનો બાપ કાસ્પર બિટોવનના બાળપણમાં જ ૧૮૧૫માં મરી ગએલો. દયામાયા વિનાનો આળસુ અને દુર્વ્યસની કાર્લ બિટોવનની લાગણીનું ભાજન બનેલો અને તેની રહીસહી મૂડીને તે અમીરી અદાથી ઉડાડી દેતો. આ કાર્લે જ બિટોવનની જિંદગીનાં આખરી વર્ષ અત્યંત દુ:ખ અને કષ્ટભર્યાં બનાવી દીધેલાં. એમ છતાં તેની પ્રતિભાએ એ દુર્દશામાં પણ અનેકોને આકર્ષીને મિત્ર બનાવ્યા. તેના અસભ્ય ને જંગલી દેખાવ સોંસરું સોનાનું હૃદય ને બાળસુલભ પ્રેમાળ સ્વભાવ ઘણા જોતા. તેના બેડોળ દેખાવની કોઇને પડી નહોતી, અને વર્ષો વીતવાની સાથે તે પોતે પણ પોતાના દેખાવ વિષે લાપરવા બની ગએલો.

થોડો સમય પોતાની અદ્ભુત શક્તિને તેણે મામૂલી સ્ત્રીઓ સાથેના પ્રેમપ્રસંગોમાં ખવાવા દીધી, જેમાંની કોઇને તેના સંગીતની કે તેની સર્જક પ્રતિભાની પડી ન હતી. તે ઇશ્કી ટટ્ટુ હતો એમ કોઇ ન માને. પરંતુ તેની પ્રેમ-મમતાએ તેને લાગણીશીલ ને વિવશ બનાવી મૂકેલો. ગરીબી, બહેરાપણું ને કુટુંબનો બોજો—આ ત્રણેએ તેના એક સુખી લગ્નના પાસાને અવળો પાડી દીધો. જેમના પર વિશ્વાસ હતો તેમને આ હકીકત ઘણી જ કડવાશથી બિટોવન લખતો. આવા એક પત્રમાં પ્રેમીનાં રોદણાં નહિ, પણ સબળ ખમીર જોવા મળે છે: 'મારાં શરીર ને બુદ્ધિની દૃઢતા વધતી જાય છે. જાણે મારી જુવાની હવે ખીલે છે. દરેક દિવસ મારી જિંદગીના ધ્યેયની પાસે ને પાસે મને લઈ જાય છે. એ ધ્યેયની વ્યાખ્યા ન કરી શકતો હોવા છતાં તેની ઝાંખી હું કરી શકું છું. માત્ર જો હું મારા બહેરાપણાને મિટાવી શકું તો... તો હું આખી દુનિયાને મારાં બાવડાંની એક બાથમાં જ ભીડી રાખું. આરામ હરામ! પણ આ બહેરાશ છે એથી અરધી યે જો માત્ર હોય તો!'

પણ ૧૮૦૬માં તેના જીવનમાં સુખની આશાનું કિરણ ફૂટતું જણાયું. તેને વર્ષોથી ચાહનાર અને તેની પાસે ત્યાર સુધી પિયાનોના પાઠ શીખનાર આનંદી થેરેસા ફૉન બ્રન્સ્વિક સાથે તેની સગાઈ થઈ. થેરેસાનો ભાઈ ઉમરાવ હતો અને બિટોવનનો મિત્ર હતો. પોતાની પ્રખ્યાત 'સૉનાટા ઍપૅશનાટા' 'Sonata Appassionata' બિટોવને એને અર્પણ કરેલી. પરંતુ કશુંક, કોઈ જાણતું નથી કે શું (કદાચ અભિમાનનું આક્રમણ) નડ્યું, અને બંનેનો સંબંધ તૂટ્યો. ઉભય પરસ્પરની સ્મૃતિને આખર સુધી વફાદાર રહેલાં. વર્ષો બાદ કોઇએ બિટોવનના ખંડમાં પેસતાં તેને થેરેસાની તસવીર હાથમાં લઇને બહેરા બોલે છે એવે મોટે અવાજે બોલતો સાંભળેલો: 'તું કેટલી સુંદર અને મહાન હતી! જાણે કોઈ દેવકન્યા!' ૪૦ની વયે તે જાત પ્રત્યે પટુકરણ નહોતો રહ્યો, અને બીજા પોતાને માટે ગમે તે ધારે તેની એને પડી નહોતી. પછી તો તેનાં ચારિત્ર્ય અને કામગીરીએ તેને જીવનમાં આખર સુધી વિજય અપાવ્યા કર્યો. શહેનશાહને જેવો પોતાના શાહી દમામ માટે હોય એવો ખયાલ બિટોવનને પોતાની શક્તિ માટે હતો. ઑસ્ટ્રિયાના ત્રણ રાજકુમારોએ તે શાંતિથી લખી શકે એટલા માટે તેને નિવૃત્તિવેતન આપવાનું કબૂલ્યું હતું; પરંતુ પૈસા નિયમિત આવતા નહિ અને તેનો અવિચારી ભત્રીજો કાર્લ તેને પૈસા મોકલવા લખલખ કર્યા કરતો.

૧૮૧૪માં આઠમી સિમ્ફૉની રચી ત્યારે એ પૂરેપૂરો બહેરો બની ચૂક્યો હતો. તેને વાતચીત માટે નોંધવહી રાખવી પડતી. એમાં તેના દૈનિક જીવનનો વિગતવાર અહેવાલ જળવાઈ રહ્યો છે. તેની સુંદરતમ કૃતિઓ તેને બહેરાશ આવ્યા કેડે સર્જાઈ છે એ હકીકત માત્ર તેનું સંગીત-પ્રભુત્વ સમજવા પૂરતી છે.




બીજાં દસ વરસ વીતી ગયાં. કુદરત તેનો એકમાત્ર દિલાસો હતી. વાદળાંના આકારોનાં, વાડમાંનાં ફૂલોનાં, પવને ડોલતાં વૃક્ષોનાં સપનાં સેવતો તે કલાકોના કલાકો ગાળી નાખતો. હૅટ પહેર્યા વિના, વિચિત્ર બેડોળ પોશાકમાં, યાતનાઓથી જળેલે ચહેરે તે રખડ્યા કરતો.

તેનાં છેલ્લાં વર્ષો તેના હીન ભત્રીજાને કારણે દુ:ખમાં વીત્યે જતાં હતાં. જોકે વેનિસ-નિવાસનાં પ્રથમ પાંચ જેવાં છેલ્લાં થોડાં કામગરાં વર્ષો એ તેના જીવનનો ઉત્તમ સમય કહી શકાય. એક નોકરે તેની દિનચર્યા નોંધી છે: 'સાડા પાંચે તે ઊઠી જતો અને સમેય પરં જાણે હાથ તથા પગથી પ્રહાર કરતો ન હોય તેમ ગાતો, ગણગણતો અને લખતો. સાડા સાતે આખું કુટુંબ નાસ્તો કરવા બેસતું. પછી તરત તે બહાર ભાગતો અને હવામાં હાથ ઉછાળતો, ખેતરોમાં મોટેથી બરાડતો, ક્યારેક આસ્તે તો વળી ક્યારેક પૂરવેગે ચાલતો, તો વળી ક્યાંક એકાએક સ્થિર ઊભો રહી જતો તથા ખિસ્સાવહીમાં કશુંક ટપકાવતો. બપોરે તે જમવા આવતો અને પછી ત્રણ વાગ્યા સુધી ઓરડામાં પુરાઈ રહેતો. ફરી પાછો સૂર્યાસ્ત સુધી ખેતરોમાં. સાડા સાતે વાળુ થતું; અને પછી તે લખવા બેસતો તે દસ વાગ્યા સુધી. પછી તે સૂઈ જતો.'

આખર સુધી તેનામાં સર્જકનો અસંતોષ રહેલો. 'મને લાગે છે' તે કહેતો, 'કે જાણે મેં વેરવિખેર નોંધો કરતાં ભાગ્યે જ કશું વધારે લખ્યું હોય.' તેનું છેલ્લું સર્જન બી ફ્લૅટ ક્વાર્ટેટનું નવું સમાપન નવેમ્બર

સામેના પાને:
બિટોવનનો ઓરડો
(એક કલાકારે
કરેલું એચિંગ)
*
મથાળે:
ઈ. ૧૮૨૦-૨૫માં
બિટોવન વીએનામાં
હતો ત્યારે કલાકાર
જે. પી. લાઈસરે
કરેલું રેખાંકન
*
જમણી બાજુ:
બહેરો થયા પછી
બિટોવને સાંભળવા
વસાવેલાં સાધનો



૧૮૨૬નું નોંધાયું છે. ૧૮૨૬ની ઢળતી શરદમાં પોતાના ભાઇને મળવા ખુલ્લી બગીમાં જતાં તેને સખત શરદી થઈ આવી, જેની અસર વિયેના પાછા આવતાં ફેફસાં પર થઈ અને ઉદરરોગમાં પરિણમી. ચાર માસ સુધી તે પથારીવશ રહ્યો. જોકે સંગીતનું અને પત્રો લખાવવાનું કામ તો અનવરત ચાલ્યા જ કરતું હતું.

પથારીમાં પડ્યાંપડ્યાં તેણે પોતાના સમકાલીન જર્મન મહાકવિ ગ્અટેની કીર્તિદા નાટક 'ફાઉસ્ટ'પરથી દસમી સિમ્ફૉનીની યોજના કરી. પરંતુ બુઝાતા દીપકનો એ છેલ્લો તેજસ્વી ઝબકારો હતો. તેનું શરીર નંખાતું ગયું. ૧૮૨૭ની ૨૬મી માર્ચની 'પોણા છ વાગ્યાની ઢળતી સાંજે કરા ને બરફનું ઓચિંતું તોફાન જાગ્યું. પછી તરત વીજળી ઝબૂકવા લાગી. ત્યાં જ એક વીજળીનો જબ્બર કડાકો થયો. બિટોવને આંખો ખોલી, મુઠ્ઠી ભીડી અને હવામાં તે ઉછાળી. થોડી સેકંડો સુધી આમ ચાલ્યું. બંહાર કરા પડવા બંધ થતાં હાથ નીચે પડચો, અને એ મહાન સંગીત-ધુરંધરનું પ્રાણપંખેરુ ઊડી ગયું.'

તેના શબનું છેદન કરતાં જાણવા મળેલું કે ઘણા અસાધ્ય રોગો તેના શરીરમાં હતા. આ માંદગી વેળા ઇંગ્લંડની ફિલ્હાર્મોનિક સોસાએટીએ તેને ૧૦૦ પાઉંડ મોકલી મદદ કરી હતી. (પોતાની છેલ્લી નવમી સિમ્ફૉની તેણે ફિલ્હાર્મોનિક સોસાએટીને માટે લખેલી.) સંગીતકાર શૂબર્ટ છેલ્લે મળી ગયો ત્યારે તેની સાથે તે કંઈ બોલી શકેલો નહિ, પણ પછી તેણે ફિલ્હાર્મોનિક સોસાએટી અને અંગ્રેજો વિષે વાતો કરેલી. બિટોવનની કળાને પિછાણવા માટે સૌપહેલાં તો પશ્ચિમી સંગીતની ત્યારની પરિસ્થિતિ સમજી લેવી જરૂરી છે. સંગીત એ સાધારણરીતે સહાયક કળા જ મનાતી. નાટક–કાવ્ય વગેરેમાં રસ જમાવટ માટે સંગીત વપરાય, પણ નાટક-કાવ્ય જ જો ન હોય તો સંગીત નકામું! પ્રસિદ્ધ અમેરિકન માનસશાસ્ત્રી અને તત્ત્વજ્ઞ વિલિયમ જેમ્સ જેવા પણ કહેતા કે સંગીતમાં કોઈ અંતિમ હેતુસૂચકતા નથી! બિટોવને સંગીતને સહાયક કળા નહિ પરંતુ મૂળભૂત કળાને સ્થાને પ્રતિષ્ઠા અપાવી. બીજી કોઈ પણ મૂળભૂત લલિતકળાનાં ઉપકરણો ને ધ્યેયો હોય એવાં જ સંગીતને પણ છે એમ તેણે દર્શાવી આપ્યું. બિટોવનની સિમ્ફૉની સાંભળવી એ શેક્સ્પીઅરની કોઇ પણ કારુણિકાના વાચનનો અનુભવ લેવા બરાબર ગણાય છે. તેની તીવ્ર એકાગ્રતા અને ભવ્ય રચના કળાના ઈતિહાસમાં અપ્રતિમ છે. ઘણા કહે છે કે બિટોવને સંગીતમાં ક્રાંતિ આણી, સંગીતની રૂઢિઓને તોડીફોડી તેણે નવાં જ પદ–અર્થનું સંગીતશાસ્ત્રને પ્રદાન કર્યું. વસ્તુતઃ સંગીતના કોઇ નિયમનો તેણે એકડો કાઢી નાખ્યો નથી. ક્રાન્તિનો આ જે ભાસ છે, તે વસ્તુતઃ બિટોવનના સંગીતની પ્રકાંડ વિશાળતા છે.

સંગીતને તેણે જે મુખ્ય પ્રદાન કર્યું તે લાગણીના ઉન્મેષો અને આત્મિક સંઘર્ષોના નિરૂપણમાં સુવાહ્ય 'સૉનાટા'ની ખિલવણીનું. તેની રચનાઓમાં સૉનાટાનો હિસ્સો નેવું ટકા જેટલો છે. તેની 'પિયાનો ફૉર્ટે' સૉનાટા અને 'સ્ટ્રિંગ ક્વાર્ટેટ' એ સંગીત-સાહિત્યનાં સુંદરતમ સર્જનો છે. આજ સુધી લખાએલી સઘળી જ સિમ્ફૉનીઓમાં તેની નવ સિમ્ફૉનીઓ સર્વશ્રેષ્ઠ છે. ગાયક તરીકે બિટોવન સર્વોત્કૃષ્ટ છે. સ્મર્તવ્ય વિષયો પર તેના જેટલું લખાણ કદાચ કોઇએ નથી કર્યું. તેની સિદ્ધિનું રહસ્ય શું છે? ઘણા જણાવે છે તેમ 'ઊર્મિઓનું વૈયક્તિકીકરણ' નહિ, પરંતુ વિષયોની નિતાંત સાદગી. તેના વિષયો વાઘા પહેરીને શ્રોતાઓ સમક્ષ આવતા નથી. એ વિષયો જ સ્વયંપ્રકાશી છે, એમનું તેજ મૌલિક છે. હર્મન શેર્ષન નોંધે છે: 'જેમજેમ તેની પ્રતિભા તેજસ્વીપણે ઝળહળતી ગઈ, તેમતેમ નવમી સિમ્ફૉનીમાંના આનંદપદ(ઓડ ટુ જૉય)માં આદર્શ મળી રહ્યો ત્યાં સુધી તે પોતાની ગીતવલ્લરીને સાદી ને સાદી બનાવતો ગયો.' સંવાદક (હાર્મોનિસ્ટ) તરીકે તે, સર ડૉનાલ્ડ ટોવી કહે છે તેમ સર્વોત્તમ અભિનાયકોમાંનો એક છે.

બિટોવનની સંવાદિતા સંગીતના ધરમૂળના બંધારણની છે, ઉપરચોટિયા નહિ. બિટોવનના સંગીતના સૌથી વધુ સૂચક ગુણો છે સામર્થ્ય અને વિસ્તાર. 'ઍપૅશનાટા સૉનાટા'નો વેગ શ્રોતાને મહાત કરવા સમર્થ છે, તો 'મૂનલાઇટ'ની મોહક સ્વરમાધુરી તેને મૂર્ચ્છિત કરવા માટે બસ છે. પાંચમી સિમ્ફૉનીમાં તે દૈવ સાથે સંઘર્ષ પણ ખેલી શકે છે, અને ૧૫મા ક્વાર્ટેટના 'અડાઇઓ'માં એ જ દૈવ પાસે તે હાર્દિક પશ્ચાત્તાપ પણ કરે છે. સાતમી સિમ્ફૉનીના અંતમાં અટ્ટહાસ્ય કરી શકે છે, અને ૧૩મા ક્વાર્ટેટના કૅવેટિનામાં એક બાળકની માફક પેટછૂટું રડે પણ છે. 'એરૉઇકા' સિમ્ફૉનીની 'સ્મશાનયાત્રા'માં તે કરુણતાની પરાકોટિએ પહોંચે છે. ૧૬મા ક્વાર્ટેટની છેલ્લી ગતમાં તે પોતાના રસોયા જોડે ટોળ પણ કરી શકે છે. 'અદ્વિતીય કરુણરચનાકાર' તે એટલો જ રમૂજી પણ છે. ટોવીએ પૂરી ન્યાયિતાથી નોંધ્યું છે: 'બિટોવનને રમૂજ વિનાનો કલ્પવો એ શેક્સ્પીઅરને રમૂજ વિનાનો કલ્પવા બરાબર છે.' શેક્સ્પીઅરની માફક તેણે પણ 'જૂની દુનિયાઓનો અંત આણ્યો ને નવી દુનિયાઓ સર્જી. અને તે ય ક્યારે યે છુટકારાનો દમ ખેંચ્યા વિના, પ્રલોભનો તરફ મોં સુદ્ધાં ફેરવ્યા વિના, લવલેશ હાર સ્વીકાર્યા વિના'. બિટોવન કેવળ મનોરંજક તો છે જ નહિ. તે ખરા અર્થમાં કલાકાર–ફિલસૂફ છે, જેનો પ્રભાવ વિશ્વભરમાં એકસરખો વ્યાપકપણે પડચો છે. તેણે દારુણ કષ્ટ વેઠ્યું અને સહ્યું, પરંતુ એ કષ્ટ મહાનલ સમું હતું, જેણે બિટોવનના સો ટચના સંગીતગુણનો જગતને વેધક પરિચય આપ્યો. માનવ-આત્માના ગહનતમ અને ગૂઢતમ ભાગને સ્પર્શતો જે વાણી તે ઉચ્ચારે છે એ ઉદ્ગારમાં પયગમ્બરી છે, અને તેની શોભા છે દુન્યવી સૂરતથી પર અને પરમ.

બિટોવનના સમકાલીન જર્મન મહાકવિ ગ્અટેએ તેને પોતાની વિદ્વત્તાભરી લાક્ષણિકરીતે અંજલિ આપતાં તેના ગૌરવનું યથાર્થ મૂલ્યાંકન કર્યું છે: 'તેની પ્રતિભાની મશાલ તેના મનને વીજળીના ચમકારાની માફક સદા પ્રજ્વલિત રાખે છે, જ્યારે ગાઢ અંધારામાં ડૂબેલા આપણને વહેમ સરખો ય આવતો નથી કે આપણા પર પ્રકાશ પાથરનારી પ્રાચીની દિશા તે આ જ કે બીજી કોઇ!'

(વિવિધ ગ્રંથસામગ્રી તથા શ્રી ડી. ચૅટરજીએ જર્મન-ઇન્ડિયન એસોસીએશન, કલકત્તા, સમક્ષ આપેલા વ્યાખ્યાનને આધારે)


મહારાજા સયાજીરાવ (ત્રીજા) સ્મારક સંશોધન ઈનામી નિબંધ: ૧૯૫૭-૫૮

કૈ. મહારાજા સયાજીરાવ (ત્રીજા) સ્મારક-સંશોધન સમિતિ તરફથી 'અણુ અને અણુશક્તિ' (atom & atomic-energy) એ વિષય ઉપર શ્રેષ્ઠ ઈનામી નિબંધ લખનારને રૂા. ૫૦૦)નું ઈનામ આપવામાં આવશે. આ હરીફાઈમાં મુંબાઈ રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાનો કોઈ પણ વતની ભાગ લઈ શકશે. ભાગ લેવા ઇચ્છનારે પોતાનો નિબંધ તા. ૧૫મી જૂન, ૧૯૫૮ સુધીમાં નીચેના સરનામે મોકલવો. નિબંધ ફૂલ્સ્કેપ કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે લખવો. નિબંધનો વિસ્તાર ઓછામાં ઓછા દસ હજાર શબ્દોનો હોવો જોઇએ, અને તે ગુજરાતી, હિન્દી અને મરાઠી ત્રણમાંથી એ ગમે તે એક ભાષામાં લખી શકાશે. મોકલવાનું સરનામું: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા (મંત્રી), ફૅકલ્ટી ઑવ આર્ટ્સ, બરોડા કૉલેજ બિલ્ડિંગ, વડોદરા.

હરસ અને ઉટાંટિયું

બહુજનસમાજના બે પીડાકારી રોગો

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



ગુદાશય અને ગુદાનો ઊભો છેદ દર્શાવતું ચિત્ર (જુઓ 'હરસ'નો લેખ)

એ તો જાણીતી હકીકત છે કે હૃદયમાંથી લોહી ધમનીઓ-(arteries)માં વહી આખા શરીરમાં ફરી વળે છે, અને શરીરના બધા ભાગોનું લોહી શિરાઓ (veins) વાટે હૃદયમાં પાછું ફરે છે. આપણા આખા આંતરડામાં પણ લોહીની નળીઓ ગોળાકાર ગોઠવાએલી છે; પણ માત્ર મળાશય (rectum) અને ગુદા(anus)માં (આંતરડાનો આ ભાગ જેમ ઊભો આવેલો છે તેમ) તે ઊભી જાળાં રૂપે ગોઠવાએલી છે. (જુઓ ચિત્ર) વળી આ શિરાઓમાં પડદા પણ નથી હોતા. આ શિરાઓ મળત્યાગ પહેલાં અને પછી, સ્વાભાવિક દબાણનો વારંવાર ભોગ થઈ પડે છે. સફરાના (મોટા આંતરડાના ગુદા આગળના) આ ભાગની શિરાઓની રચના જ એવી છે કે જે માનવીને હરસનો રોગ ઉત્પન્ન થયાને કારણ રૂપ થઈ પડે છે.

બીજું, આ શિરાઓ એવા સ્થાને આવેલી છે કે પેટના પોલાણમાં દબાણ થતાં એમાં પણ દબાણ વધે છે. ત્રીજું, આ શિરાઓ અશુદ્ધ લોહી માટે છટકબારી જેવી થઈ પડે છે. મળાશય અને ગુદાની શિરાઓ આંતરડાંની શિરાઓમાં ભળે છે. એમનું લોહી કલેજામાં ગળાઈ હૃદયમાં જાય છે, તો કેટલીક શિરાઓનું લોહી પેટના પોલાણને બદલે એની પાછળનો રસ્તો ગ્રહણ કરે છે. આ બંને પ્રકારની શિરાઓનાં જાળાં ગુદાશયમાં એકબીજા સાથે જોડાએલાં છે.

આ શિરાઓનું લોહી હૃદય ભણી જતાં સહેલો રસ્તો પકડે છે. જ્યારે પેટમાં દબાણ હોય ત્યારે લોહી પેટની શિરાઓને બદલે બીજી શિરાઓ વાટે વહેવા માંડે છે; પણ આ બીજી શિરાઓ એ વધારાનો બોજો ઉપાડવા નિર્માએલી ન હોઈ છેવટના પરિણામે ગુદાની શિરાઓ ઢીલી પડી મોટી અને વિસ્તૃત બને છે. આ થઈ હરસની સ્થિતિ.

લોહીના જવાના હમેશના માર્ગમાં મુશ્કેલી ઊભી થાય છે ત્યારે હરસ થાય છે. આ મુશ્કેલી કામચલાઉ, પણ વારંવારની હોય; અથવા તો ઊંચે પેટમાં કાયમની અટકાયત હોય. આંતરડાંની શિરાઓમાં લોહીને જવાની મુશ્કેલી ઊભી કરનાર એક કામચલાઉ કારણ કરાંઝવાની ક્રિયા છે. મળત્યાગમાં તકલીફ પડ્યે કરાંઝવું પડે છે. ભારે વસ્તુ ઉપાડતાં કે ઉધરસ ખાતી વખતે પેટની માંસપેશીઓ સંકોચાવાથી શિરાઓ દબાય છે; ને ત્યાં લોહી જમા થવાથી ગુદાની જગ્યામાં દબાણ વધે છે. આ સ્થિતિ કાયમ રહેતાં હરસ થવાનું કારણ ઊભું થાય છે.

વળી, ગુદામાં કૅન્સરને લીધે શિરાઓમાં લોહીનો ભરાવો થતાં પણ હરસ થાય છે. સ્ત્રીઓમાં ગર્ભાશયનાં કે બીજગ્રંથિઓનાં ગંડ થવાથી ઉપરના ભાગે દબાણ થતાં હરસ થઈ આવે છે. સગર્ભાવસ્થામાં પણ હરસ થાય છે, પણ એ તો કામચલાઉ સ્થિતિ છે. પ્રસૂતિ પછી તે મટી જાય છે. દારૂના વ્યસનથી કલેજામાં ભરાવો થવાને લીધે કે કલેજાના રોગો વખતે હરસનો વ્યાધિ એકદમ થઈ આવે છે. હઠીલી કબજિયાત વખતે ગુદામાં લોહીનો ભરાવો થવાથી પણ હરસની પીડા થઈ આવે છે.

હરસનો વ્યાધિ (piles, hemorrhoids, અર્શ, મસા, બવાસીર) અતિસામાન્ય દરદ છે. યુવાનીમાં, ખાસ કરીને વીસ વર્ષની આસપાસના પુરુષોમાં, બેઠાડુ જિંદગી ગાળનારને, કે પોચી ગાદીઓ ઉપર બેસી રહેવાની ટેવવાળાઓને હરસનો વ્યાધિ દેખા દે છે. પુખ્તાવસ્થામાં હરસ થવાની શક્યતા નથી, પણ વૃદ્ધાવસ્થામાં પ્રોસ્ટેટ ગ્રંથિ વધવાથી પેશાબ કરતાં જોર કરવાના પરિણામે હરસ થઈ આવે ખરા. યુવાન સ્ત્રીઓને અડકાવ આવવાના પરિણામે હરસ થતા નથી; પણ સગર્ભાવસ્થા, ગર્ભાશયના સ્થાનાંતર કે ગર્ભાશયના ગંડની સ્થિતિ વખતે હરસ થઈ આવે છે. મરચાં જેવી ગરમ ચીજોનો ખોરાક, ઘોડા કે ઊંટની વધુપડતી સવારી, પછડાટવાળા વાહનની મુસાફરી કે સખત જુલાબ લેવાની ટેવ, એ પણ હરસનો વ્યાધિ થવાનાં કારણ રૂપ ગણાય છે.

હરસના બે પ્રકાર છે. અંદરના અને બહારના, અગર થોડા બહારના ને થોડા અંદરના. બહારના હરસ એ સૂજેલી શિરા હોઈ શરૂઆતમાં ગુદાદ્વારની કિનાર ઉપર આખા ગઠ્ઠા જેવા દેખાય છે; પણ થોડા સમય પછી એનો પાણીનો ભાગ શોષાઈ જતાં સોજો અદૃશ્ય થાય છે અને તે ભાગ કઠણ બને છે. બહારના હરસ વેદનાભર્યા અને આળા હોય છે; એમાં ખંજવાળ આવે છે, મળત્યાગ વખતે ગુદામાં લાય અને વેદના થાય છે, પણ એમાંથી ભાગ્યે જ લોહી પડે છે.

ગુદાની આંતરત્વચાના આવરણમાં મોટી થએલી શિરા, એ અંદરના હરસ છે. આ આંતર-અર્શ ધીમે ધીમે વધે છે. આમ સામાન્યરીતે તો એની જાણ પડતી જ નથી; પણ ઝાડા વાટે લોહી પડતાં એ સ્થિતિ પ્રત્યે સૌ પ્રથમ ધ્યાન દોરાય છે. આ સ્થિતિ એવી તો સામાન્ય અને પ્રવર્તમાન છે કે રોગી આપમેળે જ પોતાનો રોગ પારખી જાય છે. આ હરસ કદમાં વધતાં ગુદામાં ભારની લાગણી અને લાયની વેદના અનુભવાય છે. મળત્યાગ કરતાં કરાંઝવું પડે છે. બીજાં ચિહ્નોમાં પેશાબની વારંવાર ઇચ્છા અને પૂંઠના ભાગમાં કળતર થાય છે.

લાયની પીડા અને લોહી દ્રવવું એ અંદરના હરસનાં ખાસ ચિહ્નો છે. લોહી ઓછું, વત્તું કે કદીક ઘણું વધારે પડે છે. આ લોહી મોટા ભાગે મળત્યાગ પછી પડે છે, પણ કદીક મળત્યાગ પહેલાં પણ પડે છે. અપવાદ રૂપે કદીક તે મળત્યાગ વિના બેઠાં બેઠાં, એકદમ ઊભા થતાં કે ઊંઘમાં પણ પડે છે! મેદોવૃદ્ધિવાળા રોગીને થોડું લોહી પડતાં કલેજાનો ભરાવો ઓછો થવાથી શરીરે સુખાકારી અને સ્ફૂર્તિ અનુભવાય છે, પણ વારંવાર લોહી પડવાથી રક્તક્ષય થઈ આવતાં અશક્તિ લાગે છે.

કોઈ રોગીને બહારના ને અંદરના બંને હરસ સાથે પણ હોઈ શકે. એમાં શરૂમાં થોડી પીડા થઈ મહિનાઓ પર્યંતનો આરામ રહે છે. પણ ઉપચાર વિના તે રોગ કાયમ રહે છે. બંને જાતના હરસમાં સોજો આવે છે. આ વખતે લાય, વેદના અને સોજાની પીડા અનુભવાય છે. લોહી પણ પડે છે. શરીરમાંથી લોહી જેવું કીમતી દ્રવ્ય વહેતું હોઈ રોગી અશક્તિ, માનસિક વ્યથા ને બેચેની ભોગવે છે. હરસ દૂઝતા ન હોય તો પણ રોગીને ગુદાશયની કાયમી બેચેનીની સતામણી તો રહે છે જ.

હરસ થતા અટકાવી શકાય છે અને થએલા હોય તો એની પીડામાંથી કાયમી આરામ પ્રાપ્ત થઈ શકે છે. જો થતા અટકાવવા હોય

તો તે થતાં અગાઉ જાળવવું જોઇએ. જો સાદી રીતથી મટાડવા હોય તો તે થાય કે તરત સારવાર લેવાની છે. વરસોની પીડા પછી ખરાબમાં ખરાબ પ્રકારના હરસ પણ ઑપરેશનથી મટી જાય છે.

હરસ થવાનું એક કારણ કરાંઝવાની ટેવ છે. તે દૂર કરવાથી હરસ થતા નથી; અગર જો હોય તો તેની પ્રગતિ અટકી પડે છે. આ માટે જરૂર છે મળત્યાગ વિષે કેટલીક જાળવણીની. હમેશાં મળત્યાગની નિયમિત ટેવ પાડવી. ઢીલો દસ્ત આવવા માટે રાતના સૂતાં અગાઉ હરડેની કે ઈસબગુલની ફાકી લેવી. વળી ખોરાકમાં ચાળ્યા વગરના લોટની ભાખરી ને શાકમાં ભાજી વગેરે લેવાથી દસ્ત સાફ આવે છે.

વજન ઊચકતી વેળા પેટ પર દબાણ ઓછું કરવા છૂટથી શ્વાસ લેવા. મળત્યાગ વખતે શ્વાસ રોકવો નહિ પણ કાયમ શ્વાસ લેવો ને મૂકવો.

બહારના હરસ ફૂલ્યા હોય ત્યારે રોગીએ પથારીમાં આરામ કરવો. હરસ ઉપર ગરમ પાણીનાં પોતાં મૂકવાં. પ્રવાહી મળ આવવા માટે મીઠાનો કે દિવેલનો જુલાબ લેવો. સોજા ઉપર હેમાયેલિડિસ જેવો મલમ લગાવવો. સોજો ઊતર્યા બાદ ગુદામાર્ગને ઠંડા પાણીથી વારંવાર ધોવો. પુષ્કળ ચોખ્ખાઇ રાખવી, કારણ કે ધૂળ આદિ ગંદકીથી હરસમાં ધારાં પડવાની દહેશત રહે છે. બહારના હરસમાં કાર્બોલિક ઍસિડનું ઈન્જેકશન આપવાની સારવાર છે. આ સારવારમાં વેદના થતી નથી અને હરસ ચીમળાઈ જાય છે. બહારના હરસ લાંબો કાળ રાખી ન મૂકવા. ઑપરેશન કે ઇન્જેકશનથી એનો નાશ કરવો; નહિ તો લાંબા ગાળે એમાં કૅન્સર થવાની દહેશત રહે છે.

અંદરના હરસના સોજા વખતે ગરમ પાણીનો શેક તો અશક્ય છે. પથારીમાં આરામ સાથે દૂધ ખીચડી ભાતનો હળવો ખોરાક ખાવો. આમે ય આ રોગીએ અથાણાં, પાપડ, ચટણી ને તીખી તમતમતી વાનગીઓ ખાવી વર્જ્ય છે. લીલોતરી શાકભાજી ને થૂલાવાળી ભાખરી એ માફકસરનો ખોરાક છે. આ રોગમાં કસરતની અગત્ય છે. ચાલવાનો વ્યાયામ નિત્ય અને નિયમિત રાખવાથી ગુદાશયમાં લોહીનો ભરાવો કમી થાય છે અને હરસમાંથી લોહી પણ પડતું બંધ થાય છે.

મળત્યાગ બાદ અંદરના હરસ ગુદાદ્વાર બહાર લબડતા રહી જતાં ત્રાસ અને વેદના અનુભવાય છે. આ વખતે એના ઉપર ઠંડા કે ફટકડીના પાણીનાં પોતાં મૂકવાં. આમ છતાં ય હરસ અંદર ન જાય તો રોગીએ થોડો વખત સૂઇ જવું. સૂવાથી હરસ અંદર ચાલી જશે. છતાં જો અંદર ન જ જાય તો ધીમા દબાણથી અંદર ધકેલવા. જો બહાર રહી જાય તો ગુદાદ્વારની કિનારથી ભીંસડાઇ એમાં સોજો આવે છે. આ અંગે લખતાં ડૉ. સર વિલિયમ મૂર રોગીને સવારના કામગરા કલાકો વખતે આરામ લેવાનું અશક્ય હોવાથી રાતના સંડાસ જવાની ટેવ પાડવાની સલાહ આપે છે કે જેથી રાતના સૂતી વખતે આડા પડી રહેવાથી બહાર આવેલા હરસ અંદર આપમેળે જતા રહે. દૂઝતા હરસ વખતે લોહી બંધ કરવા હરસ ઉપર ઠંડા પાણીનાં, ફટકડીના પાણીનાં કે સરખા ભાગે પાણી અને હૅઝેલાઇનનાં પોતાં મૂકવાં.

લાંબા સમયના હરસ વખતે દવાઓ નિરુપયોગી નીવડે છે. એનો એકમાત્ર ઉપચાર શસ્ત્રક્રિયા છે. હા, અંતરાર્શ બહાર ધસી ન આવતા હોય ત્યાં સુધી એમાં ઇન્જેકશન આપવાની સારવાર થઈ શકે છે. હરસની શસ્ત્રક્રિયા વખતે ક્લૉરૉફૉર્મ આપી રોગીને બેભાન બનાવવાની જરૂર પડતી નથી. કરોડમાં ઈન્જેકશન આપી કમર નીચેનો ભાગ બહેરો બનાવી દેવામાં આવે છે. આમ કરવાથી રોગી જાગ્રત હોવા છતાં ય એના ઉપર થતી શસ્ત્રક્રિયાની એને કશી જાણ કે વેદના થતી નથી. ઑપરેશન બાદ કદીક પાંચપંદર વરસે ફરી હરસ થઈ આવે છે ખરા, પણ આથી નિરાશ થવાની જરૂર નથી. હરસની લાય, વેદના અને બેચેની ભોગવવા કરતાં ઑપરેશનની પીડા ઓછી છે.

ઉટાંટિયું

બાળકોને થતા ચેપી રોગોમાં ઉટાંટિયાનું સ્થાન આગળપડતું છે. પણ એ કાંઈ એકલાં બાળકોનો રોગ નથી. જુવાન અને ઘરડાંને પણ તે થાય છે; પણ ક્વચિત જ. કેમકે મોટા ભાગના લોકોને તે નાનપણમાં જ થઈ જાય છે.

હિમોફીલિયસ પર્ટુસિસ નામના જીવાણુઓનો શરીર પર હુમલો થતાં ઉટાંટિયું થાય છે. રોગીની ઉધરસ વખતે ઊડતા થૂંકના કણો વાટે ચેપ ફેલાય છે. થૂંક ને ગળફાના કણો પાંચ ફૂટ દૂર સુધી ફેંકાય છે. રોગીનાં થૂંક, લીંટ ને ગળફાથી બગડેલાં વાસણ કે કપડાં વાટે પણ તે ફેલાય છે.

ચેપ લાગ્યા પછી એક બે અઠવાડિયે રોગનાં ચિહ્નો દેખા દે છે. શરૂઆતમાં બાળકને શરદી ને ઉધરસ થાય છે. થોડો તાવ હોય છે. દિવસે દિવસે ઉધરસનું જોર વધે છે. રાતના તે ખસૂસ અને વારંવાર આવે છે. અઠવાડિયા બાદ રોગીની આંખો ફૂલેલી દેખાય છે. ઉધરસ પછી ઊલટી થાય છે. અઠવાડિયામાં ઉટાંટિયાની લાક્ષણિક ઉધરસ થઈ આવે છે. રોગી કળ દઇને ઉધરસ ખાય છે. અંગ્રેજીમાં એને વ્હૂપ કહે છે. આ ઉપરથી રોગનું નામ વ્હૂપિંગ કફ કહેવાય છે. બીજું નામ પર્ટુસિસ (pertusis). રોગીને કેટલી યે વાર ઉધરસ ચડી આવે છે. તે વખતે મોઢું લાલચોળ બને છે, આંખો ફૂલે છે, મોઢામાંથી ચીકણી લાળ ગળે છે, ઉધરસના ઝપાટા પછી રોગી શ્વાસ લે છે તે વખતે તીણો અવાજ થાય છે. આ પછી બાળક થોડો જાડો કફ ઓકી કાઢે છે. એમાં કદીક લોહી દેખા દે છે અગર તો આંખમાં લોહીના ધ્રાંગા બાઝે છે. બીજા બે અઠવાડિયાં પર્યંત ઉધરસનું જોર રહે છે. પછી તે હલકી પડે છે. કળ દઇને ઉધરસ ચડવાની શરૂ થયા બાદ ચેપ બીજાને નથી લાગતો. રોગ બે અઠવાડિયાંથી માંડી બે મહિના સુધી રહે છે.

રોગ પ્રાણઘાતક તો નથી પણ એના અનુસંધાનમાં બીજા ભયાનક રોગો થઈ આવે છે. ઉટાંટિયા દરમિયાન ઊલટી અને ભૂખનાશને લીધે બાળકનું વજન ઘટે છે. આમ એની શક્તિ ઘટવાથી તે બીજા ચેપી રોગોનો ભોગ બને છે. રોગીને વરાધ થાય છે અગર તો ઉધરસના ઝપાટા પછી રોગીને તાણો આવે છે; અથવા તો એન્કેફેલાઈટિસ (મગજનો સોજો) થતાં તે ઊંઘણશી બને છે. આમાં બાળકો મરણ પામે છે.

ઉટાંટિયાની ખાસ દવા શોધાઈ તો નથી, પણ આ લાંબી માંદગીને ટૂંકાવનારાં બે નવાં શોધાએલાં ઔષધો છે: ક્લૉરોમાયસેટિન અને ઓરિયોમાઇસીન. આ દવાઓ જોકે કીમતી છે, પણ લાંબા ગાળે તે સસ્તી પડે છે. હજુ પણ સમાજનો મોટો વર્ગ એવો છે કે જે ઉટાંટિયાની દવા કરાવવામાં માનતો નથી. અને એ લાંબા કે ટૂંકા ગાળે આપમેળે મટી જતો રોગ સ્વીકારવામાં આવ્યો છે. રોગીને ગળે લસણના હારડા કે મીંઢળ બાંધવાનો એક ઘરગથ્થુ રિવાજ છે. તે આજ સુધી 'વહેમી' કે 'ગામઠી' ગણાતો હતો, પણ પશ્ચિમી વૈદકનાં છેલ્લાં સંશોધનો મુજબ એ ઉપચાર સાર્થ ઠર્યો છે. એક સંશોધનમાં જણાયું છે કે એન્કેફેલાઇટિસ—મગજના સોજાના રોગને માટે ટિફ્સ નામના જીવાણુ જવાબદાર છે ને લસણની ગંધ આ જીવોને દૂર રાખે છે. ચેકોસ્લોવાકિયાની સ્લોવેન્કા યુનિવર્સિટીના ડૉ. જી. કેટરે પુરવાર કર્યું છે કે એન્કેફેલાઇટિસથી બચવા માટે લસણ ધારણ કરવું। આપણે ત્યાંના ટુચકામાં પણ આ જ તથ્ય હશે.

પણ આ રોગ થતો અટકાવી શકાય છે. બાળકની છ માસની ઉમરે વ્હૂપિંગ કફ વૅકસીન (રસી) આપવાથી રોગ સામે રક્ષણ મળે છે. આ રસી સાથે ડિફ્થેરિયા ને ધનુર્વાની રસી પણ ભેળવેલી હોવાથી એકીસાથે ત્રણ રોગો સામે રક્ષણ મળે છે, આ રસીનાં ત્રણ ઈન્જેકશન મહિનાના આંતરે આપવાનાં હોય છે. જેથી પાંચ વર્ષ પર્યંતની રોગક્ષમતા પ્રાપ્ત થાય છે.

'અગસ્ત્યને પગલે'નો આગળ હપતો સાયોનારા!



કામાકુરાના બુદ્ધ : ફોટો
વિગતે વર્ણન આ હપતામાં છે.

ક્યોટો છોડ્યા પછી થોડી જ વારમાં બીવા સરોવર પાસેથી ગાડી જવા લાગી. ૨૬૧ ચોરસ માઈલના વિસ્તારવાળું આ મીઠા પાણીનું સરોવર જાપાનમાં સૌથી મોટું છે. જાપાની વાદ્ય 'બીવા' જેવો તેનો આકાર હોવાથી તેનું એ નામ પડયું છે. ઓડાવારા સ્ટેશને ઊતરી બસ પકડીને સાંજે મિયાનો શિતાના ગિરિગ્રામની ફ્યૂજિયા હોટેલ પર પહોંચ્યો. ત્રણચાર વિભાગમાં વહેંચાએલી, બહુ જ આધુનિક અને અંદર ભૂલા પણ પડી જવાય એટલી વિસ્તૃત આ હોટેલની ગણના જાપાનની શ્રેષ્ઠ હોટેલોમાં થાય છે. તેના પુષ્પ-ભવન(Flower palace)માં કમરો મળ્યો. બધા ઓરડાનાં નામ પણ ફૂલોનાં જ! મારા કમરાનું નામ કુમુદ (Lily) હતું. પાસેના પહાડના ગંધકના ઝરામાંથી ગરમ પાણી નીકળે છે તેને હોટેલમાં વાળી લઇને અહીં કેટલાયે સ્નાનાગાર બનાવ્યા છે. થાક ઉતારવા 'મત્સ્યાંગના સ્નાન-કુંડ'(Mermaid Bath)માં નાહ્યો. રાત્રે ન્યૂ યૉર્કના એક ન્યાયાધીશ શ્રી આઇઝૅક તેમનાં પત્ની સાથે મળ્યાં તેમની સાથે ભોજન લેતાંલેતાં જાપાની કલા તથા સંસ્કૃતિ વિષે ખૂબ વાતો થઈ. બાઈ જાણીતાં શિલ્પકાર છે. તેમણે પોતાનાં શિલ્પોના ફોટો બતાવ્યા, અને મારી પાસેના હિમાલયના ફોટો, બનારસના જરી-કામના નમૂના, શાન્તિનિકેતનનાં ચર્મ-પાકીટ, ત્રિવેન્દ્રમની હાથીદાંતની કલાકૃતિઓ, નાથદ્વારાનું અત્તર, મ્હૈસૂરની અગરબત્તી, કાશ્મીરના કાગળ-કામ (પેપીઅર-માશે)ના નમૂના, વગેરે બધું બહુ રસપૂર્વક જોયું. અરધી સૂટકેસ રોકીને મારી સાથે ફરતું આ નાનકડું સંગ્રહસ્થાન ભારતીય સંસ્કૃતિ તથા કલાવૈભવનો કાંઇક ખયાલ આપવામાં બહુ મદદરૂપ થતું.

સવારે બસ પકડીને 'ગોરા' ગામ પહોંચી ફ્નીક્યુલરમાં બેસીને પહાડ ઉપરના મ્યૂઝિયમ પર ગયો. અહીંનાં સંચાલિકા કુ. યોશીકો નાગી મુંબાઇના મિત્ર શ્રી પોહેકરનાં પરિચિત હતાં. તેમણે બે કલાક સુધી આખું મ્યૂઝિયમ ફેરવીને બતાવ્યું. જાપાન ઉપરાંત ચીન, ભારત, કોરિયા, ઈરાન વગેરે દેશોના પણ કલા-નમૂનાઓ અહીં હતા. જાપાની નમૂનાઓમાં રેશમી કાપડ પરનાં ચિત્રો, કાષ્ઠ-છપામણીનાં ચિત્રો, લાખકામ તથા ચિનાઈ માટી વગેરેની કલાકૃતિઓનો સારો સંગ્રહ છે. ભારતીય વિભાગમાં ગાંધારયુગની બૌદ્ધ મૂર્તિઓ જોઈ.

બપોર પછી ગોરાથી હાકોને વિસ્તારમાં ફરીને ત્રણ હજાર ફીટ ઊંચા મ્યોજો પહાડ પર આવ્યા. અહીંથી ફ્યૂજીઆમા પર્વતનું ભવ્ય દશ્ય જોવા મળે છે. આ દશ્ય માટે તો હાકોને સુધી આવ્યો હતો. ફ્યૂજીઆમાને જાપાનનો કૈલાસ કહી શકાય. તે જાપાનનો સૌથી ઊંચો અને સૌથી સુંદર પર્વત છે અને જાપાનની લોકકથાઓ, શાસ્ત્રીય નાટકો, ચિત્રો, પૌરાણિક સાહિત્ય, કવિતા, શિલ્પ બધાંમાં આ હિમાચ્છાદિત ફ્યૂજીઆમાનું અનોખું સ્થાન છે. તેની ખરી ઊંચાઈ તો ૧૨,૩૯૭ ફીટ છે, પરંતુ લોકોમાં પ્રચલિત ઊંચાઈ ૧૨,૩૬૫ ફીટ ગણાય છે. વર્ષના મહિના બાર અને દહાડા ત્રણસો પાંસઠ, એટલે વિનોદ ખાતર જાપાની લોકો ફ્યૂજીઆમાની ઊંચાઇ ૧૨,૩૬૫ ફીટ કહે છે! મ્યોજો પહાડ પરથી સૂર્યોદયનું બહુ રમણીય દશ્ય જોવા મળે છે. મારા દુર્ભાગ્યે આખો દિવસ વાદળાં અને ધુમ્મસ રહ્યાં અને માંડ થોડી પળો માટે તે પર્વતરાજની કાંઈક ઝાંખી થઇ. દર વર્ષે ઉનાળામાં સંખ્યાબંધ માણસો ફ્યૂજીઆમા ચડવા જાય છે. મારા જેવા હિમાલયપ્રેમીને તો તેની ટોચે પહોંચવાનું સહેજે મન થઇ આવે, પરંતુ શરદઋતુના અંત ભાગમાં તે શક્ય નહોતું. ફ્યૂજીઆમાની તળેટીએ પાંચ નાનાં રમણીય સરોવરો છે. મૂળ તો ફ્યૂજીઆમા એક જ્વાલામુખી પહાડ હતો, પણ છેલ્લાં બસોક વર્ષથી તો તે તદ્દન શાન્ત છે. શ્રદ્ધાળુ જાપાનીઓ તો હિમાલય જતા આપણા સાધુઓના જેવી ભક્તિ અને ભાવનાથી ફ્યૂજીઆમા ઉપર જાય છે. તદ્દન સાદાં સફેદ કપડાં અને ઘાસના જોડા પહેરીને 'રોક્કોન-શાંજો' (અમારી છ યે ઈન્દ્રિયો પવિત્ર થાઓ) એમ બોલતા તે પહાડ ચડે છે. આપણે ત્યાં કૈલાસ જતા યાત્રીઓ 'જય શંકર!' અને બદ્રીનાથ જતાં 'જય બાબા બદરીવિશાલ'ની ઘોષણા કરે છે તેવી જ પરંપરા સાથે શ્રદ્ધાળુ જાપાનીઓ ફ્યૂજીઆમાની યાત્રા કરે છે.

પહાડ પરથી નીચે આવી કલાકેક આશીનોકો સરોવરમાં નૌકા-વિહાર કર્યો. આસપાસની ટેકરીઓ ઉપર વિપુલ વનરાજિ હતી. સ્વચ્છ આકાશ હોય ત્યારે કદાચ સરોવર પરથી પણ ફ્યૂજીઆમાનું દર્શન થતું હશે. બોટમાંથી 'મોટો હાકોને' ગામ ઊતરીને બસમાં બેસી આતામી આવ્યો. આ શહેર સાગામી ઉપસાગરને કાંઠે વસેલું હોઈ તેની આબોહવા સમધાત છે અને પાસે ગરમ પાણીના ઝરા હોવાથી ઘણા લોકો આરોગ્ય માટે પણ અહીં આવે છે. કેટલાક શ્રીમંત જાપાનીઓએ અહીં 'Church of world Messianity' નામની સંસ્થા શરૂ કરી છે અને 'ઝુઈઉન-કયો' (પૃથ્વી ઉપરનું સ્વર્ગ) એ નામનું વિશાળ ભવન બાંધ્યું છે. અંદર પ્રાર્થના, પ્રવચન કે સિનેમા માટે વાપરી શકાય તેવો મોટો હૉલ છે. એક મકાનમાંથી બીજામાં જવા માટે પણ જમીન નીચે બોગદો હતો. બહાર સુંદર બગીચો, ચીડ વૃક્ષોથી છવાએલા પહાડો ને નીચેના સાગરતટનું મનોરમ દશ્ય ભૂમધ્ય સમુદ્રના કાંઠા પરના ફ્રેંચ રીવાએરાની સ્પર્ધા કરે તેવું હતું. બીજે દિવસે ટોકિયો પાછો ફર્યો.

અગત્યનાં સ્થળોમાં હવે એક કામાકુરા બાકી હતું. ટોકિયોથી ત્રીસ માઈલ થાય. રસ્તામાં થોડે દૂર આવેલા એનોશીમા બેટ પર ગયા. તેનું મુખ્ય આકર્ષણ પહાડમાં આવેલી બેન્ટેન ગુહા છે. બૌદ્ધ દેવી કાન્નોનની જેમ બેન્ટેન દેવી પણ જાપાનમાં લોકપ્રિય છે. ભારતની કલા તથા વિદ્યાની દેવી સરસ્વતીનું જ આ સ્વરૂપ છે, અને જાપાની લોકો સફળતા તથા સદ્ભાગ્ય માટે તેની ઉપાસના કરે છે. મુંબાઈમાં ગણપતિ-ઉત્સવ ઉપર લોકો ગજાનનની નાનીનાની મૂર્તિઓને ખભે ઉપાડીને લઇ જાય છે, તેમ અહીં પણ ૧૪મી જુલાઇએ કિશોરો બેન્ટેન (સરસ્વતી) દેવીની નાની મૂર્તિ ઉપાડીને ફેરવે છે. મીણબત્તીની સહાયથી પહાડ પર ગુફામાં જઇને બેન્ટેન દેવીની વંદના કરી અમે સીધા જ તીર્થશ્રેષ્ઠ દાઇ-બુત્સુ(મહાબુદ્ધ)નાં દર્શને ગયા. શહેરની વસતિ એકાદ લાખની હશે. નારાના પ્રચંડ મહાબુદ્ધની પ્રતિમા સાથે ઊભી શકે તેવી આ ભવ્ય

મૂર્તિ નારાની મૂર્તિ કરતાં, અલબત્ત, કાંઈક નાની છે, પરંતુ તેના મુખારવિંદનો ભાવ, અંગસૌષ્ઠવ તેમજ વસ્ત્રોનાં વલયોમાં રહેલું શિલ્પકૌશલ્ય તેને ચડિયાતી લેખાવે એવાં છે. નારાના બુદ્ધ સામી નજરે શિષ્યોને અભયદાન તથા ધર્મબોધ આપે છે, જ્યારે કામાકુરાના અમિતાભ તો આસન વાળીને, હાથ ખોળામાં મૂકી, સહેજ નીચી નજરે, અંતર્મુખ બનીને ધ્યાનમાં બેઠા છે. સમાધિસ્થ યોગીની પરમ શાન્તિ તેમની સૌમ્ય મુખમુદ્રામાંથી નીતરે છે અને દર્શને આવનાર પ્રત્યેક યાત્રીને પવિત્ર કરી તેને ચિત્તની શાંતિ અને સ્વસ્થતા બક્ષે છે.

આસન સહિત ૪૨ ફીટ ઊંચી, ૧૩મી સદીમાં ઢાળેલી આ કાંસાની મૂર્તિનું મુખ સાડા સાત ફીટનું અને આંખો સાડા ત્રણ ફીટ લાંબી છે. કપાળમાં જે રૂપાનો ચાંદલો છે તેનું જ વજન ૩૦ રતલ છે, અને આખી મૂર્તિનું વજન ૧૦૩ ટન છે! આ મૂર્તિની બીજી એક વિશેષતા તેના મુખ ઉપરનો પાતળો મૂછનો દોરો છે, જે ગાંધાર શિલ્પકળાની અસર લાગે છે. બાકી તેની પદ્માસનની રીત, લાંબા કાન, તથા તે રાજકુમાર સિદ્ધાર્થ હશે ત્યારે રત્નજડિત કુંડળો પહેરવા માટે વીંધાએલી કાનની બૂટ વગેરે શુદ્ધ ભારતીય પ્રણાલિકાનાં સૂચક છે. મસ્તક ઉપર મુંડન કરાવ્યા પછી નવાં ફૂટેલાં વાળનાં ગૂંચળાં શિલ્પકારે બહુ સુંદર અને વ્યવસ્થિત રીતે માથા ઉપર મઢી લીધાં છે,—જાણેકે સાગરની રેતીમાંથી વીણી લાવેલા અનેક શંખ શિર ઉપર ભર્યા ન હોય! બધાં મળીને એ ૬૫૬ ગૂંચળાં છે. પ્રતિમા અંદરથી પોલી હોઈ બાજુમાંથી તેમાં દાખલ થવાય છે, અને અંદર ગોઠવેલી સીડી ઉપર ચડીને મૂર્તિના ખભા સુધી જઈ પીઠમાં બનાવેલી બે બારીઓ દ્વારા બહાર જોઈ શકાય છે. જોવા આવનાર સૌ(જાપાનીઓ તેમજ વિદેશી પ્રવાસીઓ) જોડા પહેરીને મૂર્તિની અંદર જઈ કુતૂહલ ખાતર આ ખભા સુધી ચડી આવે છે. ઘરમાં પણ જોડા ન લઇ જનાર ભાવિક, કલાપ્રિય જાપાનીઓ પરમપૂજ્ય દાઈ–બુત્સુની મૂર્તિમાં આમ જોડા પહેરીને ફરે અને આ ધીરગંભીર, સૌમ્ય, ધ્યાનસ્થ પ્રતિમાની આવી વિડંબના કરે તેથી મને અત્યંત દુઃખ તેમજ આશ્ચર્ય થયાં. જાપાની મિત્રોથી પણ મારો આ મનોભાવ છુપાવ્યો નહિ.

ત્યાંથી બૌદ્ધ ધર્મની 'ઝેન' શાખાના મુખ્ય મઠવાળા એન-કાકુજી મંદિરે ગયા. ઝેન સંપ્રદાય વિષે ઘણું વાંચ્યું હતું, તેથી ત્યાંના અધ્યક્ષ સોગેન આસાહીનાને મળ્યા. તેમણે રસપૂર્વક એ સંપ્રદાયની વિશેષતા સમજાવી. ઝેન મુખ્યત્વે ચિત્તશુદ્ધિ ને ધ્યાન ઉપર ભાર મૂકે છે. તેમની સાથે મહર્ષિ પતંજલિનાં યોગસૂત્રો, ચિત્તવૃત્તિનિરોધ તેમજ અદ્વૈત તત્ત્વજ્ઞાન વિષે ચર્ચા થઈ. વિનમ્ર ભાવે પરંતુ નિખાલસતાથી મેં મારું મંતવ્ય રજૂ કર્યું કે 'બૌદ્ધ ધર્મ જ્યારે જીવનને દુઃખરૂપ, ભારરૂપ, શાપરૂપ ગણે છે અને કર્મના બંધનમાંથી છૂટવા માગે છે ત્યારે ઉપનિષદોનું અદ્વૈત તત્ત્વજ્ઞાન જીવ તેમજ જગતને પણ બ્રહ્મરૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપ ગણે છે અને જીવનને કેવળ બ્રહ્મની, આત્માની લીલા રૂપે જ જુએ છે. આત્માને કર્મનું બંધન લાગતું નથી.' થોડા દિવસો પહેલાં જ તેઓ આપણા ઉપરાષ્ટ્રપ્રમુખ રાધાકૃષ્ણનને મળેલા. ત્યાંથી હાસે-કાન્નોન મંદિરે આવ્યા, જ્યાં બૌદ્ધ કરુણાની દેવી કાન્નોનની ત્રીસ ફીટ ઊંચી કપૂરકાષ્ઠમાંથી બનાવેલી, સોને રસેલી મૂર્તિ છે. ત્યાંથી ગોકુરાકુજી મંદિર તથા કામાકુરાનું સંગ્રહાલય જોઈ રાત પડ્યે ટોકિયો પહોંચી ગયાં.

જાપાન છોડતાં પહેલાં ટોકિયોનાં કેટલાંક સાંસ્કૃતિક કેન્દ્રો જોઈ આવ્યો. છેલ્લાં ચારેક વર્ષોથી ભારત તથા જાપાન વચ્ચે સાંસ્કૃતિક વિનિમય માટે ઈન્ડો-જાપાનીઝ એસોસીએશન શરૂ કરાયું છે. તેના સ્થાપક-સભ્ય તરીકે શરૂઆતથી જ તેની પ્રવૃત્તિઓ સાથે હું સંકળાએલો હતો અને તેની મુંબાઈ શાખાના સંચાલક શ્રી પોહેકરે મારી જાપાનની યાત્રા સફળ બનાવવા અખૂટ પરિશ્રમ લીધો હતો. ટોકિયોમાં તેના એક મૅનેજિંગ ડાયરેક્ટર શ્રી મિસ્રી સાથે સાંસ્કૃતિક સંબંધો વિષે ઘણી વાતો થઈ, પરંતુ અહીંની શાખા ભારતીય સંસ્કૃતિ અને કલાવૈભવ પ્રદર્શિત કરવામાં ઊંડો રસ લેતી દેખાઈ નહિ.

આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંબંધોના વિકાસ માટેની 'કોકુસાઈ બંકા શિન્કોકાઇ' સંસ્થા, ટોકિયોમાં ચાલતું 'આંતરરાષ્ટ્રીયભવન', એશીઅન ડાન્સર્સ એસોસીએશન, તથા એશીઅન સૉલિડૅરિટી કમિટી વગેરે જોયાં. મુંબાઈના જાપાની મિત્રો મારી હિમાલય પ્રત્યેની પ્રીતિથી વાકેફ હતા. તેમણે જાપાનની આલ્પાઈન ક્લબને મારી મુલાકાત વિષે ખબર આપેલી હતી. તેથી એક સાંજે તેમણે સભા ગોઠવી હતી. મારી જાતવાળાઓની વચ્ચે આવ્યો હોઉં તેમ લાગ્યું, ને થોડી જ પળોમાં આત્મીયતા બંધાઈ ગઈ. તેમાં હિમાલયના ઉત્તુંગ શિખર માનસલુ પર જઈ આવેલા પર્વતારોહી પણ હતા. મારા હિમાલયના વિવિધ અનુભવો તથા યાત્રાઓ ટૂંકમાં વર્ણવીને ભારતના લોકોની હિમાલય પ્રત્યેની દૃષ્ટિ સમજાવી. પશ્ચિમના લોકો હિમાલયને પર્વતારોહણ માટેનું ક્રીડાંગણ ગણે છે, આભ-ઊંચાં શિખરોને પડકાર આપીને તેમને 'જીતવા' કમર કસે છે અને ટોચ ઉપર પહોંચીને વિજયોન્મત્ત બને છે; જ્યારે ભારતના લોકો તો ભારતીય તત્ત્વજ્ઞાનના મૂળ અને સંસ્કૃતિના પ્રેરણાસ્થાન રૂપ તેને ગણીને એક શ્રદ્ધાળુ ભક્તિમાન યાત્રીની સરળ, નમ્ર, નિર્દોષ ભાવનાથી જ આદિકાળથી હિમાલય જતા આવ્યા છે.

એક દિવસ ભારતીય રાજદૂત શ્રી વિનયરંજન સેનને પણ મળ્યો. તે સામાન્ય રાજદૂતો જેવા ચાણક્યનીતિમાં ડૂબેલા નથી. તેમની ઊંડી સંસ્કારિતા ને કલારસિકતા એલચીખાતામાં ઝળકી ઊઠતી. સાંસ્કૃતિક અધિકારી શ્રી પુષ્પ દાસ પણ ઊંડી સમજવાળા અને ઉદ્યમી છે.

જાપાનનો વાહન-વ્યવહાર બ્રિટિશ કૉમનવેલ્થના દેશોની જેમ શાબ્દિક અર્થમાં 'વામ–માર્ગી' છે. ટોકિયોમાં મુંબાઈ જેવા કોઈ શાન્ત વિસ્તારો (silence zone) ન હોવાથી દિવસરાત હજારો મોટરોનાં ભૂંગળાંની ચિચિયારીઓ વાતાવરણને બહુ ક્ષુબ્ધ અને ઘોંઘાટમય બનાવે છે. કેટલાક વિસ્તારોમાં 'પાચિન્કો' નામના અડ્ડા છે, જ્યાં હારબંધ એક પ્રકારનાં મોટાં યાંત્રિક રમતનાં સાધનો ગોઠવ્યાં છે. એક વાર કુતૂહલથી અંદર રમવા ગયો. પચાસ યેન આપીને યંત્રમાં ભરવાની લોઢાની ગોળીઓ લીધી. બહારના ભાગમાં એક સ્પ્રિંગ હોય છે જેને છોડવાથી એક એક ગોળી અંદરના ઊભા પાટિયામાં ગોઠવેલી ખીલીઓના ગાળામાં ભરાઈ રહે. અમુક ગાળાઓમાં જ જો તે ભરાય તો રમનારને મોટી રકમ મળે. જાપાની પ્રજા આટલી ઉદ્યમશીલ અને કલાપ્રેમી હોવા છતાં કેટલાયે લોકો આવાં સ્થળોએ નસીબ અજમાવતા હતા અને સમય તથા પૈસાની બરબાદી કરતા હતા. તેવું જ બીજું દૂષણ ત્યાંનાં 'સાકે-ઘર' છે, જ્યાં છૂટથી સાકે દારૂ પિવાય છે. ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય ને? ત્યાંના છાકટા લોકોને જોઇને આપણે ત્યાં દારૂબંધી લાવવા માટે સરકારને ધન્યવાદ આપવાનું મન થાય.

જાપાનમાં પૂરા બાવીસ દિવસ રહ્યા પછી હવે પૂર્વ એશિયાના બીજા દેશોની યાત્રાનો સમય થયો. અહીં કેટલા યે ગાઢ મિત્રો થઈ ગયા હતા. તે બધાની ભારે હૃદયે વિદાય લીધી. સામસામા 'સાયોનારા' (આવજો!) થયા. ૨૩મી ઑક્ટોબરે રાત્રે કે. એલ. એમ.ના વિમાનમાં નીકળ્યો. ગગન-આરૂઢ થયા પછી વિમાને શહેર પર ચક્કર માર્યું, જાણે કે જાપાનનો સમૃદ્ધ રમણીય દેશ અને તેના બુદ્ધિમાન ઉદ્યમી અને કલાપ્રેમી લોકો વિદાય આપી રહ્યા હતા. આંખ સામે ફ્યૂજીઆમાનું હિમાચ્છાદિત શિખર, કાબૂકીનો નૃત્યકાર અને છેલ્લે કામાકુરાના સૌમ્યવદન ધ્યાનસ્થ મહાબુદ્ધ તરવરવા લાગ્યા. (ચાલુ)

(આવતા અંકે ફિલિપ્પાઈન્સ અને તે પછી મલયૂ, જાવા-સુમાત્રા, બલી, કંબોજ વગેરે મહર્ષિ અગસ્ત્યે વસાવેલી ભારતીય વસાહતોનો પરિચય)



પાનાંની રમત

લેખક
સાધુરામ દવે

એક કોયડો

આ નીચે આપેલો કોયડો ઉકેલો અને આવતે વર્ષે 'કુમાર' મફત મેળવો

સપ્ટેમ્બર અંકમાં આપણે 'સરબાજી' વિશે અને નવેમ્બરમાં 'ગ્રિમ' વિશે જોઈ ગયા. ઘણાં એ રમતો રમે જ છે. મને આશા છે કે એ લેખ વાંચ્યા બાદ,ઘણાને તેમાંથી કાંઇક નવું દૃષ્ટિબિંદુ મળ્યું હશે.

આપણે ત્યાં પાનાંની રમત સામાન્યરીતે, ઘંટી ફરે તેમ, એટલે ચીપવાવાળાના જમણા હાથથી શરૂ થાય છે. પત્તાં પણ પહેલાં જમણા હાથે બેઠેલા સામાવાળાને અપાય છે અને સરબાજીમાં સર પણ તે જમણા હાથે બેઠેલ સામાવાળો જ પાડે છે. પરંતુ મેં પહેલેથી જ સૂચન કરેલું છે કે રમતનો ક્રમ ઘડિયાળના આંકડાના ક્રમમાં ચાલતો જાય—એટલે કે દક્ષિણ રમે ત્યાર બાદ પશ્ચિમનો ખેલાડી રમે; પછી ઉત્તર અને છેવટે પૂર્વ, એમ એક ચોરસ પૂરો થાય. સર પણ ચીપનારના ડાબા હાથે બેઠેલો સામાવાળો જ પાડે. રમત ડાબી બાજુથી શરૂ થાય યા જમણી બાજુથી, એ બહુ અગત્યની વાત નથી; પરંતુ બ્રિજની તેમજ પાનાંની બીજી રમતોમાં આંતરરાષ્ટ્રીયરીતે ડાબી બાજુથી જ શરૂઆત થતી હોવાથી આપણે બધી જ પાનાંની રમતો ડાબી બાજુથી જ શરૂ કરવી એ હિતાવહ છે. **એટલે આપણે હમેશ માટે એ જ—ઘડિયાળના આંકડાનો ક્રમ જ—કાયમ રાખીશું.**

ગયા અંકમાં ઉઘાડી ગ્રિમ રમવાની મઝા જોયા બાદ, મને આશા છે કે, પાનાં ખુલ્લાં જોઇને, પોતાની સંપૂર્ણ બુદ્ધિ અજમાવવાનો શૉખ પણ કેટલાકને થશે. તેવાઓને માટે એક કોયડો અહીં રજૂ કરું છું. દરેક વાચક તે ઉકેલવાનો પ્રયત્ન કરશે એમ આશા છે :

	ઉત્તર	
	♠ 8 5 2	
	♥ 5	
	♦ J 5	
	♣ Q 9 7 6 5 4 3	
પશ્ચિમ		**પૂર્વ**
♠ A K Q	ઉ	♠ J 10 9
♥ A Q 10 4	પ પૂ	♥ K J 3
♦ Q 10 6 4	દ	♦ K 9 7 3
♣ A J		♣ K 10 8
	દક્ષિણ	
	♠ 7 6 4 3	
	♥ 9 8 7 6 2	
	♦ A 8 2	
	♣ 2	

આમાં દરેક રમનારની આગળ તેર તેર એ રીતે બાવને ય પાનાં ચારે રમનારની સામે ખુલ્લાં જ પડેલાં છે. **ધ્યાન રાખો કે ઘડિયાળના આંકડાનો જ ક્રમ રમતમાં હમેશ માટે સમજવાનો છે.** બિલ્લુઓ સામસામા બેઠેલા છે. આ સરબાજી છે, પણ ખુલ્લી સરબાજી છે. પૂર્વ-પશ્ચિમવાળા બિલ્લુઓ આમાં ચોકડીના સર પાડી બાર હાથ કરી નાખે તે સમજવું જરા ય અઘરું નથી. ફક્ત ચોકડીના Aનો જ તેરમો હાથ તેમણે ગુમાવવો પડયો. તે બંને બિલ્લુઓ ફુલાય છે કે જોયુંને, રોકડા બાર હાથ કરી નાખ્યા! પણ દક્ષિણનો ખેલાડી એક હોશિયાર પાનાં રમનાર છે. તે કહે છે કે ચોકડીના સરથી તમે ૧૨ હાથ કર્યા એમાં નવાઈ નથી. પરંતુ જો તમે મને 'મારી જાતે જ' બધાયનાં પાનાં રમવા દો તો અમે ઉત્તર-દક્ષિણ બિલ્લુઓ, અમારાં જ પત્તાંથી ને ચોકડીના જ સરથી તેરે તેર હાથ કરી લઇએ!

સામાવાળો પૂછે છે કે 'મારી જાતે જ'નો અર્થ શો? દક્ષિણનો ખેલાડી કહે છે કે હું અને ઉત્તર બિલ્લુઓ છીએ. પાનાં જેમ વહેંચાયાં તેમજ છે હું ચોકડીના સર પાડું છું. હું રમવાની શરૂઆત કરું અને ચારે ય જણનાં પાનાંનો વહીવટ મારી મરજી મુજબ કરું. અલબત્ત સર બાજીના નિયમોનું હું પાલન કરીશ, પણ **મારી મરજીમાં આવે તે પાનું હું જ દરેકનામાંથી રમું.** કાપવાની વખતે મારી મરજી હોય તો જ અને મારા મન ફાવતા પાનથી કાપું. જોઇએ તો Aની નીચે K પણ ફેંકી દઉં. ટૂંકમાં મારી ઇચ્છા મુજબ પાનાં દરેકનામાંથી રમું. અને ચોકડીના જ સર રાખી તમને સીધો બાવનિયો જ પઘરાવું!

પૂર્વ-પશ્ચિમ વિચારે છે કે આપણા દરેકમાં ચાર ચાર સર છે, ચોકડીના A સિવાય બાકી બધા A અને K આપણામાં છે, એટલે આ તેર હાથ થવા શકય જ નથી; અને દક્ષિણના ખેલાડીને પડકારે છે કે ચાલ, તું રમત શરૂ કર. સરબાજીના નિયમો સાચવી, તારી મરજીમાં આવે તે પાનાં દરેકનામાંથી રમ. અમે બધા દૂર બેસી જોઇએ છીએ કે તું શી રીતે તેર હાથ કરી શકે છે?

એ જ આ કોયડો. દક્ષિણ રમત શરૂ કરે છે અને પોતાની મેળે દરેકનાં પાનાં રમીને, તેરે તેર હાથ કરી બતાવે છે. 'જ્યાં હાથ જાય ત્યાંથી જ દરેક વખતે ઊતર થાય', અને 'ભાત ના હોય તો તમે તમારી મરજી હોય તો કાપી શકો' એ નિયમો સાચવવાના છે. ફક્ત તમારે મન ફાવે તેવું પાનું તમે નાખી શકો. કાપવાનું હોય તો ના પણ કાપો,—ફિશ છોડો, એ બધી છૂટ. એ છૂટ સાથે દક્ષિણ-ઉત્તર વાળાઓએ ચોકડીના સર રાખીને ઉપર જણાવેલાં તેમનાં પાનાંથી જ તેરે ય હાથ કરી બતાવવાના છે. એ કેમ કરી બતાવશે તે તમે કહી શકશો? પ્રયત્ન કરો, ઉકેલ અઘરો નથી.

જે વાચક તરફથી આ કોયડાનો સાચો ઉકેલ સૌપહેલો પહોંચશે તેને 'કુમાર' એક વર્ષ સુધી વિના મૂલ્યે મોકલાશે. સાચો ઉકેલ આવતા અંકે આપવામાં આવશે. ઉકેલ મૂળ લેખકને જ પરબાર્યો નીચેને સરનામે (સરનામું અંગ્રેજીમાં કરીને) મોકલવાનો છે: Shri Sadhuram Dave, 33 Ritherdon Road, Vapery, Madras-7.

ગાડીના ડબ્બામાં એક જાડો નિરાંતે મોકળો થઈ બેઠો હતો. ડબ્બો ભરાતો ગયો. થોડું ઊભા રહીને થાકી ગએલ એક જણે કહ્યું, 'જરા જરા સંકડાઈને બેસો ભાઈ. રેલગાડીના કાયદા મુજબ દરેકને માત્ર અઢાર ઇંચ જગ્યા જ મળે છે.'

તદ્દન સ્વસ્થ ચિત્તે જાડો બોલ્યો, 'તે હશે. પણ મારું શરીર કંઈ રેલગાડીના કાયદા મુજબ નથી ઘડાયું.'

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક
'સુકાની'

ભાગ છઠ્ઠો

ખંડ ૫ : અખડીં મેં નીર વરસન

પોષ મહિનાની એક વહેલી પરોઢે 'રાવળનાથ'નો મોરો ધરકાં પાણીની શીળી છાલકમાં નહાતો ઈશાન પર વધી રહ્યો હતો. ગઈ સાંજે જ એણે બેટ શંખોદ્ધારની નાળમાં પ્રવેશ કર્યો હતો. ચાર દહાડા શ્રી કૃષ્ણભગવાનની યશોભૂમિમાં તે ખાસ થોભ્યું હતું, ને અજયપાળ તથા સોનલે ત્યાં છેડાછેડી બાંધી પૂજાઅર્ચા કરી હતી.

હવે એક પડખે રાવળપીરનું કંદીલ દેખાતું હતું, અરુણની આભા ઊઘડવા માંડી હતી અને સામે જમીનની આછી ધાર દેખાઈ રહી હતી.

મોરાના એકાન્તમાં અજયપાળની જોડે ઊભી રહીને સોનલ એ ઢૂકડાતી જમીનને આતુરતાથી જોઈ રહી હતી. હરિયાળી નાઘે ડૂબેલી મલબારની ભૂમિની હેવાયી સોનલ, હળવે હળવે જુદા થતા રેતીના ઢગ સામે મીટ માંડી રહી હતી. ક્યાંયે કોઇ પણ જાતની લીલોતરી હોય તો તે હજુ અદૃશ્ય હતી. દરિયાની સપાટી ઉપર કેવળ ઉંબરા જેટલી ઊંચી જમીન હતી; દૂર થોડી ડુંગરાળ ધાર દેખાતી હતી, પરંતુ એ પણ કોરી વેરાન લાગતી હતી. અજયપાળે જે ક્ષણે તન્ગમની આંખમાં મોહિની ઊભરાવી હતી ત્યારે તન્ગમે મનમાં જ પ્રશ્ન પૂછ્યો હતો કે એ પચ્છમ ધરા તે કેવીક હશે, જ્યાં અજયપાળ જેવા બંકા જવાનો નીપજે છે? આજે એ પચ્છમ ધરાને નજર સામે જોઈ રહી હતી; અને વારંવાર આંખ ઉપાડી અજયપાળના મોં સામે પણ જોઈ લેતી હતી.

અજયપાળ તો બબ્બે વર્ષની ઉપાસી આંખે એ ધરાને પી રહ્યો હતો. સોનલ પડખે ઊભી હોય અને અજયપાળની આંખો એના ઉપર ન હોય, એ આંટલે મહિને પહેલો જ પ્રસંગ હતો! સોનલે હળવેથી એનો હાથ દાબ્યો; અજયપાળે એ હાથ હાથમાં લઈ લીધો, પણ એની નજર તો સામે ઢૂકડાતા વતન ઉપર જ ઠરી રહી હતી. પચ્છમ ધરાનો માનવી દુનિયાના ગમે તે ખૂણામાં ભટકતો હોય, પણ એના હૈયામાં પોતાનું વતન સદા ય વસી રહ્યું હોય છે. ફરી જ્યારે એ વતનનાં દર્શન કરે છે ત્યારે એ ગદ્ગદ્ બની જાય છે: અહીંના માનવીની એ વિશેષતા છે; એ વિષે એ જ ધરાનો એક અન્તર્દર્શી કવિ ભવિષ્યમાં ગાવાનો હતો કે

'વડ્યું વિલાતું વીંની માડુડા, કચ્છડે કે ઉકઢન્;
પચ્છમ ધરા તે પેર ડીંધેં, અખડીંમેં નીર વરસન્'.

(દૂરદૂરના પરદેશમાં જઇને પણ અહીંના માણસો વતન માટે ઝૂરે છે; ને ફરી વતનમાં પગ મૂકતી વેળા, એની આંખમાંથી નીર વરસે છે.) અજયપાળની આંખો એ ક્ષણ અનુભવી રહી હતી. આ વખતે તો પડખે ઊભેલી સોનલરાણી માટે પણ એને આંખ ન હતી!

સેંકડો માણસો પરોઢથી કંઠારે જમા થઈ ગયાં હતાં. માલમો અને બેડિયાતોનાં સગાંવહાલાં અને દોસ્તરફીક ઊભરાંઈ રહ્યાં હતાં. માવરો અને વહુવારુઓના ચહેરા ઉપર સુખના ભાણુ ઝળકયા હતા.

એ માણસોમાં પગ દેતાં જ સોનલરાણી સમજી ગઈ કે પચ્છમ ધરાની મોહિની એનાં ઝાડઝાંખરાંમાં, એનાં સરોવર-ડુંગરમાં નથી, પણ એનાં માનવીઓમાં છે. મોં ઉપર હૈયાના ભાવ, વિના સંકોચે અને વણઢાંકયા ઊભરાવનાર આ માનવીઓમાં જ એનો અજયપાળ, અને એના અપ્પા દેવરાજ, અને એવા નરશાર્દૂલ બેડિયાતો પાકે છે.

છાતી સુધી ઝૂલતા ઘૂંઘટ નીચે પણ જે ચહેરાઓ ઝબકતા હતા, લજ્જાથી ઢાળેલી આંખોમાં પણ જે મસ્તી પડેલી હતી, છ હાથના સાડલા નીચે સંકોરાએલાં શરીરમાં પણ જે અંગયષ્ટિ મદમાતી ડોલતી હતી, અને આબાલવૃદ્ધ સહુનાં મોં ઉપર જે સુખ સંતોષ અને નીડરતા દેખાતાં હતાં!—આવી માતાને કૂખે અજયપાળ ને અપ્પા દેવરાજ જેવાઓએ જન્મ લીધો હતો, આવી બહેનોના એ વીર હતા, આવાં માણસોના એ સ્વજન હતા! અને આજે પોતે આવા મુલકની વહુઆરુ બનીને આવી હતી એથી તન્ગમને રોમહર્ષણ થઈ ગયાં.

શાસ્ત્રીને વાડે પહોંચતાં તો સોનલ મમતાનાં પૂર ભેગી તણાવા લાગી. વાચસ્પતિજીને દેવલોક થયે પૂરો મહિનો પણ નહોતો થયો, પણ સોનલનાં પગલાંએ જાણે એ શોકને ઉડાડી દીધો. આ વાડાનાં સ્વાધ્યાય અને સાહિત્યના વાતાવરણે તો સોનલને મંત્રમુગ્ધ બનાવી દીધી. સાદાઈમાં સુખ અને માનવતામાં ગૌરવ અનુભવતાં આવાં સાચકલાં, સાફદિલ માણસો સોનલે સ્વપ્નમાં પણ નહોતાં કલ્પ્યાં.

અનેક માનવીઓ પોતાના વતનના ગૌરવથી રંગાય છે, પણ આ ધરા પોતાના માનવીઓના ગૌરવથી રંગાએલી છે.

ખંડ ૬ : વતનના હાલ

બે વર્ષ ઉપર સત્તાણીઓએ નારાના રાજગઢમાં અજયપાળને નામે પડો વગડાવ્યો હતો* ત્યારે હજુ સતી વાંકલદેની અને વીસોજીની ચિતા ટાઢી પણ નહોતી થઇ. અજયપાળ હજુ બેપત્તા હતો. એ વાતને બબ્બે વર્ષ વીતી ગયાં હતાં. એ પછીના ગાળામાં અનેક ફેરફારો થઇ ગયા હતા. સત્તાણીઓનો શત્રુ પૂંજો શેઠ આજે મધ્યાહ્ને તપતો હતો. રા' ગોડજી સુદ્ધાં પૂંજાશેઠથી બીવા લાગ્યા હતા. નારાના દરબાર તરીકેની અજયપાળની ઘોષણા પૂંજા શેઠે ફોક કરાવીને પોતાના વશમાં રહે એવા એક દૂરના ભાયાતને નારાની ગાદીએ બેસાડી દીધો હતો.

દેવરાજ ધાધલને વાંકલદેના અપમાનનો ઘા હજુ સાલતો હતો, ત્યાં સત્તાણીઓ પૂંજા શેઠની દોરવણીથી વાંકલદેના કુંવરનો રાજહક્ક છીનવી લે એ એના મનથી અસહ્ય હતું. એણે 'રાવળનાથ'ના બેડિયાતોનો ખલાસ પૂરો ન કર્યો. એક માસ ઘરકુટુંબને મળી સૌએ રાયપુર બંદરે પાછા હાજર થઇ જવાનો એણે હુકમ આપ્યો, અને પોતે રા' ગોડજીને મોઢામોઢ થઇ આવવા પાટનગર ગયો.

રા' ગોડજી આમ તો પ્રજા માટે બહુ અભિમાન રાખતા હતા. કંથકોટનો ટિલાત ને મેઘરાજજીનો દેવરાજ સાત સાગર ઉપર પોતાનો સૂરજચંદરનો ઝંડો બિરદાવતા હતા એનું એને બહુ ગૌરવ હતું. એ દેવરાજ હવે ઠેઠ બલીદ્વીપના ભાયાતનું પદ પામ્યો હતો એ સાંભળી એની છાતીની કસો તૂટુંતૂટું થઇ રહી હતી દેવરાજને જોઇ એણે દોટ મૂકી અને હરખથી ભેટી પડયો.

* પાછળની એ કથાના અનુસંધાન માટે જુઓ અંક ૩૮૬

ભરતવાક્યમ્ · અર્પણપત્રિકા

સાગરનો સાદ એ સાહસનો સાદ છે અને અદૃશ્ય જુવાની-ને એ ઉછળાવી નાખે છે;—પછી એ સાદથી બેહોશ બનનારની ઉમર સોળની હોય કે સાઠની હોય. કારણ જુવાની દિલની અવસ્થા છે, શરીરની નહિ. ઉત્તુંગ પહાડ જોઇને એનું શિખર જોવાને આતુર બની જનાર જવાનો, કે ભયંકર જંગલ જોઇને એની ઊંડી ગાઢી ભીતરમાં રહેલાં રહસ્ય ભેદવાને થનગનતા જવાનો, એવા જ સાગરની અપારતાને પાર પહોંચીને એના ઊંડા તાગ આપી લેવાને ઉત્સુક બનનાર જવાનો! એવા જવાનો દરેક મહાપ્રજાના જીવનનું સાચું ખમીર છે.

ક્ષેમેન્દ્રે હજાર વર્ષ ઉપર આવી જવાનીને પિછાની હતી; કારણ તે કાળે ભારતવર્ષમાં આબાલવૃદ્ધ જુવાનો જ હતા અને એ જુવાનોને જન્મ દેનારી આબાલવૃદ્ધ સ્ત્રીસૃષ્ટિ પણ હૈયા-માં જુવાની, શૌર્ય, અડગતા અને રસિકતા છલકાવી રહી હતી. આજે ભારતવર્ષમાં એ જ પહાડો છે, એ જ જંગલો છે અને એ જ અતાગ મહેરામણ પણ ઘૂઘવી રહ્યો છે. આપણી શાળા-ઓ (એટલે કન્યાશાળાઓ સુદ્ધાં), અને યુનિવર્સિટીઓ (એટલે મહિલા-યુનિવર્સિટીઓ પણ) પોતાને હસ્તક આવતા યુવાનો અને યુવતીઓને 'સદા જવાન' રહેવાનો ઉદ્રેક પૂરે તો જ આ આઝાદ ભારત આઝાદી નભાવી શકશે.

આ કથાનક પૂરું થયું છે. 'દેવા બાબલ'ને વિદાય આપવાનો હવે વખત આવી પહોચ્યો છે. એ વિદાય આપતાં આ કલમ પાસે એ પ્રસંગને ઉચિત શબ્દો નથી. સાહસી વીરોને શબ્દો-થી આંકનાર અસાધારણ કલમની શક્તિ પણ હમેશ કુંઠિત હોય છે. અને 'સુકાની'ની કલમ તો અતિ સામાન્ય કલમ છે. એને જે કહેવું છે તે એટલું અદ્ભુત છે કે જીવનમાં માત્ર જાણેલાં ને જોએલાં, ને કોઈ વિરલ ક્ષણે જ અનુભવેલાં જીવંત સાહસોની અક્ષરરૂપે સહજ ઝાંખી કરાવવાની પણ એની તાકાત નથી. એ કલમની સ્થિતિ તો હમેશ 'મૂગે કો સપનો ભયો' જેવી જ રહી છે. એટલે ભવિસત્તકહા (પ૩. ૩-૪) અને અવદાનકલ્પલતા (૪-૨)નાં વાક્યોમાં આ કથાનકનાં ભરતવાક્યો મૂકવાં પડે છે:

વહણઇં વહન્તિ જલહર રૌદ્દિ દુત્તરિ અત્થાહિ માસમુદ્દિ
લંઘન્તઇં દીવંતર થલાઇં પેક્ખન્તિ વિવિહ કોકિલાઇં.

('આવા જુવાનો અતાગ દુસ્તર સમુદ્ર ઉપર પોતાનાં વહાણો ચલાવીને, દ્વીપાંતરનાં સ્થળોને પાર કરીને, નાનાપ્રકારનાં કૌતૂહલ જુએ છે'–અર્થાત્ કૌતૂહલ ખાતર જ આવી દુર્ગમ સફરો ઉપાડે છે. જુવાનીની એક અતિનિશ્ચિત નિશાની તે કુતૂહલ. જેને કોઈ વાતનું કુતૂહલ નથી એ બાર વર્ષનો હોય તો ય જુવાની ખોઇ બેસે છે.)

हर्म्यारोहणहेलया यदचलाः स्वभ्रैः सदाभ्रंलिहाः
यद्वा गोष्पदलीलया जलभरक्षोभोद्धताः सिन्धवः।
लंघ्यन्ते भवनस्थलीकलनया ये चाटवीनां तटाः
तद्वीर्यस्य महात्मनां विलसतः सत्त्वोर्जितं स्फूर्जितम्।

હર્મ્યારોહણહેલયા (જાણે કોઈ આવાસની અગાશી ઉપર ચડતા હોય એટલી લાપરવાહીથી) યદચલાઃ સ્વભ્રૈઃ સદાભ્રં-લિહાઃ (પોતાની ટોચથી સદા વાદળ સાથે વાતો કરતા પહાડો જે જુવાન ચડે છે); યદ્વા ગોષ્પદલીલયા જલભરક્ષોભોદ્ધતાઃ સિન્ધવઃ (અથવા જે જુવાન, જાણે ગાયની ખરી જેવડી ખાડ ઓળંગતા હોય એટલી લાપરવાહીથી અતાગ જળથી ખળભળ-તા સાગરોને પાર કરે છે); લંઘ્યન્તે ભવનસ્થલીકલનયા યે ચાટવી-નાં તટાઃ (અથવા જે જુવાનો, ઘાડાં ભુલામણાં જંગલોને, ઘરના બગીચામાં ફરતા હોય એવી લાપરવાહીથી એક છેડેથી બીજે છેડે પાર કરી જાય છે); તદ્વીર્યસ્ય મહાત્મનાં વિલસતઃ સત્ત્વોર્જિતં સ્ફૂર્જિતમ્ (એ તો માત્ર એ મહાભાગોની વિલસતી વીરતાનાં ઊર્જિત સત્ત્વની ઝલક છે).

મહાગુજરાતના યુવાનો અને યુવતીઓ એ ઊર્જિત સત્ત્વ પ્રકટાવી, પોતે મહાભાગ બની આ ભારત દેશને મહાન બનાવે એ કહેવા માટે આ બેચાર હજાર શબ્દોની કથા આ કલમે લખી. પોતાને કહેવાનું એ કહી શકી છે કે નહિ, એ તો વાંચ-નાર જ કહી શકે.

અને આ કથા મહાગુજરાતની સાહસપ્રિય અને મદભર— સોળથી સિત્તેર વર્ષની યુવતીઓ અને યુવાનોને અર્પણ કરતાં, 'એમનાં ઓજસ્ અને સાહસ સમગ્ર ભારતવર્ષને દીપાવે' એ ભરતવાક્યમ્ સાથે આ કલમની સફર પૂરી થાય છે. 'સુકાની'

દેવરાજ આસ્તેઆસ્તે ગોડજીની સ્થિતિ કળી ગયો. પૂંજો શેઠ હજુ સિંધના મીર ગુલામશાહને બળે બળિયો બન્યો પડયો હતો. રા'ને એ વારંવાર સિંધીઓની બીક દેખાડતો હતો, અને રા'ને પોતાના પંડના રક્ષણ માટે પણ સીદી ગુલામો રાખવા પડયા હતા. એના જવાબ-માં હોય એમ, પૂંજા શેઠે અરબાઓની ગિસ્ત જમા કરી હતી. અને આ બે છાવણીઓની ઉઘાડી દુશ્મનાવટમાં મુલક ઊંચે નહોતો આવતો.

દેવરાજે નિશ્ચય કર્યો કે વતનને ફરી જો સિંધીઓ, સીદીઓ અને અરબોના હાથે રોળાતું અટકાવવું હોય તો પૂંજો શેઠ હવે ન ખપે! રા'ની પણ એ જ પ્રતીતિ હતી, પણ એને પડખે તાકાત ન હતી. એને ગુલામશાહની ઘણી બીક હતી ને ભાયાતો પણ એ બીકમાં ચૂપ બેઠા હતા.

એટલે દેવરાજે ધાર્યું કામ એકલે હાથે જ પાર પાડવાનો નિશ્ચય કરી લીધો. આ હવે એનો એકલાનો પંડનો સવાલ ન હતો, આખા મુલક-નો સવાલ હતો. દેવરાજને નિશ્ચય કરવો ને એ બજાવવો એમાં ક્ષણનું પણ અંતર ન પડતું. એ જ સાંજે, મોડેથી એ વાણિયાવાડ તરફ ઊપડયો.

ખંડ ૭: આખરી વસૂલાત

પાટનગરનો ખરો રાજા જાણે વાણિયાવાડમાં રહેતો હોય, એવો દમામદાર પૂંજો શેઠ પોતાના વૈભવને વિશાળ અગાશી ઉપરથી જોઈ રહ્યો હતો. એનો હાથ વારંવાર મૂછો આમળતો હતો. એની આંખો દરબારગઢ તરફ જાણે મશ્કરીથી જોઈ રહી હતી.

હિન્દુસ્તાનમાં ઘડિયાળની બનાવટ પહેલવહેલી દાખલ કરનાર રામસિંહ માલમ. એણે બાંધેલા ઘંટાઘરમાંથી ઘડીઓના રણકા ઊઠયા એના જવાબમાં હાટકેશ્વરમાંથી ઘંટના નવ ડંકા વાગ્યા. રૂઘનાથજીના મંદિરમાં શયનનાં દર્શન બિરદાવતી ઝાલર વાગવા માંડી.

એક ચાઉસે ઉપર આવી પૂંજાશેઠને ખબર આપ્યા કે રાયપુર બહ-



અમેરિકાના હબસીઓના પ્રથમ શૈક્ષણિક નેતા બુકર ટી. વૉશિંગ્ટનનો જન્મ ૧૮૫૬માં હેઈલ્સફૉર્ડ(વર્જિનિયા)માં એક વાડીમાં આવેલી ક્વાર્ટરમાં થયો હતો. તેનાં માતાપિતા પાસે ન તો કેળવણી હતી, ન કંઈ માલમિલકત.



પછી કુટુંબ ૯૦ માઈલ પગે ચાલી પશ્ચિમ વર્જિનિયામાં મોલ્ડન ખાતે જઈ વસ્યું. અહીં માએ વેબ્સ્ટરની 'સ્પેલિંગ બુક' આપી. બુકરે તરત મૂળાક્ષરો શીખી લીધા, ને ત્યારથી પુરવાર કર્યું કે તક મળે તો હબસીઓ શું કરી શકે.



કુટુંબના ભરણપોષણ માટે તેમણે મીઠાની ભઠ્ઠીમાં કામ કરવા માંડ્યું.ગામમાં પ્રાથમિક શાળા હતી પણ કિશોર બુકર માત્ર રાત્રે જ ત્યાં જઈ શકતા. પોતાના ને પોતાની જાતિના ઉત્કર્ષ માટે તે ગમે તે હાડમારી વેઠવા તૈયાર હતા.



એવામાં હૅમ્પ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામની એક હબસીઓની શાળા વિષે કેટલાક ખાણિયાને વાત કરતાં તેણે સાંભળ્યા. પછી ભઠ્ઠીના માલિક લ્યુઇસ રફનરને ખબર પડી કે આ છોકરે હૅમ્પ્ટન શાળામાં દાખલ થવાનો નિશ્ચય કર્યો છે.



રફનરે બુકરને પોતાને ઘેર કામ કરવા રાખી બદલામાં તેને સાત્ત્વિક સમાજમાં રહેવા તૈયાર કર્યા. દોઢ વર્ષ પછી તે હૅમ્પ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. ત્યાં દ્વારપાળ તરીકે કામ કરી ખર્ચ કાઢ્યું ને નોંધપાત્ર પ્રગતિ કરી.



હૅમ્પ્ટનમાં તે કડિયાકામ પણ શીખેલા, પણ તેમની પ્રબળ ઇચ્છા તો શિક્ષક થવાની હતી. તેથી ૧૮૭૫માં સ્નાતક થઈ મોલ્ડન આવીને જાતિની નિરક્ષરતા સામે એક હબસી શાળામાં રોજના ૧૪ કલાક કામ કરવા લાગ્યા.

રૈથી એક નાખવો આવ્યો છે અને અંતરિયાળ મળવા માગે છે. શેઠને આવી વાતની નવાઈ ન હતી. એનો વેપાર પણ બહોળો હતો. નાખવા તો આવતા-જતા રહેતા. એણે નાખવાને ઉપર મોકલવા આજ્ઞા આપી, અને એ નાખવો હોય ત્યાં સુધી કોઈને ઉપર ન આવવા દેવાની સખત તાકીદ કરી; કેમકે પૂંજાશેઠનો વેપાર કોઈ વાર એવો હતો, કે એનો ભેદ કોઈ જાણી જાય એ એમને પાલવે એમ ન હતું. પૂંજોશેઠ એક બે નાખવાની વાટ જ જોતો હતો: ભારમલ હશે કે તૈયબ? શેઠ સ્વસ્થ બનીને ઢોલિયે બેઠો ત્યાં સીડી પાસે એક પડછંદ આકાર દેખાયો. પૂંજાશેઠે સહજ નજર કરી અને સડાક કરતો બેઠો થઇ ગયો!

'કોણ, ધાધલ?!' શેઠે આશ્ચર્યથી પૂછ્યું. ધાધલે જવાબ ન આપ્યો, પણ સીડીને પગથિયે હાલ્યાચાલ્યા વગર ઊભો રહ્યો.

'દેલુભા, ત્યાં શું કામ ઊભા છો? આવો, અહીં બેસો!' પૂંજાશેઠે મૂંઝાતાંમૂંઝાતાં પણ ઠાવકાઈ રાખી ઢોલિયા ઉપર ખસીને જગ્યા કરી.

'પૂંજા, ઘણા ય દી અમે તારી જોડે બેઠા; તારી ભેળાં ખાધાંપીધાં; તારા માટે ગુલામો વેંચ્યા; તારો માલ દેશાવર સાર્યો; તારી સાથે દોસ્તી રાખી; પણ આજે એ જાધ કરાવવા અમે નથી આવ્યા!' ધાધલે શાન્તિથી અવાજ જરા પણ ઊંચો કર્યા વગર કહ્યું.

પૂંજા શેઠની એક હાકલે સો બરકંદાજ અરબો આંગણામાંથી ઉપર કૂદી પડે એમ હતું. તે પહેલાં કદાચ આ દૂતો ધાધલ ઘા મારી લે એ વિચાર આવતાં શેઠે ધાધલની કેડ ઉપર નજર નાખી. એણે અજાયબી વચ્ચે જોયું કે ધાધલ બિલકુલ બિનહથિયાર આવ્યો હતો. એની બગલમાં તલવાર તો ન હતી, પણ કમ્મરે કટાર પણ ન હતી.



૧૮૮૧માં ટસ્કીગી ખાતે એક હબસી તાલીમી શાળા ખોલવાનું મંજૂર થતાં એક માનવહિતૈષી સજ્જન આર્મસ્ટ્રૉંગને એ માટે કોઇ માણસ શોધવાનું કહેવાયું; ને એમણે આ કાર્યમાં જાત રેડીને કામ કરનાર બુકરને જ પસંદ કર્યા.



શરૂઆત ૪૦ વિદ્યાર્થીઓથી થઈ. તેમાંના ઘણાખરા મુક્ત થએલા ગુલામો હતા. મકાનોમાં એક પડુંપડું થઇ ગએલી ઝૂંપડી ને એક દેવળ હતું. વિદ્યાર્થીઓ જાતે જ અનાજ ઉગાડતા, કપાસ વાવતા અને અભ્યાસ પણ કરતા.



૧૮૯૪માં બુકરે જૂના મિત્ર જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરને સહાયમાં લીધા. તે જમીન અને પાકને લગતા રસાયણશાસ્ત્રના પ્રણેતા બનીને જગનામી વિજ્ઞાની પણ થયા. ૧૯૪૩માં અવસાન સુધી તેમણે ટસ્કીગીમાં અધ્યાપનકાર્ય કર્યું.



૧૯૧૫ સુધીમાં તો બુકર ટી. વૉશિંગ્ટને ટસ્કીગી સંસ્થાને અમેરિકાની અગ્રણી વિદ્યાસંસ્થા બનાવી દીધી. આજે ત્યાં ૧૦૦ પાકાં મકાનો, ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ ને ૨૭૫ અધ્યાપકો છે, ને ૩૮ પ્રકારના ધંધા ત્યાં શીખવાય છે.



બુકરે વાવેલાં જ્ઞાનબીજ ખૂબ ફળ્યાં. ૧૮૭૦માં હબસીઓ ૫ ટકા જ લખીવાંચી શકતા; આજે ૯૦ ટકા. હબસીઓ વિષે સમજદારી વધારતાં વીસેક પુસ્તકો તેમણે લખ્યાં. વિદેશી ને અમેરિકી પ્રજાએ તેમના ઉપર માનની વૃષ્ટિ કરી.



૧૯૧૫માં તેમનું અવસાન થયું. ટસ્કીગીના પ્રાંગણમાં તેમની કાંસાની પ્રતિમા છે, તેમાં તેમને હબસીઓ પરથી અજ્ઞાનનું આવરણ ખસેડતા દેખાડ્યા છે. તે પોતાના લોકો માટે બે વારસા મૂકતા ગયા: માનવીનું ગૌરવ ને જ્ઞાનની તક.

એ જોઈ શેઠ જરા હિંમતમાં આવ્યો અને ઢોલિયા ઉપરથી ઊભો થયો. ધીમેધીમે આંગણા તરફની અગાશીની પાળ તરફ એ ચાલવા મંડ્યો.

'ઊભો રહે, પૂંજા!' ઘાયલે એ જ ધીમા અવાજે કહ્યું: 'હવે જરા પણ પાળ તરફ હાલ્યો છે કે સાદ કાઢ્યો છે તો ખેર નથી.' ઓચિન્તો એના હાથમાં એક લોખંડનો દડો રમવા લાગ્યો: 'આ જોયો? આ ફિરંગીઓનો ગુલદસ્તો છે. દેખત્રે સાવ નાનો, પણ જમીન ઉપર પછાડ્યો તો આ તારી આખી હવેલીને ઉડાડી દેશે!'

પૂંજો શેઠ ઊભો થઇ રહ્યો. ઘાયલે છલાંગ મારી એને બથાવી લીધો અને એની નળી દબાવી. પૂંજોશેઠ તાકાતવાળો માણસ હતો, પણ આ દરિયાઇ પંજા સામે એનું બળ જામે એમ ન હતું. બિલાડી ઉંદરને ઝંઝેડે એમ ઘાયલે એને હચમચાવી નાખ્યો. એની જ પછેડીનો એના મોંમાં ડૂચો દીધો અને એને જમીન ભેળો ભીંસી રાખ્યો.

'સાંભળ, પૂંજા! તારાં કીધાં તો કોઇએ નથી કર્યાં, અને કરશે પણ નહિ. તેં ગાય ખાનારા સંધીઓ પાસે જનમભોમ રોળાવી; તેં રાજપૂત કન્યાને સંધીના જનાનખાનામાં ભંડારી; તેં મુલકમાં અરબા ઘાલ્યા; અને—અને તેં મારી બહેનડીના કુંવરને ગુલામ બનાવવા મોકલ્યો—'

ઘાયલ બોલતો ગયો તેમતેમ એના પોલાદી પંજા, પૂંજાશેઠની ગળચી ઉપર દબાતા ગયા. પણ પૂંજોશેઠ તો ક્યારનો ઢગલો થઈ પડ્યો હતો એનું ઘાયલને માંડ ભાન આવ્યું!

આખરે ઘાયલ બોલતો બંધ થયો. જમીન પર પડેલા પ્રાણહીન શરીરને એ જોઈ રહ્યો. પછી એને ઉપાડી ઢોલિયા ઉપર નાખ્યું, માથે કીમતી શાલ ઓઢાડી અને સીડી ઊતરી ગયો નીચે ચાઉસના સાલાર-

પ્રાચીન ભારતના નાવિકો

એ સમંદર-ખડાદરો કેવા હશે? એની બહુ જ ઝાંખી માહિતી મળે છે. ખાસ તો જાતકોમાં. નાવિકોના બે ભેદ હતા: 'નિર્યામક' અને 'નાવિક'. નિર્યામક એટલે Navigator અને નાવિક એટલે Seaman. એમની જમાત એટલે કે 'શ્રેણી'ઓ જુદીજુદી હતી. નક્ષત્રોની ગતિવિધિ; ફલિત જ્યોતિષ અને મોસમોનું જ્ઞાન; માછલીઓના પ્રકાર અને વસવાટનાં સ્થાન; જુદાજુદા સાગરના વિધવિધ રંગ, એમના કિનારા અને ત્યાંનાં પક્ષીઓ, પર્વતો, નદીઓ વગેરેની ઓળખાણ;...અનુભવી સાંયાત્રિકો આ બધું એકબીજાને મુખપરંપરાએ કહેતા રહેતા; પોતે સંપુટક(પોથી)માં નોંધી લેતા. અને આખરે એમાંથી એક પુસ્તક જન્મ્યું. તે 'નિર્યામક સુત્ત', જેમાંથી વહાણવટાની વિદ્યા 'મા'લમાત' શીખવાતી. આનો ઉલ્લેખ આર્યસુરે 'સુપ્પારગ જાતક'માં કર્યો છે. સાગરના નકશા(chart)નો ઉલ્લેખ બૃહત્કથાશ્લોકસંગ્રહ(૧૯.૧૦૭)માં સૂચવાયો છે. કિનારાની નજદીક છીએ એ જાણવાને પાણીમાંની લીલોતરી (weeds), આકાશનાં પંખી-ભારંડ(seagulls)વગેરેનો ઝીણવટભર્યો અભ્યાસ ત્યારે થતો; અને કિનારાની દિશા જાણવા વહાણો ઉપર ભારંડ પક્ષી રાખતા, જે જો કોઈ દિશામાં ઊડી જાય તો તે તરફ જમીન હોવાનો સબૂત મનાતો. જમીન પાસે ન હોય તો ભારંડ આકાશમાં ચક્કર લગાવી ફરી વહાણ પર આવી જતું. આ તે 'દિશા-કાક'.

સાગર ઉપર તસ્કરો(ચાંચિયા)નો ભય રહેતો અને ભાંગેલાં વહાણોના કિસ્સા તો સેંકડો બનતા. પરંતુ દિવસો સુધી પાણીમાં ડૂબકિયાં ખાતાં પણ નાવિક મણિમેખલા દેવી ઉપર શ્રદ્ધા રાખી જીવતો નીકળવાની આશ ન છોડતો. આનું એક સુંદર ઉદાહરણ મહાજનક જાતકમાં છે: વહાણ ભાંગ્યા પછી દિવસો સુધી ડૂબકિયાં ખાતો નાવિક કહે છે, 'જ્યાં સુધી મારામાં શક્તિ છે ત્યાં સુધી સમુદ્રપાર પહોંચવાનો પ્રયત્ન કેમ છોડાય?'

—અને આજે નાખવાઓમાં સામાન્ય કહેતી છે કે, 'જેંસ તિંયાં સાસ, તેંસ તિંયાં આસ!'

—'સુકાની'

ને ધાધલે કહ્યું કે શેઠ પોઢી ગયા છે માટે કોઇએ ગોકીરો ન કરવો!

બીજે દહાડે ચાઉસોએ જાહેર કર્યું કે પૂંજાશેઠને કોઈએ ઝેર દઇ મારી નાખ્યા છે. સો અરબની ચોકી વચ્ચે એક અજાણ્યો નાખત્રો શેઠને જબ્બેહ કરી બેધડક હાલ્યો જાય એ અરબો માટે નામોશીની વાત હતી, એટલે અરબોએ નાખવાની તો વાત જ ન ઉચ્ચારી!

ખંડ ૮: નારા ઉપર ચડાઈ

પૂંજાશેઠના મરણથી તમામ મુલક કંઈક હિંમતમાં આવ્યો. મીર ગુલામશાહ મુલકની પક્ષાપક્ષીમાં જ બળવાન લાગતો હતો. પૂંજા શેઠના જવાથી પક્ષો ગયા ને રા' ગોડજીએ ફરી મુલકમાં પોતાની આણ ફેરવવા માંડી. હવે નારાની ખબર લેવાનો સમય આવ્યો છે એમ કહી દેવરાજે અજયપાળને પડખે ચારસો રાજપૂત બેડિયાતોનું દળ ખડું કર્યું. છેલ્લી ઘડીએ સોનારાણીએ સાથે આવવાની હઠ પકડી, ને અપ્પા પાસે પોતાની વાત માન્ય રખાવી.

મુહૂર્ત જોઈ ચડાઈ શરૂ થઈ. મોખરે દેવરાજ ચાલતો હતો. પડખે અજયપાળ. પાછળ ચારસો બેડિયાતો ઊપડચા. વચ્ચે ઘોડાના રથમાં સોનલ બેઠી હતી. રાયપુર બંદરે ઊતરતાં પહેલાં જ એણે રાજપૂતાણીનાં લૂગડાં ધારણ કરી લીધાં હતાં. આછેરો ઘૂંઘટ એના મોં ઉપર બહુ લોભાવનારો લાગતો હતો. પૂનમ જાણે બીજને ઝરૂખે મહાલતી હતી!

આસપાસ સેંકડો ઘોડાં થનગનતાં હતાં અને સોનલને રથનાં ગાદીતકિયા ઉપર અસુખ થતું હતું. એને ઘોડેસવારી કરવી હતી, પણ અજયપાળ હજુ વારી રહ્યો હતો. આ ઓઝલનો દેશ હતો. અહીં ચાંદો પણ વાદળ પછવાડે મુખ ઢાંકતો હતો. નીતર્યા આકાશમાં ઝળહળતો પૂર્ણ ચન્દ્ર કેરલ દેશમાં રહી ગયો હતો.

નારા ચાર કોશ દૂર રહ્યું ત્યાં દેવરાજે મેલાણ કર્યાં અને ભેદુઓને નગરચર્યા જોવા રવાના કર્યા. નારા તૈયાર હતું. ગઢ ઉપર બરકંદાજો ખડા થઈ ગયા હતા. ગઢના તોતિંગ દરવાજાઓ બંધ પડચા હતા. રાત વચ્ચે દેવરાજે ચારે દરવાજા સામે તોપો ગોઠવી દીધી. નારાનો ઘેરો શરૂ થયો. ગઢનાં માણસોએ બહારથી વહાર આવશે એમ ધાર્યું હતું પણ પૂંજોશેઠ હવે ન હતો, એટલે આસપાસના દરબારો રા'ના પક્ષમાં ભળવા પડાપડી કરી રહ્યા હતા. ખુદ રા'એ અજયપાળને નારાના દરબાર તરીકે પોષાક મોકલ્યો હતો.

ઘેરો લાંબો ન ચાલ્યો. એક સવારે ગઢનાં નાકાં ઊઘડી ગયાં અને બે ય પક્ષ હાથોહાથ આવી ગયા. બંદૂકો વેગળી થઈ ગઈ અને બરછીઓ ભેખડાવા લાગી. હુમલાદારોને મોખરે દેવરાજ ઘૂમતો હતો. બીજી પાસ અજયપાળ આખડચો. દરબારી દળે મોટી અજાયબી વચ્ચે જોયું કે ત્રીજે પડખે એક અનુપમ સુંદરી કસાએલા યોદ્ધા પેઠે બરછી વીંઝતી જંગ ખેલી રહી હતી! બપોર પહેલાં જ ગઢ પડચો. સતીમાના પાળિયા પાસે દેવરાજે અજયપાળના લલાટમાં પોતાની ટચલી આંગળીના લોહીનું તિલક કર્યું. આજે લોહીની કસર ન હતી!

ખંડ ૯: સાગરનો સાદ

પવનવેગી કોટિયો મોકલાવી અજયપાળે ચમ્પકમ્ અને કાકુલને તેડાવ્યાં. અત્તિંગળથી નાયર સરદારો આવ્યા. માર્તણ્ડવર્માએ કીમતી પોષાક મોકલ્યો. ગોડજી તરફથી કુંવર રાયધણજી પધાર્યા. રાયપુરથી વાચસ્પતિજીનું આખું કુટુંબ શોક ઉતારી હાજર થઈ ગયું.


અભિષેકની બે દહાડા પહેલાં મ્હેરોની સાંઢણીઓ ઝૂકી પડી. અજયપાળ તો મ્હેરાણી વાકલદેનો કુંવર. મોસાળામાં મ્હેરો નામી સાંઢણીઓ લઈ આવ્યા હતા. 'અલખનાથ' ઉપર સફરે નાકળેલા સિવાયના બધા માલમો અને બેડિયાતો ગામ બહાર આવીને ઊતર્યા: રામચન્દ્રજીના અભિષેક વેળાએ કિષ્કિન્ધાવાસીઓ ઊમટચા હોય એવા એ લાગતા હતા. આજે એમના અજા માલમનો રાજ્યાભિષેક હતો!

સત્તાણીઓનાં પણ હવે જુવાળ ઊલટચાં. એકેએક ઘરમાંથી નજરાણાં લઇ આબાલવૃદ્ધ હાજર થઈ ગયાં ને અજા દરબારની ઘોળ ઉતારી. દેવરાજ આવા જુવારભાઠાનો પૂરો જાણકાર હતો. એણે પોતાના બેડિયાતોને બોલાવ્યા ને જેને અજા દરબારની નોકરીમાં રહેવું હોય તેનો ખલાસ ચૂકતે કરવાની મરજી દેખાડી. સોએક જવાનોએ જમીન ઉપર લંગર નાખવાની તૈયારી બતાવી. એ માણસો દરબારના અંગત રસાલો બની ગયાં. દરબારે એની રહેણાક માટે જુદો પાચાડો કાઢી આપ્યો.

સોનલે કેટલાં ય મહેમાનોને રોકી મૂક્યાં. અપ્પાને તો એ મહેલમાંથી અળગા જ થવા નહોતી દેતી. આમ ને આમ ચાર મહિના સુખમાં વીતી ગયા. એક દહાડો એ એકાન્તમાં બેઠી હતી ત્યાં ધાધલ આવી ઊભો. સોનલે ઉમળકાથી એને પડખે બેસાડચો.

'સોનારાણી!' ધાધલે કહ્યું: 'આજ સુધી અમે તારી ઘણી વાતો સાંભળી છે, આજે તારે અમારી વાત સાંભળવી પડશે.' સોનલનો શ્વાસ થંભી ગયો. સાંભળ્યા વગર જ એ સમજી ગૂઈ હતી કે વાત શી હશે!

'સોનારાણી, અમારાં પઠાણ હવે થિર રહીને થાકચાં છે. રાવળનાથ



કે'દિ તુણું તૈયાર થઇ પડયું છે. બિડિયાતો કટાય છે. હવે અમને રજા દે, માવડી! વળી પાછા થાકસું તેયેં ઇયાં જ આવીને નાંગરસું!'

સોનલ ચૂપ રહી. આવું જ કૈં એક દહાડો અપ્પા કહેશે, એ તે પૂરી રીતે જાણતી હતી. જો સાગર બંધાય તો સાગરનો માનવી બંધાય. છતાં એવા માનવીને પોતાની મમતાથી બાંધવા સોનલ તૈયાર થઇ હતી. એ પોતાની માશી પાસે મોટી થઈ હતી. એને બાપનાં લાડ નહોતાં મળ્યાં. એવાં લાડ પૂરી અપ્પાએ એની અધૂરાશ પૂરી કરી હતી. હજુ એને એ લાડના ધ્રો નહોતા થયા. એક દહાડો અપ્પા દરિયે ઊપડવાની વાત કરશે જ કરશે, એ જાણવા છતાં આજે એ વાત જ્યારે સાંભળી ત્યારે એના દિલ ઉપર અસહ્ય ઘા પડયો.

'હવે શા માટે જવું છે, અપ્પા? અહીં જ રહો અને અમારી સંભાળ રાખો. આ તમારું જ રાજ છે. તમારા વિના આ રાજપાટ ક્યાંથી હોય? ઘણાં વર્ષ દરિયો ખેડયો, અપ્પા!' સોનલે કહ્યું, અને ધાધલના ખોળામાં મોં છુપાવી એ બિફામ રડવા લાગી. ધાધલ ચૂપ બેસી રહ્યો. એનું મન પણ સોનલમાં ઓતપ્રોત થઇ ગયું હતું. દરિયાની ખારી છાલકોએ સૂકવી નાખેલા એના જીવનમાં સોનલરાણીએ મીઠી વીરડીઓ વહેવડાવી હતી. પણ ધાધલ જમીનની માયાથી ડરતો હતો.

એની વત્સલ આંખોએ ક્યારનું ય જોઈ લીધું હતું કે સોનલ બે જીવવાળી બની હતી. વાંકલદેનો વંશવેલો વધવાનો થયો હતો. એ વધતી માયાથી એ દૂર હટી જવા ચાહતો હતો.

–અને એને દરિયો પુકારી રહ્યો હતો. દરિયાલાલ પોતાના મુરીદોનાં હૈયાંમાં બીજાં કશાં માટે સ્થાન રહેવા દેતો નથી!

તે રાતે કોઇને કહ્યા વગર ધાધલ મહેલાત છોડી ગયો. સોનલની વિદાય લેવાની એની હિંમત ન હતી.

ખંડ ૧૦: ખારાં પાણીનું ખમીર

આથમતાં સૂર્યકિરણો સામે મોરો વધાવતું 'રાવળનાથ' એટલું દૂર થઈ ગયું હતું કે હવે માંડ દેખાતું હતું. ઘડી પહેલાં કાંઠા ઉપર સગાંવહાલાંને ભેટી એના નાખવા, માલમ અને બિડિયાતોએ ફરી સાગર તરફ મોં માંડયાં હતાં. હજુ તો જાણે ગઇ કાલે જ જે હૈયાંઓ હરખથી થનગની રહ્યાં હતાં તે ફરીથી સૂનાંસૂનાં હીબકતાં હતાં!

બધાથી જરા જુદો ઊભેલો દરબાર અજયપાળ, એ છતરાતા જુંગ પાછળ નજર માંડી રહ્યો હતો. હવે એ જુંગ ઝાંખું દેખાતું હતું, પણ એની આંખો કાંઠે નહોતી વળતી. જિંદગીમાં બીજી વાર સોનારાણીએ જોયું કે અટાણે એને માટે પણ એ આંખમાં સ્મૃતિ ન હતી.

અજો દરબાર આ પળે ફરી અજો માલમ બની ગયો હતો. એના પગ સુકાની તૂતક ઉપર હતા; એની આંખ ઊભરાતા સઢ ઉપર હતી; એનું દિલ ભીડાતાં ક્ષિતિજ ઉપર ચોટી ગયું હતું; એના કાન ખાટલિયાના સાદ ઉપર મંડાઈ ગયા હતા. કિનારે તો માત્ર એનું પૂતળું ઊભું હતું. એના લોહીમાં દરિયાએ બબ્બે વર્ષે જે ખમીર ભેળવ્યું હતું તે આજે ફરી ઊફરો લઇ રહ્યું હતું. સોનલને આ પળ બહુ વસમી લાગી. એણે એના અજયપાળને ફરી કાંઠા ઉપર લાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું: 'હવે અંધારું થઇ ગયું છે. જુંગ નહિ દેખાય,–ચાલો ઉતારે જઈએ.'

અજયપાળે નજર ન ફેરવી. એ તો અંધારાના શૂન્યને પણ તાકતો જ રહ્યો. સોનલે એના મનની વાત ખુલ્લી કરાવવા કહ્યું: 'તમારે રાજપાટ છોડી ફરી તૂતક સંભાળવાં છે, ખરું?' અજયપાળના કાનોએ આ સવાલ સાંભળ્યો. એણે સોનલ તરફ નજર ફેરવી. સોનલ જાણે કોઇ અજાણ્યું જણ હોય એમ એ નજરમાં ઓળખાણ ન હતી!

એ અજાણી આંખો જોઈ સોનલ હેબતાઈ ગઇ. એણે છેલ્લો દાવ

અજમાવતાં ધડકતે હૈયે કહ્યું : 'સારું. અઢાર વર્ષ તો અહીં જ જમીન ઉપર તપ કરવાં પડશે, અજય! પછી જો દરિયો મહાલવો હોય તો આપણે બે ય સાથે મહાલશું.'

'અઢાર વર્ષ પછી શા માટે?' અજયપાળે વિમનસ્ક ભાવે પૂછ્યું; 'આજે જ શા માટે નહિ? અને તમે દરિયો કેમ મહાલશો?'

'પરમેશ્વરીની જેમ, સમજ્યા?' સોનલે કહ્યું, 'પણ આજે નહિ; અઢાર વર્ષ સુધી દરિયાની વાત નહિ ઉચ્ચારાય.

અજયપાળે પૂછ્યું : 'પણ એમાં અઢાર વર્ષની વાત ક્યાં આવી?'

સોનલે નીચું મોં રાખી ધીમેથી કહ્યું : 'એ તો એ તો આ-વી-જ!'

અજયપાળ ન સમજ્યો : 'પણ કેમ આવી? ને અઢાર વર્ષ શા માટે?'

સોનલે અવાજમાં છણકો કરતાં કહ્યું : 'તમે તો ખરેખર કંઇ સમજતા જ નથી. અઢાર વર્ષ ન થયાં હોય તો કોઇના ઉપર રાજનો ભાર નંખાય? ત્યાં સુધી તો તમારે રાજ સંભાળવું જ પડે ને?'

અજયપાળે પૂછ્યું : 'કયો ભાર નાખવો છે? કોના ઉપર...?'

અને અજયપાળ જાગી ગયો, એણે અંધારામાં સોનલનો હાથ પકડયો અને એના કાન પાસે મોં લાવીને કાનમાં પૂછ્યું, 'સોનલ?'

સોનલ અંધારામાં પણ શરમાઈ ગઇ. એણે આંખો નીચે ઢાળી દીધી અને કહ્યું : 'આંકે ત, ભલા, મિણે ચોણું ખપે?!' (તમને તો ભલા બધું જ કહેવું જોઇએ?!)

સમાપ્ત

પૈસો અને વિદ્યા

પૈસો મનને મેલું કરે છે, વિદ્યા ઊજળું.
પૈસો અહંકારને વધારે છે, વિદ્યા નમ્રતાને.
પૈસો ખરચતાં ઘટે છે, જ્યારે વિદ્યા વધે છે.
પૈસાને મર્યાદા છે, વિદ્યાનું ક્ષેત્ર નિઃસીમ છે.
પૈસાનું રક્ષણ આપણે કરવું પડે છે, પણ વિદ્યા આપણું રક્ષણ કરે છે.
પૈસો ચોરી કે લૂંટી શકાય છે, જ્યારે વિદ્યાનું તેમ થઈ શકતું નથી.
પૈસો વખત જતાં ઘસાય છે, પણ વિદ્યા તેજસ્વી બનતી જાય છે.
પૈસો એ રાજાઓનો વારસો છે; જ્યારે વિદ્યા એ પયગંબરોનો.
પૈસો લોભને જન્મ આપે છે; વિદ્યા ઉદારતા ને સંસ્કારિતાને.
પૈસાદાર પ્રત્યે લોકોને અંદરખાનેથી તો ધૂંધવાટ જ હોય છે,
જ્યારે વિદ્યાવાન પ્રત્યે પ્રેમ ને સંમાન.

(હજરત અલીએ દસ વિદ્વાનોને આપેલા દસ જવાબો)

પૈસાના યોગથી

દવા મળે છે, પરંતુ આરોગ્ય નથી મળતું.
વિદ્યા મળે છે, પણ ડહાપણ નથી મળતું.
એશઆરામ મળે છે, પણ આનંદ નથી મળતો.
સોબતીઓ મળે છે, પણ સ્નેહીઓ નથી મળતા.
મુલાયમ પથારીઓ મળે છે, પણ ઊંઘ નથી મળતી.
નોકરો મળે છે, પણ ઈમાનથી થનારી સેવા નથી મળતી.
ઉપરની શાંતતા મળે છે, પણ સાચી 'શાંતિ' નથી મળતી.

'શિવમ્-સુન્દરમ્'

(હરિભાઊ આપ્ટેના મરાઠી પરથી)

તમે અને ખગોળશાસ્ત્ર ★

લેખક—
હરિહર પ્રા. ભટ્ટ

કૌમાર અને ખગોળશાસ્ત્રની વચ્ચે કુદરતી સંબંધ છે. કૌમાર એ જીવનનો કુતૂહલપૂર્ણ ભાગ છે, અને ખગોળશાસ્ત્ર એ એક અત્યંત કુતૂહલપૂર્ણ વિદ્યા છે. આ વિદ્યાનો ચિત્રપટ અનંત અવકાશ જેટલો વિરાટ છે, અને તેના અભ્યાસમાં બુદ્ધિ અને કલ્પનાને વિશાળ ક્ષેત્ર સાંપડે છે. જીવનના ઊંચામાં ઊંચા આદર્શો અને કઠિનમાં કઠિન પુરુષાર્થની શરૂઆત કૌમારમાં અને યૌવનમાં જ કરવી જોઇએ. તો જ તે જીવનવ્યાપી બની શકે છે. શિવાજીના ગુરુ સ્વામી રામદાસ કહે છે: "सदा सेवीं आरण्य तारुण्यकाळीं" અર્થાત્ અરણ્ય સેવવાનો સૌથી યોગ્ય કાળ યૌવન છે, વૃદ્ધાવસ્થા નથી. એટલે યૌવન એ તપશ્ચર્યાનો કાળ છે, વિલાસનો નહિ. જગતના મહાન પુરુષોનાં જીવન જુઓ. તેઓના પ્રખર પુરુષાર્થનો આરંભ કૌમાર કે યૌવનમાં જ થયો હતો. જીવનમાં ઉત્કટ તેજસ્વિતા ન હોય, તો પછી બાકી રહે છે શું?

ખગોળશાસ્ત્ર એ એક એવી પ્રખર અને ભવ્ય વિદ્યા છે કે જેની જીવનભર ઉપાસના કરવી એ જીવનનો એક લહાવો છે. આ લહાવો લેવા માટે હું તરુણોને ભલામણ કરું છું.

ગુજરાતના યુવાનોને આ વાત કહેવી એ મારે માટે વધારે સ્વાભાવિક છે. ગુજરાતની પોતાની પણ એક વિશિષ્ટ ઊંચી સંસ્કૃતિ છે. એ સંસ્કૃતિ દ્વારા ગુજરાતના યુવાનો ભારતની અને દુનિયાની ઉચ્ચ કોટિની સેવા કરી શકે છે. આજે દેશભરમાં નવીન પ્રાણસંચાર થઈ રહ્યો છે અને ગુજરાતમાં પણ તેની ઝાંખી આપણને થાય છે.

ખગોળશાસ્ત્રનો અભ્યાસ બે રીતે થઈ શકે: એક રીત શોખના એક વિષય તરીકે, અને બીજી રીત જીવનભરની વિદ્યાની ઉપાસના તરીકે. ખગોળશાસ્ત્રને જો આપણે શોખનો વિષય ન બનાવી શકીએ, તો પણ આજના જમાનાની એક જરૂરિયાત તરીકે પણ ખગોળશાસ્ત્રનું થોડુંક પ્રાથમિક જ્ઞાન દરેકને માટે આવશ્યક છે. ખાસ કરીને કૃત્રિમ ઉપગ્રહની જે શરૂઆત થોડા દિવસથી થઇ છે, તે ભવિષ્યમાં આપણને ક્યાં લઈ જશે એ આજે કહેવું મુશ્કેલ છે. ગમે તેમ હોય, તો પણ આપણે દિન-પ્રતિદિન પૃથ્વીની બહારના વિશ્વની વધારે નજીક આવતા જઈશું એમાં તો કંઈ જ શંકા નથી. આજે આપણે કહીએ છીએ કે તાર, વિમાન, રેડિયો વગેરે દ્વારા દુનિયા ટૂંકી થતી જાય છે અને જગતની પ્રજાઓ એકબીજીની વધારે નજીક આવતી જાય છે, તેજ પ્રમાણે આપણે આજે કહી શકીએ છીએ કે આજે વિશ્વ વધારે સાંકડું બનતું જાય છે અને પૃથ્વીના લોકો બહારના વિશ્વની વધારે નજીક આવતા જાય છે. આમ ખગોળશાસ્ત્ર અગાઉ કોઇ પણ કાળે હતું તે કરતાં આજે જીવનની જરૂરિયાત તરીકે મહત્ત્વનું બની ગયું છે.

જેઓ ખગોળશાસ્ત્રને જીવનની એક ઉપાસના તરીકે સેવવા માગે છે તેમને માટે તો શું કહીએ? જીવનમાં જે ઉત્તમોત્તમ જ્ઞાનયજ્ઞો છે તેમાં આ શાસ્ત્રની ઉપાસનાને પણ ગણી શકાય છે. ખગોળશાસ્ત્રની આજીવન ઉપાસના કરતાં વધારે ઉમદા, વધારે ભવ્ય અને વધારે તેજસ્વી બીજી કોઈ બૌદ્ધિક પ્રવૃત્તિને કલ્પવી મુશ્કેલ છે. ખગોળશાસ્ત્રના અભ્યાસની શરૂઆત કેવી રીતે કરવી તેની ચર્ચા હવે પછી આપણે કરીશું. હાલ તુરત તો આ ભવ્ય શાસ્ત્રનો યથાશક્તિ અભ્યાસ કરવાનો સંકલ્પ કરવા હું ગુજરાતના કુમારોને અને યુવકોને ફરીને ભલામણ કરીને વિરમું છું.

શ્રી પૂર્ણેન્દુ પાલ

'કુમાર'ના ૪૦૦મા અંકમાં જેમની બલિષ્ઠ ને પ્રસાદપૂર્ણ શિલ્પકૃતિ 'સૂર અને સવારી' પ્રસિદ્ધ કરી હતી તે, બંગાળી કલાકાર શ્રી પૂર્ણેન્દુ પાલની એવી જ બીજી ચાર કૃતિઓ આ અંકની ચિત્રપ્લેટ પર ને બે પૂઠા પર આપી છે.

તેમનો જન્મ પૂર્વ બંગાળના બાગરા ગામે ઈ. ૧૯૨૩ની ૨૪મી ઑક્ટોબરે (શરદપૂર્ણિમાએ) થયો હતો. પિતાશ્રી દેવેન્દ્રનાથે ઇન્ટર સુધીનું શિક્ષણ લીધું છે; અને ગણિતશાસ્ત્ર, સંસ્કૃત તથા ધર્મતત્ત્વનું તેમનું ઊંડું જ્ઞાન ને ઉદાર સમજ આશ્ચર્યકારક છે. માતુશ્રી જગત્તારિણીનો ધર્મ પ્રત્યે સવિશેષ ઝોક. ભરતગૂંથણનો તેમને ઘણો જ શૉખ. ઘરની સ્થિતિ એવી ગરીબ કે રોજના નિર્વાહની રોજ જોગવાઈ કરવી પડે. ચાર ભાઇઓ ને ચાર બહેનોમાં તેઓ સૌથી મોટા.

હાલતાંચાલતાં શીખ્યા ને સમજણા થયા કે માટી ચૂંથવા માંડી. બંગાળદેશમાં દુર્ગા-સરસ્વતીપૂજાનો બહુ મહિમા. એ નિમિત્તે ઘડાતી મૂર્તિઓ જોઈ તેમણે યે મૂર્તિઓ બનાવવા માંડી. બંગાળના જાણીતા કલાપ્રકાર 'આલ્પના' (રંગોળી) પર પણ તેમણે એટલી નાની વયે આશ્ચર્યકારકપણે હાથ જમાવેલો. બાગકામ પણ બાળકળા જેવું કરતા. પછી તો ચીતરવાનો નાદ લાગ્યો, એટલે બકરાના વાળ ને વાંસની સળીની પીંછી બનાવી તથા મટોડી જેવા ઘરગથ્થુ રંગો દ્વારા ચિત્રકામ પણ આરંભ્યું. રમવાનો, માછીમારીનો, વન-અટનનો અને પંખીનિરીક્ષણનો યે જબરો શૉખ. ટૂંકામાં ગરીબાઈમાં યે જે અમીરાત રહેલી છે

'પ્રેમ'





કલાકાર પૂર્ણેન્દુ પાલ

એનો પૂર્ણપણે તેમણે મુક્ત આસ્વાદ માણેલો, જેણે તેમની કળાને સૌંદર્ય ને સાદગીનું બહોળા ફલક પર આડકતરું અનુભવજ્ઞાન બક્ષ્યું.

૧૫ વર્ષે તેમણે ઘડેલી સરસ્વતી-મૂર્તિ શહેર આખાની સરસ્વતીમૂર્તિ-સ્પર્ધામાં યોગ્યતા-પ્રમાણપત્રને પાત્ર ઠરેલી. પછીથી તેમની શાળાએ જ આ મૂર્તિ ૨૦૦રૂપિયાની રકમે ખરીદી લીધેલી. ૧૯૪૨માં મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ તેમણે દોરેલાં 'ઈદનો ચાંદ' ને 'શાહજહાંનો આખરી દિવસ' ચિત્રો જોઇને બાગરાના નવાબ(પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન) મહમદઅલી એટલા તો ખુશ થયા કે એમણે જ શ્રી રવીન્દ્રનાથ ઠાકુર સ્થાપિત આદર્શ શિક્ષણ-સંસ્થા 'વિશ્વભારતી'માં તેમને પાંચ વર્ષના ચિત્રશિક્ષણની શિષ્યવૃત્તિની સગવડ કરીઆપી. શાંતિનિકેતનના વાતાવરણે તેમના

સરસ્વતી



કલાજીવને નિર્વ્યાજપણે પોષ્યો. પોતે યે પોતાના મહેનતુ, આજ્ઞાકારી ને અભ્યાસપ્રવીણ સ્વભાવને લઇને બીજી યે એક કરતાં વધુ શિષ્યવૃત્તિઓ પ્રાપ્ત કરીને કલાચાર્ય શ્રી નંદલાલ વસુ, ચિત્રકળાશિક્ષક શ્રી રામકિંકર બૈજ અને શિલ્પવિદ્યાના શિક્ષક શ્રી વિનાયક માસોજીનો યથાર્થ કૃપાપ્રસાદ સંપાદન કરી લીધો. અને છેલ્લી પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવી એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસકાળ પણ મેળવેલો. ઉપરાંત ત્યાંના શાળાવિભાગના શિક્ષક તરીકે યે સેવા આપતા. ત્યારે વિદ્યાર્થીઓની જે ઊલટ અને પ્રીતિ તેમણે મેળવેલી એ તેના ભાગી બનેલ દરેકને ચિરસ્મરણીય રહી હશે. દરમ્યાન 'ગ્રાફિક આર્ટ'ના તેમના કેટલાક નમૂનાઓનું ઈ. ૧૯૪૬માં 'યુનેસ્કો' તરફથી પારીસમાં પ્રદર્શન ભરાએલું. આમ શાંતિનિકેતનમાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો ત્યાં અમદાવાદની અગ્રણી કેળવણીસંસ્થા 'શ્રેયસ'નાં સંચાલિકા શ્રી લીનાબહેન મંગળદાસ તરફથી કોઈ અધિકારી કલાવિદ માટે કલાચાર્ય શ્રી નંદલાલ વસુ પાસે માગણી આવી. આચાર્યની આંખમાં પહેલેથી જ વસેલા શ્રી પાલને તેમણે અહીં મોકલ્યા.

'શ્રેયસ્' સંસ્થા વિષે જેમને થોડીઘણી યે જાણકારી હશે તેઓ ત્યાંના પ્રત્યેક ક્ષેત્રનાં વિશિષ્ટ કલાભર વાતાવરણ તથા હાર્દથી પરિચિત હશે. એ વાતાવરણમાં શ્રી પાલનો મોટો હિસ્સો છે. અહીં, પોતાની ઉમદા કલાસૂઝથી જ માત્ર નહિ પરંતુ રાતદિવસનો વિચાર કર્યા વિના અપેલા તન-મનના તીવ્ર પરિશ્રમપૂર્વક કલામયતાની ભૂમિકા ને વાતાવરણ તેમણે સર્જી આપ્યાં છે. ઉપરાંત કોઈ પણ જાહેર યા ખાનગી સંસ્થાને ઉત્સવ-અનુષ્ઠાને તેની કલાત્મક સાજસજ્જા માટે આવેલું તેડું એમણે ક્યારેય નકાર્યું નથી. છતાં જાણે કશું જ કામ

'પાલન'




પોતાને હાથે થયું ન હોય એટલી નમ્રતા, પ્રફુલ્લતા ને મુક્ત હાસ્યરેખા તેમના મુખ પર રમતી હોય. ઈ. ૧૯૪૯માં 'શ્રેયસ'માં જોડાયા બાદ થોડે મહિને ત્યાં અંગ્રેજી ભ ષા તથા ગણિતશાસ્ત્રનાં શિક્ષિકા તરીકે જોડાએલાં ઊંચી કલારુચિવાળાં શ્રી માયાબહેન શિવદાસાણી સાથે તેમણે પ્રેમલગ્ન કર્યું. શ્રી માયાબહેન સિંધનાં વતની છે, અને આલ્પના તથા બાતિક એ બે કલાપ્રકારો પર તેમણે મેળવેલું પ્રભુત્વ તો ખાસ જુદો ઉલ્લેખ માગી લે એવું છે.

ઈ. ૧૯૪૯ ને '૫૦માં અમદાવાદમાં તેમની કલાકૃતિઓના યોજાએલા એક-વ્યક્તિ-પ્રદર્શને કલારસિકોની પ્રશંસા મેળવેલી. ઈ. ૧૯૫૧-૫૨-૫૩માં કૅલિફૉર્નિયાના 'લૅથામ ઇન્ટરનૅશનલ એડ્યુકેશનલ પોસ્ટર કૉમ્પિટિશન'માં તેઓ સતત પુરસ્કાર મેળવતા આવેલા. ૧૯૫૫માં કલકત્તા ખાતે તેમની કલાકૃતિઓનું પ્રદર્શન ભરાએલું અને ૧૯૫૬માં તેમની અન્ય વધુ કૃતિઓ મુંબાઈ રાજ્ય કલાપ્રદર્શનમાં મૂકવામાં આવી હતી. ૧૯૫૭ના જાન્યુઆરીમાં ફરી તેમનું એક-વ્યક્તિ-પ્રદર્શન થયું, જેની યે ગુણવત્તા પ્રશંસા પામી હતી. આવતા વર્ષે નવી કૃતિઓનું આવું એક વધુ પ્રદર્શન યોજવાની તેમની ઉમેદ છે.

ચિત્રકળા, શિલ્પ, આલ્પના, બાતિક ને નાટક-ઉત્સવ-અનુષ્ઠાન વેળાની રુચિરવ્યંજક સાજસજ્જા સુધી તેમની કલાકુશળતા પ્રસરેલી છે. તેમની કલાના વિષયો ઘરગથ્થુ પરંતુ પ્રસાદમય અને ભાવમંગલ છે. તેમની કલાનું આગવું લક્ષણ છે સુશોભન અને સાદાઈ. નાની વયથી કલાના મૂળભૂત સૌંદર્યને હૃદ્‌ગત કરનાર આ કલાર્થી પાસેથી ભવિષ્યને ઘણી આશા છે.

'ગુમાન' : શ્રી પૂર્ણેન્દુ પાલ





રાજઘાટ ખાતે ગાંધીજીની સમાધિ પર રચાનારા સ્મારક માટે પસંદ થએલી ભારતભરના સ્થાપત્યવિશારદોની ચાર શ્રેષ્ઠ કૃતિઓ પૈકી રૂ. ૪૦૦૦નું ઇનામ પામેલી ગુજરાતી કૃતિ (જુઓ નીચે)

ગુજરાતના સોમપુરા શિલ્પીની કદર

દિલ્હીમાં રાજઘાટ ખાતે ગાંધીજીના સમાધિસ્થાને રચવાના એક વિરાટ સ્મૃતિસ્મારકની શ્રેષ્ઠ કલ્પનાકૃતિ મેળવવાને ભારત સરકાર તરફથી સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં પરદેશોમાં તાલીમ પામેલા વિશારદો તેમજ ભારતભરમાં શિલ્પવ્યવસાયમાં પ્રૌઢ ઠરેલા કલાકારો વચ્ચેથી ગુજરાતમાંથી પ્રાચીન શિલ્પશાસ્ત્ર પ્રમાણે સિદ્ધહસ્ત બનેલા સોમપુરા સ્થપતિ શ્રી અમૃતલાલભાઇ ત્રિવેદીને ચૌલુક્ય ઘાટના સ્મારક માટે નિર્ણાયકમંડળે એકસો જેટલી કૃતિઓમાંથી પસંદ કરેલાં ચાર ચિત્રો પૈકીનું એક પારિતોષિક રૂ. ૪૦૦૦નું સરકાર તરફથી મળ્યું છે. આ હકીકત ગુજરાતને ગૌરવ અને શોભા આપનારી છે.

૪૦૦મા તથા તે પહેલાંના અંકોમાંની પોતાની કૃતિઓથી 'કુમાર'વાચકોને પરિચિત શ્રી. અમૃતલાલ ત્રિવેદી હાલ આબુ પરનાં દેલવાડાનાં મંદિરોનું સમુદ્ધારકાર્ય શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી કરી રહ્યા છે અને તેમાં પણ તેમણે પ્રાચીન શિલ્પકૃતિઓને સર્વથા સંપૂર્ણ બનાવી યશ મેળવ્યો છે. આવા શિલ્પીઓ દેશની સંસ્કૃતિનો તાર પૂર્ણ સાધનાથી સાચવી રહ્યા છે. તેમની વિદ્યા અને કસબ જળવાઈ રહે તેવી યોગ્ય વ્યવસ્થા અને સંસ્થા સ્થાપવાની રાજ્ય પોતાની ફરજ વિચારશે એવી આશા રાખવી યોગ્ય થશે. –રવિશંકર રાવળ

ત્યાગરાજની કલા

આ અંકમાંનાં રંગચિત્રોના કલાકાર ત્યાગરાજ દેશ જેટલા જ પરદેશમાં પણ લોકપ્રિય થયા છે, અને તેમનાં ચિત્રો ઘણાં વિદેશી ગૃહોનાં સુશોભન બન્યાં છે. કલાત્મક આંખે ઝડપેલાં દશ્યોનું કુશળ પીંછી વડે આબેહૂબ નિદર્શન કરાવતી એમની કૃતિઓ, રંગપલટાની અદ્‌ભુત રમત દાખવવાની એમની તાકાતની દ્યોતક છે. મુખચિત્ર 'પ્રવાસની તૈયારી'માં, કામે વળગેલા નાવિકોની ચેતના તેની બહુરંગી વાદળલીલામાં પણ તરવરે છે. 'બુંદીની બજાર'-ના નાના ચિત્રમાં પણ દશ્યનું ઊંડાણ કામઢા લોકોની હલચલ અને આકાશને છાઈ રહેલું ઝાડ ચિત્રના વિસ્તારને સજીવ ભરચકતા અર્પે છે. તેને પડછે, 'નવધાન્ય' ચિત્રમાં, ઠંડી છાયામાં ઊભેલાં ઘરોનાં ઊજળાં આંગણાંમાં ઊપણાતા અનાજને નિરાંતે જોઈ રહેલો ડોસો ગામડાની શાન્ત સજીવતાને મૂર્ત કરે છે.

'સંયુક્ત શ્રમ' : શ્રી પૂર્ણેન્દુ પાલ





અંગાર એક બસ ગંજી અનેક રૂમાં
દુર્ગુણ એક હણતો કુલ તેમ સંધું;
સૌયોધનીય પ્રકૃતિ ઇતિહાસ દાખે
જેમાં ગયા ખપી કંઈ કુરુ-પાંડુ-શ્રેષ્ઠ;
એ સર્વ ગર્વ તણી ચંડ પ્રપંચમાયા.

('કવિતા' મણુકો ૯મો) —'વિવિત્સુ'

જનતાના વિજ્ઞાની : જે. બી. એસ. હૅાલ્ડેન

સામાન્યરીતે દેશો કે વ્યક્તિઓ અમુક જણને દત્તક લે છે; પણ હમણાં એથી ઊલટું બન્યું છે. ઈંગ્લંડના મહાન જીવનવિજ્ઞાનશાસ્ત્રી અને નિર્ભીક સંશોધક પ્રો. જે બી. એસ. હૅાલ્ડેને ભારતદેશને દત્તકદેશ તરીકે સ્વીકાર્યો છે! વર્તમાન યુગના જીવવિદ્યાના એ વિચક્ષણતમ વિજ્ઞાનીએ સ્વદેશ બ્રિટન ('એ ગુલામ રાજ્ય છે' કહીને) છોડયો છે અને વ્યક્તિમતસ્વાતંત્ર્યને રાહે ભારતની વિશાળ સમન્વયકારી તથા ભદ્ર સમદષ્ટિમાં પોતાનાં આશ્રય ને શ્રેય શોધ્યાં છે. હાલ તેઓ પોતાનાં પત્નીને સહાયક તરીકે રાખીને ભારતની 'ઇન્ડિયન સ્ટૅટિસ્ટિકલ ઈન્સ્ટીટયૂટ'માં જીવવિદ્યાના સંશોધનકાર્યમાં જોડાયા છે.


એ પ્રો. જ્હૅાન બર્ડન હૅાલ્ડેનનો જન્મ, શરીરવિજ્ઞાની ને ફિલસૂફ પિતાને ઘેર ઈ. ૧૮૯૨માં થએલો. તેમની નિર્ભીક વિજ્ઞાનસેવાની શરૂઆત તેઓ ત્રણ વર્ષના હતા ત્યારથી થઈ એમ કહી શકાય. એ વખતે તેમના પિતા વૈજ્ઞાનિક પ્રયોગોમાં પૃથક્કરણ માટે નમૂના તરીકે તેમનું લોહી લેતા! પુત્ર શાહી નૌકાદળમાં જોડાઇ એક બહાદુર નાવિક બને એવી પિતાની ઇચ્છા હતી. નિયમ પ્રમાણે દરિયામાં ૧૬ ફૂટ ઊંડે સુધી ડૂબકીઓ મારનારને અમુક માસની તાલીમ જરૂરી ગણાતી; પરંતુ પુત્રને સુંવાળપથી સદંતર દૂર રાખવા તલપાપડ થતા પિતાએ તો પુત્રને આગળ કરતાં સત્તાવાળાઓને સાફસાફ કહી દીધું: 'આ રહ્યો મારો પુત્ર. હજી તેર વર્ષનો પણ થયો નથી. છતાં તમતમારે એને લઈ જાઓ તથા દરિયામાં ચાહો ત્યાં એને ફેંકજો.' 'અને' પ્રો. હૅાલ્ડેન લખે છે, 'એ લોકો મને લઈ ગયા. ડૂબકીનો પોશાક મને ભારે મોટો પડતો હતો. પાણીમાંથી મને બહાર કાઢયો ત્યારે એ આખો ગળા સુધી પાણીથી ભરચક થઈ ગયો હતો!'

ઈટનની જગવિખ્યાત શાળામાં હતા ત્યાં પહેલું મહાયુદ્ધ સળગ્યું. એ સાંભળતાંવેંત શાળા છોડી તેઓ સીધા યુદ્ધમાં જોડાઈ ગયા. ત્યાંથી નીકળ્યા ત્યારે તેમની શક્તિઓને સરાણે ચડવાની જ વાર હતી. ઉત્તરોત્તર સિદ્ધિમૂલક સ્થાનોએ તેમની બઢતી થતી ગઈ: ઑક્સફર્ડની ન્યૂ કૉલેજના ફેલો; કેમ્બ્રિજમાં જીવ-રસાયણ વિજ્ઞાનના રીડર; રૉયલ ઇન્સ્ટીટયૂટના શરીરવિજ્ઞાનના ફુલેરિયન પ્રોફેસર; ૧૯૩૩-૩૬ સુધી લંડન યુનિવર્સિટીના જેનેટિક્સના પ્રોફેસર; 'જેનેટિકલ સોસાએટી'ના પ્રમુખ; રૉયલ સોસાએટીના ફેલો અને જગતની કોડી એક વિદ્વદ્-સંસ્થાઓના સભ્ય. ૧૯૩૭થી તેઓ લંડનમાં બાયૉમીટ્રીના પ્રોફેસર હતા. પણ એમની



ખરી કીર્તિદા તો એમણે જનતાનો સાદો માણસ પણ સમજી શકે એ રીતે વૈજ્ઞાનિક વિષયોનું નિરૂપણ કરતા જે નાના રસમય નિબંધો લખ્યા છે તે છે. એવા લોકપ્રિય વૈજ્ઞાનિક નિબંધોથી ભરેલા 'પૉસિબલ વર્લ્ડ્ઝ' અને 'ફૅક્ટ ઍન્ડ ફેઇથ' જેવા તો ઘણા સંગ્રહો તેમણે બહાર પાડયા છે. તેમની છેલ્લી કૃતિઓમાંની એક 'સાયન્સ ઍડ્વાન્સીઝ' (૧૯૪૭)માં માર્ક્સવાદી દષ્ટિબિંદુ પરથી લખાઈ છે. આવી જ તેમની એક કૃતિ 'હેરેડિટી ઇન પૉલિટિક્સ' પ્રગટ થઈ એ અરસામાં 'માઈ ફ્રેન્ડ મિ. લીકી' જેવી સુંદર બાળવાર્તા પણ પ્રકાશિત થએલી, જે તેમના પ્રસાદમય ને વિકસ્વર માનસનો પરિચય કરાવે છે. ૧૯૪૦થી

આપણાં જંતુઓ-૧૪ : છાણના કીડા



નર માદા

નામ માત્રથી સુગાઇને જેમના અન્ય જંતુઓ કરતાં અનેકગણા મહત્ત્વના ને કીમતી કામ વિષે આપણે કશું જાણતા નથી તે છાણના કીડા એ તો પ્રકૃતિનો સબળ ભંગીગણ છે. શાસ્ત્રીયરીતે તે Scaravænae વર્ગના અને gymnopleurus miliaris નામના; તથા લીલું છાણ ખાનારા એ જ વર્ગના અને onthophagus capell નામના.

પાછલા પગ ખૂબ લાંબા, છાણની ગોળીઓ પકડી રેડવવાને અનુકૂળ. આગલા પગ પર કોદાળી કે તીકમ જેવા ખૂંપા, જેની મદદથી એ દર ખોદી શકે છે. માથું ચપટું, સપાટ, આગળના ભાગમાં દાંતાવાળું, એની નીચે મોંના અવયવો બધા ઢંકાઈ જાય એટલું વિશાળ; અને ખોદતી વખતે પણ આ માથુ માટી ઉછાળવા પાવડાની ગરજ સારે; છાણની ગોળી વાળવામાં પણ તે ઉપયોગી. આગલી પાંખો જડ-નિરુપયોગી; એની નીચે ઢંકાએલી પાછલી બે મુલાયમ પાંખોથી તે ઊડી શકે. રંગ સામાન્ય રીતે કાળો, ક્યારેક ચળકતો.

આ કીડા છાણ ખાઇને જીવનારા. છાણમાં મોં ઘાલીને શોધીશોધીને સરસ ખાદ્ય ભાગ તારવે, ને સૂપડાં જેવાં જડબાં ને પાવડા જેવા દૃઢ પગની મદદથી છાણની લાડુ જેવી ગોળી બનાવે. ગોળી ભાંગી હોય તો તે સાંધવાનું, તે ખોવાયે ગોતતાં આડે આવતા નડતરની પાર જવાનું, આંખો દેખી શકતી ન હોવા છતાં દિશા ભૂલતાં ખરે રસ્તે આવી જવાનું તેને કુદરતીરીતે જ આવડે છે. ગોળી માટે કઠણ ઘટ્ટ છાણ પસંદ કરે. ઉનાળામાં ઊંઘવાની પણ ફુરસદ ન મળે એટલા વ્યવસાયમગ્ન બની જાય. સ્વભાવે નીડર ને કામગરા.

સામાન્યરીતે ગોળી વાળવાનું કાર્ય માદાનું, છતાં એને રેડવવામાં નર સામેલ હોય. એ ગોળીઓ દરમાં લઈ જઈ ભોજનભંડાર ભર્યો રાખે. ગોળીની વચ્ચોવચ્ચ માદા ઇંડું મૂકે છે.

પ્રકૃતિની સુઘરાઈનું કામ કરવા ઉપરાંત આ કીડા ખેતરની માટીમાં છાણના ખાતરને એકરસ કરીને ખેડૂતને મદદરૂપ થાય છે.

('વનેચર'ના લેખ પરથી)

૧૯૪૯ સુધી તેઓ ઈંગ્લંડના અગ્રણી મજૂર દૈનિક 'ડેઈલી વર્કર'ના તંત્રીમંડળના પ્રમુખ હતા.


વિજ્ઞાનમાં તેમને સજીવ અને નિઃસ્વાર્થ માનવપ્રેમી રસ છે. બ્રિટન તથા માનવજાત સમસ્તની રક્ષાને અર્થે વિજ્ઞાનને જે જોખમપૂર્વક તેમણે પોતાના જીવનમાં પ્રયોજ્યું છે એ તો એક ઊજળી બલિદાનકથા બની રહે છે. સુભાગ્યે એ દરેક પ્રયોગમાંથી તેઓ અક્ષુણ્ણ પસાર થઈ શક્યા છે. કોઈ પણ વિષય પર કશું યે વિધાન માની લેવાને તેઓ તૈયાર નથી. તેઓ સદા કહે છે કે પહેલાં 'કૂતરા પર એનો અખતરો કરો.' અને આ 'કૂતરો' તે બીજું કોઈ નહિ પણ પ્રો. હૅાલ્ડેન પોતે!

બ્રિટનમાં કાયદો છે કે કૂતરાને મૂર્ચ્છિત કર્યા વિના પ્રયોગ ખાતર તેના શરીરનું છેદન ન થઈ શકે. તો પછી જાગૃત અસર જોવી કઈ રીતે? આથી હૅાલ્ડેન પોતે જ સેન્ટ બાર્ટોલૉમ્યુ ઑસ્પિટલે જાત પર પ્રયોગ કરાવવા ઊપડેલા. મધુપ્રમેહના રોગ પર સંશોધન કરવાનું હતું ત્યારે આ રોગમાં જણાતું 'ઍસિડૅાસિસ' તત્ત્વ એમણે પોતાના જ શરીરમાં દાખલ કરાવેલું. બાળકોની આંકડીના રોગનું દાક્તરો સંતોષકારક નિદાન કરી શકે તે માટે છત્રીસ વર્ષની ઉમરે તેમણે પોતાના શરીર પર ઈન્જેક્શનો મરાવીને સખત આંકડીની સતત દોઢ કલાકની ઉપાધિ વહોરેલી! કાર્બન મૉનૉક્સાઈડના ઝેરની અસર તપાસવા માટે એક વાર તેઓ પોતાના સાથી સાથે જીવલેણ વરાળ-ધુમાડો ભરેલા એક ખંડમાં ભંડારાયા હતા. અંતે ૪૦ ટકાના સૅચ્યુરેશન પૉઇન્ટ વખતે તૂટક યાદદાસ્ત અને અચકાતા હલનચલન જેવાં બાહ્ય ચિહ્નો દેખાવા માંડેલાં. તેજાબમય લોહીની અસર જાણવાને એક વાર માત્ર છ કે સાત ટકા કાર્બન ડાયૉક્સાઇડવાળા, બહારની હવા અંદર પ્રવેશી જ ન શકે તેવા, એક ખંડમાં પુરાએલા. પરિણામે તેમને ગજબનાક શિરોવેદના ઊપડેલી. 'પરંતુ અમારે તો શરીરનો તેજાબ દિવસો સુધી શરીરમાં જ સંઘરી રાખવાનો હતો, કહો કે હાઇડ્રૉક્લૉરિક તેજાબ મોઢે માંડવાનો હતો! સહેજે ગફલત થઈ તો અખતરો ખતરો બની જાય તેવું હતું!' ધનુર્વાના કિસ્સા પર ઍમોનિયમ ક્લોરાઇડની અગત્ય સાબિત કરવા માટે એક વાર એનો એક ઔંસ તેઓ ફાકી ગએલા! નાના કદની સબમરીનોમાં સમુદ્રને પેટાળે મનુષ્ય કેટલું રહી શકે એ વિષે ઈ. ૧૯૪૦ માં બ્રિટિશ નૌકાદળને માહિતી જોઇતી હતી. તે સાહસ માટે ડૅા. કેસં તૈયાર થયા અને પ્રો. હૅાલ્ડેન તો સ્વભાવસજ્જ હતા. સબમરીનની ખોલી એટલી નાની હતી કે એક માણસ પણ માંડ પોતાનું શરીર તેમાં સમાવી શકે અને બીજાએ તો પોતાને જાણે લકવો થઈ ગયો હોય એમ હાલ્યાચાલ્યા વગર બેસી રહેવું પડે. પોલાદનું આ કોચલું પૅાર્ટ્સમથ બંદર સાથે ટેલિફોનથી જોડાએલું હતું. જર્મનોના એક બ્લિટ્ઝ આક્રમણ દરમ્યાન તેને ઉપસાગરમાં ઉતારવામાં આવ્યું. કલાકે કલાકે એકથી બે ઘનફીટ હવા તેઓ ગુમાવતા જતા હતા, અને ત્રણ કલાકે તો શ્વાસ લેવા પૂરતો ઑક્સિજન પણ અંદર ન રહ્યો. આ કારાગારમાં ૪૮ કલાક ગાળ્યા પછી તેમને બહાર કાઢવામાં આવ્યા ત્યારે અંદર ઑક્સિજન એટલો ઓછો થઈ ગએલો કે દિવાસળી ઘસતાં તે પણ ચેતે નહિ! પણ, નાની સબમરીનમાં બે માણસો બે દિવસ સુધી રહી તો શકે તેમ આ પ્રયોગે સાબિત કરી આપ્યું અને યુદ્ધને ટૂંકું કરવામાં સહાય કરી!

તેમના શૉખોનું વૈવિધ્ય આશ્ચર્ય પમાડે એવું છે. તેઓ એક વાર સામ્યવાદી હતા એ આજે મહત્ત્વનું રહ્યું નથી, કારણ કે લોકશાહીના આ યુગમાં દરેક મનુષ્યને સ્વતંત્ર વિચારો ધરાવવાનો હક છે. છતાં લાક્ષણિક સામ્યવાદી કરતાં તેઓ તદ્દન નિરાળી વ્યક્તિ છે. ગમે તેમ; એક વાર એ અતિથિ તરીકે આવેલા, તેમ આજે હવે પોતાના જ એક વિદ્યાવાન આચાર્ય તરીકે ભારતને તેઓ સરખા જ આદરણીય છે.

ચૅનલ ટનલ-જગતનો સૌથી મોટો ભૂગર્ભ માર્ગ

ફ્રાંસ અને ઇંગ્લંડ વચ્ચે આવેલી ખાડી 'ઇંગ્લિશ ચૅનલ' નીચે ભૂગર્ભમાં એક માઈલ જેટલી લાંબી ટનલ (બુગદો) ખોદીને એ વાટે જ બ્રિટન તથા ફ્રાંસનું જોડાણ કરવાની લગભગ ૧૫ કરોડ પાઉન્ડની એક યોજના હમણા ફ્રાંસ તથા ઈંગ્લંડમાં વિચારાઈ રહી છે. સુએઝ કે પનામાની નહેરોના કરતાં યે આ સાહસ ઘણું મોટું છે; છતાં શક્યતાએ આવતા દસકામાં આ કાર્ય પૂરું કરવાની આશા રખાય છે.



આ યોજના તો જો કે છેક ઇ. ૧૮૨૦થી વિચારાઇ રહી છે, અને એ માટે બ્રિટનમાં 'ચૅનલ ટનલ કંપની' નામે એક કંપની પણ સ્થપાઇ ચૂકી છે. નેપોલીઅન બૉનાપાર્ટે પણ આ યોજનામાં ઊંડો રસ દર્શાવેલો, પણ પછી ફ્રાંસ અને બ્રિટન યુદ્ધે ચડતાં બધું પડતું મુકાયું; એટલું જ નહિ પણ એક એવો ભય પણ સેવાવા લાગ્યો કે કદાચ આ માર્ગે જ શત્રુઓ બ્રિટનમાં પ્રવેશ પણ કરી શકે. અને આ મુખ્ય ભયને લીધે જ ૧૮૭૦માં તેનું શરૂ થઇ ચૂકેલું કાર્ય અટકી ગએલું એ વખતે ફ્રાંસ તરફથી એકાદ માઈલ અને બ્રિટન તરફથી સવા માઇલ જેટલું ખોદકામ પણ થઇ ગએલું, જે હજી સુધી જાળવી રખાયું છે.

આમ, આ કાર્ય અટકી પડવા છતાં પાર્લામેન્ટમાં અવારનવાર આ પ્રશ્ન ફરીફરીને ઊઠતો જ રહ્યો, પણ આખરે અણુશસ્ત્રોએ એ બધી ઘડભાંજનો અંત લાવી દીધો. આજે તો બ્રિટનને તોડી પાડવા કોઈ શત્રુને એવા ભૂગર્ભ માર્ગે ઇંગ્લંડની ધરતી પર આવવાની જરૂર નથી રહી. એટલે હાલ જ્યારે યુરોપના દેશોમાં રાજકીય અને આર્થિક સંબંધો બાંધવાની યોજના વિચારાઈ રહી છે ત્યારે બ્રિટન ને ફ્રાંસ સાથે જોડતી આ એક ભૌતિક કડી ભવિષ્યના અનેક સંબંધોને વધુ ગાઢ કરી શકે તેમ છે.

અને આથી જ 'બ્રિટિશ ચૅનલ ટનલ કંપની'ની સાથેસાથે 'ફ્રેંચ ટ્રાન્સપોર્ટ ઇન્ટરેસ્ટ્સ' અને 'યુનાઇટેડ સ્ટેટ્સ ઈન્વેસ્ટર્સ' પણ આ યોજનામાં ઊંડો રસ લઈ રહ્યાં છે. પણ આ બધામાં સૌથી વધુ રસ લે છે 'સુએઝ કૅનાલ કંપની.' એમ પણ મનાય છે કે ઇજિપ્ત સાથેના સુએઝની નહેરના ઝગડાની પતાવટ થઇ જતાં આ કાર્યમાં સારી પેઠે રોકાણ થઈ શકે તેટલી રકમ ઇજિપ્ત તરફથી આ કંપનીને મળવા સંભવ છે.

કોઈ પણ જાતનો આખરી નિર્ણય બાંધવા પહેલાં આ કાર્યને માટે આર્થિક, યાંત્રિક, ભૂસ્તરીય ઇત્યાદી બધી જ દૃષ્ટિએ એક સર્વાંગ મોજણી કરી લેવા એક સમિતિ પણ નિમાઈ છે, જેમાં સુએઝ કૅનાલ કંપનીએ પોતાના ઘણા નિષ્ણાતો આપ્યા છે. ગયા જૂન માસથી આ સમિતિએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું છે. દોઢેક વર્ષમાં તેનો અહેવાલ મળી રહેવાની આશા રખાય છે. જો એ પરથી અનુકૂળતા જણાશે તો ટનલ માટેના કાર્યની શરૂઆત કરી દેવામાં આવશે.

એમ મનાય છે કે ૨૨ માઈલ પહોળી ઈંગ્લિશ ચૅનલ નીચે, બ્રિટનમાં ડોવર(Dover)થી માંડી ફ્રાંસમાં કેલે (calais) નજીક સાંગેત (Sangatte) સુધી લગભગ ૩૦ માઈલ લાંબી ટનલ બનશે, જેમાં ૧૭ ફીટના વ્યાસના બે રેલવે બુગદાઓ હશે તથા સાફસૂફી ને કચરાના નિકાલ માટે એક ત્રીજો નાનો બુગદો હશે. આ બુગદાઓમાં વીજળીથી ચાલતી ગાડીઓની અવરજવર હાલ તો શક્ય લાગે છે; કેમ કે પેટ્રોલના ધુમાડાને કારણે અંદરનું વાતાવરણ ઝેરી બનતું હોઈ મોટર વગેરે વાહનો તેમાં નહિ ચાલી શકે. તેની શક્યતા વિચારી જોવાશે ખરી.




કાશ્મીરી કનવાર, પંજાબી ઝૂમખી, મારવાડી ઝેલણાં
અને ભરવાડી ઝુમ્મર: વિવિધ પ્રકારો

કર્ણફૂલ

સ્ત્રીના મહત્ત્વના બે ત્રણ અલંકારોમાં કર્ણફૂલ એ મુખ્ય છે. નારી-સમાજની તેના તરફની પસંદગી એકસરખી જ ટકી રહી છે. દક્ષિણ અમેરિકાની મેક્સિકન નારીથી માંડીને અંધારા આફ્રિકાની હબસી સ્ત્રી; ઇજિપ્તની પરદાનશીન મહિલાથી માંડીને લંડન-પારીસની ફૅશનપરસ્ત યુવતી; હિમાલયના હિમ પ્રદેશની નારી જોઇએ કે વેરાન અરબસ્તાન-ની મહિલા; આ સર્વ દેશની નારીઓએ જુદાજુદા ઘાટ અને રૂપમાં કર્ણફૂલને જ પ્રથમ પસંદગી આપી છે.

ભારતીય નારીના અલંકારોમાં કર્ણફૂલનો ઉદ્‌ભવ અતિ પ્રાચીન છે. ઈશુની પણ પહેલાં રચાએલાં ઘણાં નીતિસૂત્રોમાં તેના પ્રકારો અને નિયમો અસ્તિત્વમાં હતા. આદિ નારી પ્રથમ કાન ઉપર ફૂલ-પાનનો અલંકાર તરીકે ઉપયોગ કરતી. આ પછી, છીપ, શંખ, હાથીદાંત વગેરેનો ઉપયોગ શરૂ થયો. પ્રાચીન અવશેષોમાં મળેલી છીપને કોરીને બનાવેલી કાનની કડીઓ આની સાક્ષી પૂરે છે. આ પછી ધાતુ આવી. ધાતુની અને લાંબા તારની કડીઓ કાનમાં પહેરવાની પ્રથા તો આજે પણ આદિવાસી જાતિઓની સ્ત્રીઓમાં જગતમાં વિદ્યમાન છે. કાનની આ જાતની તારની કડીઓમાંથી જ કુંડળ, અને કુંડળ ઉપરથી 'કર્ણફૂલ'નાં વિવિધ રૂપો પેદા થયાં, જેની સારી માહિતી આજે ઉપલબ્ધ છે. મગરના મુખના આયોજનવાળાંને 'મકરકુંડળ' સિંહમુખવાળાંને 'સિંહકુંડળ' રત્નોવાળાંને 'રત્નકુંડળ' અને ફૂલ જેવા આયોજનવાળાને 'કર્ણફૂલ' કહેતા. તેના ચોક્કસ નિયમો હતા: 'વૃત્તકુંડળ' (ગોળ વાળી જેવાં કુંડળ) યોદ્ધાઓ માટે, 'મકરકુંડળ' બ્રાહ્મણો માટે વગેરે. આ નિયમો એટલી ચોક્કસ રીતે પળાતા કે પ્રાચીન શિલ્પોમાં કોની પ્રતિમા છે તે ઓળખવા માટે આ કુંડળનું રૂપ એક અગત્યની નિશાની ગણાય છે. પછીના કળાસમૃદ્ધ યુગમાં તો 'કર્ણફૂલ'નાં રૂપોનો ખૂબ વિકાસ થયો, જે અજંતાનાં ચિત્રો તથા પ્રાચીન શિલ્પોમાં જણાય છે. એ પછી ક્ષીણતાના કાળ દરમ્યાન રક્ષણવૃત્તિથી સંકોચાઇને રહેલા અવશેષો આદિવાસી અને ગ્રામ્ય નારીઓનાં અલંકારોમાં જોવા મળે છે.

પાછળ વાળમાં સાંકળી ખોસવાની સગવડવાળાં સૌરાષ્ટ્રની આહી-રણનાં સુવર્ણફૂલ, રાજપુતાણીનાં ઠોળિયાં, રબારણોનાં ઝુમ્મર તોટી,



કર્ણફૂલ: સૌરાષ્ટ્રની પોખાની, વેઢલો, ટોટી; માછી-
મારણનું મકરકુંડળ, સૌરાષ્ટ્રની નખલી ને વાળી, નાગા
જાતિની નારીનાં કુંડળ, વૃત્તકુંડળ, રત્નકુંડળ ને કોકરવાં.



સૌરાષ્ટ્રનાં કર્ણફૂલ: ઢોળિયાં, કાંપ ને કોકરવા

ને પોખાની, ભરવાડણનાં ચાંદીનાં ઝુમ્મર, રાજસ્થાની નારીનાં તોટી અને ઝૂલણાં, મહારાષ્ટ્રનાં મોતીફૂલ, મુંબઇની માછીમારણનાં મકરકુંડળ, મદ્રાસનાં ગોંડના ચાંદીફૂલ, પંજાબની ઝૂમખી અને કાશ્મીરનાં કનવાર, આ બધાં કર્ણફૂલોનાં વિવિધ રૂપોમાં ડિઝાઇનોનું એટલું વૈવિધ્ય છે કે એક જ ચીજને ભિન્નભિન્ન કલ્પનાથી કેટલી બહેલાવી શકાય તેનાં એ દૃષ્ટાંત એક નાનાંશા પ્રદર્શનની ગરજ સારી શકે તેમ છે.

કર્ણફૂલનું આયોજન મુખની રચના ઉપર અવલંબે છે. કાન, આંખ અને નાકના આકારને ઉપયુક્ત 'કર્ણફૂલ' હોય તો ચહેરાને અનેરો ઉઠાવ આપે છે. ઉપરાંત લટકણિયાં 'કર્ણફૂલ'નો ઉપયોગ કાન અને ખભા વચ્ચે પડતો ગાળો પૂરવા માટે પણ છે. લાંબા નાક ને અણીવાળા લાંબા મુખવાળી વ્યક્તિએ લાંબો આકાર પસંદ કરવો જોઇએ; ગોળ મુખાકૃતિવાળી વ્યક્તિએ ગોળ અથવા જરા અંડાકારને. લાંબી ડોકવાળી વ્યક્તિએ લટકતાં એરિંગ અથવા ઝુમ્મર, અને ટૂંકી ડોકવાળી વ્યક્તિએ કાન ઉપર ચપોચપ થાય એવો આકાર પસંદ કરવો જોઇએ. ઉપરાંત, 'કર્ણફૂલ'ની પસંદગીનો આધાર શરીરના બીજા અલંકારો તેમજ વસ્ત્રો પર પણ અવલંબે છે. ગળામાં ભારતીય ગુલબંધ કે તનમનિયું પહેરીને કાનમાં પશ્ચિમી ઢબની જિપ્સી-રિંગ ન પહેરાય. ત્યાં તો કર્ણફૂલ કે ઝૂમખી જ શોભે. એ જ રીતે નૃત્ય કરતી યુવતીએ શિલ્પવાળી સાડીપિન પહેરીને કાનમાં ભારતીય ઝૂમખી ન પહેરાય. પિન પહેરી હોય તો કાનમાં જિપ્સી-રિંગ જેવો જ પાશ્ચાત્ય આકાર જ પસંદ કરવો જોઇએ. એ જ રીતે ફ્રૉક પર ઝૂમખી કે લટકણિયાં સાડી જેટલાં ન શોભે.

સૌન્દર્યની દૃષ્ટિએ કોઈ ચોક્કસ ઘાટ જ શોભે એવું નથી. કોઈ પણ ઘાટવાળો અલંકાર યોગ્ય દૃષ્ટિથી પહેરાય તો સુંદર જ લાગે.

('સ્ત્રીજીવન') —હિંમત ચુ. ઝવેરી

જાપાની સ્ત્રીઓ

અમે ટોકિયોમાં ઊતર્યા ત્યારે જાપાની સ્ત્રીપુરુષને જોવામાં ખૂબ રસ પડયો. જાપાની સ્ત્રીઓ, ચીની સ્ત્રીઓ જેવી નાજુક બાંધાની અને એકવડી નથી હોતી, પણ કસાએલી ને તંદુરસ્ત દેખાય છે. જાપાની નીચાં હોય છે. વાળ કાળા અને તદ્દન સીધા, આંખો બદામ ઘાટની અને ગાલ ઉપસેલા; ચામડી ચીની લોકો જેવી પીળી કે શ્યામ નહિ પણ ગૌર. તેઓ હમેશાં હસતી હોવાથી તેમના ચોખ્ખા દાંત ધ્યાન ખેંચે છે.

જાપાનીઓનો મૂળ પોશાક કિમોનો. કિમોનો એટલે રેશમી જભ્ભો: લગભગ પગની ઘૂંટી સુધી લાંબો. પ્રથમ અંદર સુતરાઉ કિમોનો હોય; તે ઉપર રેશમી. જેમ વધારે ઠંડી વાય તેમ એક ઉપર એક તેઓ રેશમી કિમોનો પહેરતાં જાય. શિયાળામાં બરફ પડે ત્યારે છ-સાત કિમોનો તેઓ પહેરી લે છે. આ કિમોનો હાથે દોરા ભરી બનાવાય છે. જ્યારે તે ધોવા જેવો થાય ત્યારે દોરા ખેંચી કાઢવામાં આવે છે અને ધોયા પછી ફરી પાછા દોરા ભરવામાં આવે છે. વસંત, શરદ એમ ઋતુઋતુના કિમોનોની અતિ સુંદર ભાત ચીતરેલી, છાપેલી કે ભરેલી હોય. છાતી આગળ તેઓ ઓબી નામે પટ્ટો પહેરે છે. તે ખૂબ કીમતી વણાટ કે કિનખાબ કે બાંધણીનો હોય છે. પીઠ આગળ આ પટ્ટાની ગાંઠ નીચે તકિયો મૂકે છે. આને લઇને જાપાની સ્ત્રીઓ હમેશાં ટટ્ટાર બેસે છે અને ચાલે છે. પગમાં તેઓ સફેદ કાપડનાં મોજાં, અને લાકડાં કે મખમલ કે ઘાસના 'ગેટા' ચંપલ પહેરે છે. તેઓ સરસ રીતે ચીતરેલી કાગળ અને વાંસની છત્રીઓ ઓઢે છે. વાળમાં કેમીલિયાનું તેલ નાખી તેનો ખૂબ સરસ રીતે ઊંચો અંબોડો બાંધે છે. તેમાં ફૂલો, ચાંદીના કાચબાની ઢાલ કે કાગળનાં આભૂષણો ખોસે છે. આવા વાળ બાંધતાં કલાકો થાય, તેથી તેને ઓળ્યા પછી સ્ત્રીઓ લાકડાની ઘોડી ઉપર માથું ટેકવી સૂએ છે, અને એમ અઠવાડિયા સુધી તે કેશકલાપને સંભાળે છે. મોં પર ચોખાનો કોરો લોટ ચોપડી તદ્દન સફેદ બનાવે છે. હોઠ કાળા રંગવાનો પ્રચાર પણ હતો. છેલ્લી લડાઈ પહેલાં મોટા ભાગની સ્ત્રીઓ ઘરમાં અને બહાર આવો જ પોશાક પહેરતી હતી, પણ હવે તે પોષાક લોપાતો જાય છે ને એને બદલે યુરોપીય પોષાક પ્રચલિત બન્યો છે.

જાપાની તેમના બહુ જ નાના ઘરને અતિશય સ્વચ્છ અને સુઘડ રાખે છે. જોડા ઘર બહાર ઉતારવાના હોય છે, અને ઘરને માટે ખાસ સપાટનો ઉપયોગ કરવામાં આવે છે. ક્યાંયે ડાઘ જોવા ન મળે. તેમનાં નાવણિયાં અને પાયખાનાં ખૂબ સાફ હોય છે. જમીન પર ચટાઇ હોય છે અને ઓઢવા-પાથરવા માટે હાથે ભરેલી ખૂબ જ ચોખ્ખી રજાઇઓ હોય છે. ઘરમાં ખાટલા, ખુરશી, ટેબલ, કાંઇ જ ન મળે. દીવાલ પર એકાદ ચિત્ર હોય તે પણ ઋતુઋતુ પ્રમાણે બદલાય. ઘરઆંગણે નાનો પણ અજબ બગીચો અને ઘરમાં ફૂલો ગોઠવેલાં. આ ફૂલો ગોઠવવાં, ચા બનાવવી અને મહેમાનોનું સ્વાગત કરવું એ સુશીલ સ્ત્રીનું લક્ષણ લેખાય છે. કેમ ચાલવું, બેસવું, નમવું એ પણ એક કલા ગણાય છે અને તેને માટે દરેક બાલિકાને વર્ષોની તાલીમ અપાય છે.

સ્વાર્પણ દ્વારા કુટુંબપોષણ માટે સ્ત્રીઓ હમેશાં તત્પર જણાય છે. સોળેક વર્ષની વયે બાલિકાઓ પિતૃગૃહના પોષણ માટે કમાવા નીકળી પડે છે. દુકાનો કે કારખાનાંમાં તે કામે લાગી જાય છે અને ખંત તથા ચીવટથી ફરજ બજાવે છે. તેથી જાપાનનું સમગ્ર ઉત્પાદન ઉત્તમ અને સોંઘું બન્યું છે. સારા સારા અમીર કુટુંબોની કન્યાઓ પણ મોટી દુકાનોમાં અને રેસ્ટોરાંમાં પીરસવાનું કામ કરે છે. બાવીસેક વર્ષે તેઓનાં લગ્ન થાય એટલે ઘરમાં રહી બાળઉછેરમાં બધો સમય આપે છે. પતિ સાથે બહાર જવું કે ખાનપાનના જલસાઓમાં જવું એ અસામાન્ય ગણાય. સ્ત્રીઓ બાળઉછેર, ઘરકામ, ગૃહઉદ્યોગ અને ખેતીમાં પરોવાએલી રહે છે. પોતે હાડમારી કે જુલમ પણ વેઠી લે, પણ બન્ને મા બાપ બાળકને ઘણા જ વાત્સલ્યથી ઉછેરે. બાળકને મારવું એ ગુનો ગણાય છે. બાળકને તરછોડતાં ધુત્કારતાં મેં કોઇને જોયાં નથી. આથી બાળકો ઘણાં જ મીઠાં, કહ્યાગરાં, હસમુખાં અને શાંત હોય છે.

જાપાનીઓ ઘરમાં પરદેશીને આવકારે છે, રાખે છે. જાપાની સ્ત્રીઓની માર્દવતા, સેવાપરાયણતા, સાદાઇ, મહેનત, નિઃસ્વાર્થ ભક્તિ, વાત્સલ્ય, એ ગુણોને લઇને ઘણા અમેરિકન તેમને પરણ્યા છે.

આ છૂપાં અને ઊંડા ગુણોને ન પારખીએ તો જાપાની સ્ત્રીઓ ઉપરછલ્લી નજરે દબાએલી કચડાએલી લાગે; પણ જાપાનમાં સ્ત્રીઓ રાણી તરીકે રાજ્યની વારસદાર પણ બની શકે છે. રાજ્યકર્તા તરીકે જ નહિ


પણ કવિ ને ચિત્રકાર તરીકે અને નાટ્યભૂમિ પર સ્ત્રીઓ મશહૂર બની છે. જાપાનની અનેક નાટ્યભૂમિની આદિસ્થાપક સ્ત્રી હતી.

આમ બાહ્ય ક્ષેત્રમાં તો ખરું જ, પણ સમગ્ર રાષ્ટ્રના આંતરિક જીવનમાં, પ્રજાના અધ્યાત્મ જીવનમાં, વ્યક્તિના હાર્દમાં માતા તરીકેનું સ્થાન જાપાની સ્ત્રીએ પોતાનો અહમ્ ભૂંસીને જાળવ્યું છે.

('આકાશવાણી'ના સૌજન્યથી) —લીના મંગળદાસ



↑ઉમર ખય્યામ ગુલાબ: ('ઇલસ્ટ્રેટેડ લંડનન્યૂસ'ના સૌજન્યથી)



↑જગવિખ્યાત ફારસી કવિ ઉમર ખય્યામની તેના વતન નિશાપુરમાં આવેલી કબર. ('ઇલસ્ટ્રેટેડ લંડનન્યુસ'ના સૌજન્યથી)

'ઉમર ખય્યામ' ગુલાબ

આ નામ ઘણાને કદાચ અજાણ્યું લાગશે; પણ પુષ્પોના તદ્વિદોની સૃષ્ટિમાં એ જાણીતું છે. એનો થોડો ઇતિહાસ પણ રસપ્રેરક થશે.

પ્રસિદ્ધ બ્રિટિશ સાપ્તાહિક 'ધી ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂસ'નો અર્ધી સદી પહેલાંનો એક કલાકાર વિલયમ સિમ્સન ઈરાનના મહાન ખગોળવિદ અને કવિ-ફિલસૂફ ઉમર ખય્યામની નિશાપુરમાં આવેલી કબરની મુલાકાતે ગયો, ત્યારે કબર પર ઉગાડેલા ગુલાબના ફૂલછોડમાંથી એક દોડો તે પોતાની સાથે ઘેર લઈ ગએલો. ઈ. ૧૮૮૪માં તેણે એ બર્નાર્ડ ક્વૉરિચ નામના કલારસિક સજ્જનને આપેલો, તે એમણે લંડનના વિખ્યાત વનસ્પતિઉદ્યાન 'ક્યૂ'(રૉયલ બૉટેનિકલ ગાર્ડન્સ)ના વનસ્પતિપાલક મિ. બેકરને આપેલો. તેનાં બીમાંથી એક ફૂલછોડ ઉગાડવામાં આવ્યો અને તેનું નામ પાડ્યું 'ઉમર ખય્યામ' ગુલાબ. 'ક્યૂ'ની વૃક્ષ-વનસ્પતિ-સૂચિમાં તેનું શાસ્ત્રીય નામ રોઝા ડૅમૅસિના છે. આ ફૂલ બેવડા દળનાં, ગુલાબી ને મીઠી સુગંધવાળાં થાય છે. પછી તો એ છોડની એક કલમ, ઉમર ખય્યામની રૂબાઈયાતોનું અંગ્રેજી ભાષાંતર કરનાર એડ્વર્ડ ફિટ્ઝ્જિરાલ્ડની કબર પર પણ વાવવામાં આવી.

બ્રિટનની રાત્રિશાળાઓ

બ્રિટનભરમાં સમાજના વિવિધ વર્ગના લોકો સાંજના અભ્યાસ વર્ગોમાં શિક્ષણ લે છે. ૧૫થી માંડીને ૭૦ વર્ષ સુધીના આ વિદ્યાર્થીઓ બૉલરૂમ-નૃત્યથી માંડીને સર્બો ક્રોટ ભાષા અને કબૂતરોના ઉછેરથી માંડીને મૂલ્યવાન હસ્તાવેજોની મરામત તથા સંભાળ સુધીના વિષયોનું શિક્ષણ લેતા જણાય છે! નજીવી ફીથી જ્ઞાન તથા કૌશલ્યમાં વૃદ્ધિ ઉપરાંત તેઓ સામાજિક સંપર્ક દ્વારા નવા મિત્રો પણ મેળવે છે.

સાંજના વર્ગોની વ્યવસ્થા કરતી આ સંસ્થાઓને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય: મ્યુનિસિપાલિટી દ્વારા, કામદાર શિક્ષણ સંસ્થા દ્વારા અને યુનિવર્સિટીનાં જનસમ્પર્ક ખાતાંઓ દ્વારા થતી વ્યવસ્થાઓ. આમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સૌથી વધુ વિષયોની વ્યવસ્થા કરે છે.

રાષ્ટ્રીય મહાવિદ્યાલયો, પોલીટેકનિક શાળાઓ અને વેપારી મહાવિદ્યાલયો તથા કલાશાળાઓ ધંધાદારી તેમજ ઔદ્યોગિક કૌશલ્યમાં વૃદ્ધિ કરનારાઓ માટે વ્યવસ્થા કરે છે. રોટી પકાવવી, કપડાંની ધોલાઈ, વાળ કાપવા, સર્વ પ્રકારની ઈજનેરી વિદ્યા તેમજ માલના છૂટક વેચાણનાં વિવિધ પાસાં જેવા વિવિધ ધંધાદારી વેપારી તેમજ ટેકનિકલ અભ્યાસક્રમોનો ત્યાં લાભ મળે છે, જેમાંના ઘણાખરાને અંતે વિશ્વવિદ્યાલયોની ડિગ્રી કે ડિપ્લોમા મળે છે. સાંસ્કારિક રસની વૃદ્ધિ વાંછનારાં માટે સાહિત્ય-સંસ્થાઓ તેમજ વિશ્વવિદ્યાલયો વ્યવસ્થા કરે છે. તેમાં પુરાતત્ત્વવિદ્યા, ધાર્મિક વિષયો, અર્થશાસ્ત્ર, અંગ્રેજી સાહિત્ય, ભૂગોળ, ઇતિહાસ, કલાઇતિહાસ, આન્તરરાષ્ટ્રીય બનાવો, જાહેર વહીવટ ને સમાજશાસ્ત્ર જેવા અભ્યાસક્રમોની વ્યવસ્થા છે. તેમના અભ્યાસક્રમો સામાન્ય રીતે વ્યવહારુ રૂપના હોય છે ને તેમાં કલાઓ તથા કારીગીરી, શોખના વિષયો, ઘરગથ્થુ કારીગીરી, શારીરિક વ્યાયામ, નૃત્ય, સંગીત, નાટ્ય અને સમકાલીન બનાવો વિષેનું શિક્ષણ અપાય છે.

કામદાર શિક્ષણ સંસ્થામાં વિદ્વાન અધ્યાપકો ભાગ લેતા હોઈ વિદ્યાર્થીઓ અનૌપચારિક ચર્ચા દ્વારા સ્વયં અભ્યાસનો વિષય નક્કી કરે છે. આ અભ્યાસ માટે કશા પણ પ્રાથમિક અભ્યાસની જરૂર હોતી નથી. આ વર્ષે તેમાં લેખન, કલા, આન્તરરાષ્ટ્રીય વેપાર અને પ્રત્યેક પ્રજાજનને કામ પૂરું પાડવું, શેકસ્પીઅર, સામાજિક વિષયો, બ્રિટનની પક્ષીસૃષ્ટિ, સ્થાનિક સ્વરાજ્ય, સંગીતઆસ્વાદ, કાયદો ને દૈનિક જીવન, માનસિક આરોગ્ય અને કલ્યાણ, કારખાનાંમાં વ્યવસ્થા અને કામદાર-કાયદો વગેરેના અભ્યાસક્રમો છે, જેનો ઉદ્દેશ પરીક્ષા રૂપી જંજાળ વિના જ વિદ્યાર્થીઓના માનસક્ષિતિજનો વિસ્તાર સાધવાનો હોય છે.

તેની મર્યાદા એક વર્ષ જેટલી હોય છે, પરંતુ વિદ્યાર્થીઓની સગવડ અર્થે ૬ થી ૮ અઠવાડિયાંના પણ અભ્યાસક્રમો હોય છે ખરા.

સાહિત્યસંપર્ક

દર્શન અને ચિંતન (ભાગ ૧-૨) તથા दर्शन और चिंतन

'પ્રજ્ઞાચક્ષુ', 'દર્શનમૂર્તિ', 'વિદ્યાવિભૂતિ'– આવાં કેટલાંયે વિશેષણો જેમની તત્ત્વવિત્તાને માટે ઉપયોજાયાં છે, તે પંડિત સુખલાલજી આજે ભારતભરની તત્ત્વવિદ્યાઓનું ભૂષણ છે. માત્ર અભ્યાસ નહિ પરંતુ મધ્યસ્થ વૃત્તિ દ્વારા સમન્વયદૃષ્ટિથી તત્ત્વવિદ્યાઓને તેમણે જે પ્રકારે મૂલવી છે તે જીવન માટે નિરામય પૌષ્ટિક સત્ત્વ સમાન છે.

ગઈ તા. ૮–૧૨–'૫૫ના રોજ તેમણે પોતાના જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે રચાએલી 'સન્માન-સમિતિ'એ પંડિતજીનું લગભગ બધું જ ગુજરાતી-હિંદી લેખ-સાહિત્ય પ્રકાશિત કરવાના કરેલા નિર્ણયના ફળ રૂપ આ ત્રણે ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા છે. બે ગ્રંથોમાં વહેંચાએલા ગુજરાતી સંગ્રહમાં આત્મનિવેદન, પ્રવાસવર્ણન કે વિશિષ્ટ વ્યક્તિઓનાં સંભારણાં રૂપ સામાન્ય જનસમૂહને રસ પડે એવા; તેમજ સામાજિક, ધાર્મિક કે રાષ્ટ્રીય પ્રશ્નોની છણાવટ કરીને સામાજિક કે રાષ્ટ્રીય લોકસેવકને માર્ગદર્શક થઈ પડે એવા લેખો ઉપરાંત સાહિત્ય, દર્શન કે તત્ત્વજ્ઞાનને સ્પર્શતા વિદ્વદ્‌ભોગ્ય ગહન વિષયો નીચે મુજબના પૃથક્કરણ અનુસાર સમાવિષ્ટ કરવામાં આવ્યા છે: (૧) સમાજ અને ધર્મ; (૨) જૈન ધર્મ અને દર્શન; (૩) પરિશીલન; (૪) દાર્શનિક ચિંતન; (૫) અર્ધ્ય; (૬) પ્રવાસકથા; અને (૭) આત્મનિવેદન. હિંદી સંગ્રહમાં ધર્મ અને વિકાસ, દાર્શનિક મીમાંસા, જૈન ધર્મ અને દર્શન એમ ત્રણ વિભાગો રાખવામાં આવ્યા છે. બંને સંગ્રહો સાથે પંડિતજીનો જીવનપરિચય પણ આપવામાં આવ્યો છે.

પંડિતજીના સામાજિક ને ધાર્મિક લેખોનું મુખ્ય તત્ત્વ છે બુદ્ધિશુદ્ધ શ્રદ્ધાથી સમન્વિત સુસંવાદી ધાર્મિક સમાજરચના.

સંપાદક-મંડળ: સર્વશ્રી દલસુખભાઇ માલવણિયા (મુખ્ય સંપાદક), પં. બેચરદાસ જીવરાજ દોશી, રસિકલાલ છોટાલાલ પરીખ, ચુનીલાલ વર્ધમાન શાહ, બાલાભાઇ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'. પ્રકાશક: પંડિત સુખલાલજી સન્માન સમિતિ, ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ-૧. કિંમત: ગુજરાતી સંગ્રહ, ૧૪–૦૦; હિંદી સંગ્રહ, ૭–૦૦.

पंडित सुखलालजी: પંડિત સુખલાલજીનો હિંદી ભાષામાં જીવનપરિચય તથા અનેક મહાનુભાવોની હિંદી–ગુજરાતી–અંગ્રેજી અંજલિ, પ્રકાશક: ઉપર મુજબ.

આપણાં તત્ત્વજ્ઞાનનો પરિચય કરવા ઇચ્છતા અભ્યાસેચ્છુઓ માટે સરળ શૈલીના આ ગ્રંથો ખાસ ભલામણયોગ્ય છે.

Literatures in Modern Indian Languages

રેડિયો જે અનેકવિધ રસોના ક્ષેત્રને ઉઘાડ આપે છે તેમાં એક સાહિત્ય-રસ પણ છે. પરંતુ એ રસગ્રહણશીલતા તત્કાલ પૂરતી ઉપયુક્ત ન રહેતાં સ્થાથી રહીને પોષે પંગરાવે, એ માટે તેને અક્ષરદેહ મળવો જરૂરી છે. પ્રસ્તુત સંગ્રહ એવો પ્રયાસ હોઇ આવકાર્ય છે.

ઈ. ૧૯૫૪માં ઑલ ઇન્ડિયા રેડિયો તરફથી યોજાએલા ને અંગ્રેજીમાં અપાએલા, વિવિધ ભારતીય(આસામી, બંગાળી, ગુજરાતી, હિંદી, કન્નડ, કાશ્મીરી, મળયાળમ, મરાઠી, ઉડિયા, પંજાબી, તમિળ, તેલુગુ, ઉર્દૂ) ભાષાઓનાં સાહિત્યો વિશેના સંવાદો પ્રસ્તુત પુસ્તકમાં સંગ્રહવામાં આવ્યા છે. શ્રી વી. કે. ગોકાકે પ્રારંભમાં પ્રસ્તાવનામાં સમસ્ત ભારતીય સાહિત્યની, ને શક્ય ત્યાં જુદીજુદી ભાષાઓનાં સાહિત્ય-ઇતિહાસ સાથે, ભૂમિકાદર્શી રૂપરેખા આપી છે; પ્રતિષ્ઠિત વિદ્વાન શ્રી સુનીતિકુમાર ચાટુર્જ્યાએ સમસ્ત ભારતીય સાહિત્યનો ટૂંકદર્શી હવાલો આપ્યો છે; જુદીજુદી ભાષાઓનાં પૂર્વકાલીન, મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યનો પરિચય તેના અધિકારીઓ દ્વારા (જેમાં પૂર્વ-મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો શ્રી કનૈયાલાલ મા. મુનશી ને અર્વાચીન ગુજરાતી સાહિત્યનો શ્રી ઉમાશંકર જોષી પાસે) કરાવવામાં આવ્યો છે. સમસ્ત ભારતીય સાહિત્યનું નજીકનું ભવિષ્ય પણ ચાર ભારતખ્યાત તદ્વિદોએ સંવાદેલું આ પુસ્તકમાં લેવામાં આવ્યું છે. આ સર્વે ભાષાસાહિત્યોની સંદર્ભ-સામગ્રીની સૂચિ તથા લેખક-કૃતિ અનુસારની પૃષ્ઠદર્શી સૂચિ પુસ્તકને અંતે આપેલી છે.

કુલ ૩૩૨ પાનાંમાં પથરાએલો આ કીમતી ગ્રંથ રૂા. ૨–૫૦ જેટલા ઓછા દામથી પ્રાપ્ય કરાવવાનું શ્રેય ભારત સરકારને છે. પ્રકાશક: પબ્લિકેશન્સ ડિવિઝન, માહિતી ને પ્રસાર ખાતું, ભારત સરકાર, ઓલ્ડ સેક્રેટરિયેટ, દિલ્હી-૮.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં

પ્રાચીના: શ્રી ઉમાશંકર જોષીનાં 'એકાંકી પદ્યરૂપકો' (વન ઍક્ટ પોએટિકલ પ્લેઈઝ)ના આ કાવ્યસંપુટની કવિતાનો પરિચય આપતાં શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક લખે છે: 'આ પ્રસંગો સામાન્ય કાવ્યરસજ્ઞને સુપરિચિત જણાશે, અને છતાં આ કાવ્યોની કવિતા નવીના છે—ઉમાશંકરની પોતાની છે. તેની છંદોભંગીઓ આર્ષ છંદોરચનાને મળતી છે, છતાં ગુજરાતી છંદોવિકાસમાં નવીન છે–તેમની પોતાની છે. તેનો વાગ્વિભવ તેમનો પોતાનો છે. સમગ્ર કાવ્યમાંથી વ્યક્ત થતી જીવનદૃષ્ટિ તેમની પોતાની છે. પુરાણપ્રિય અને પ્રગતિપ્રિય બંને કાવ્યરસજ્ઞોના કૌતુકને સંતોષી આ કાવ્ય નવીન રસાસ્વાદ કરાવશે.' કિંમત: ૧–૨૫.

રાય હરિહર: વિજયનગર સામ્રાજ્યના ઇતિહાસ–પ્રસિદ્ધ સ્થાપક રાજા હરિહર રાયના જીવનને ગૂંથતી શ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથા, ૪–૦૦; **મા'રરાજ:** નવલનવેશ તરીકે વિશેષ જાણીતા શ્રી ગુણવંતરાય આચાર્યનું ત્રિઅંકી નાટક, ૧–૦૦; **બાવા આદમનો ખજાનો:** વિખ્યાત અંગ્રેજી વાર્તા 'કિંગ સૉલૉમન્સ માઈન્સ' પરથી શ્રી રમણલાલ સોનીએ કિશોરભોગ્ય શૈલીમાં કરેલું રૂપાન્તર, ૨–૫૦.

ભારતી સાહિત્ય સંઘ (પ્રા૦) લિ.

આપણી લોકસંસ્કૃતિ: સૌરાષ્ટ્રની સંસ્કૃતિ પર સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આપેલા પ્રમાણભૂત અભ્યાસલેખો પછી શ્રી જયમલ્લ પરમારના આ ગ્રંથમાં એવા લેખોનો સંગ્રહ મળે છે, જેમાંના ઘણાખરા સ્વ. નિરંજન વર્માના સાથમાં લખાએલા હોઈ અગાઉ સામયિક પત્રોમાં પ્રકટ થયા હોવાનું સ્મરણ છે.

લોકસંસ્કૃતિનો બહુમૂલ્ય ખજાનો સમય સાથે નષ્ટ થઈ ન જાય, એ માટે તેનું સાહિત્યે જેટલા પ્રમાણમાં ગ્રંથસ્થ થઇને વધુ ચિરંજીવતા મેળવે તેટલું આવકાર્ય ગણાય. પ્રસ્તુત પુસ્તકમાં ઇતિહાસ, ગરબા-નૃત્ય, સંતો, સંતવાણી, લોકસંગીત, ભક્તિ-શક્તિ-સૌંદર્ય, વસ્ત્રાલંકાર અને કળા આદિ વિધવિધ અંગોની બહોળી માહિતી સાથે સૌરાષ્ટ્રી સંસ્કૃતિના વિષયને નિરૂપ્યો છે, ને શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડ જેવા વિદ્વાને તેનો આમુખ લખ્યો છે. કિંમત રૂ. ૬ વધારે લાગે છે.

સોન્યા મારુતિ?: 'માનવીની પૂજા, પ્રાણીમાત્રની પૂજા એટલે ભગવાનની પૂજા' એ યુગ-આદર્શને ઉપબોધતી શ્રી સાને ગુરુજીની નવલકથાનો શ્રી જયન્ત પરમારે કરેલો અનુવાદ, ૪–૦૦; **નંદબાબુ:** એક જ માનવમનના ઉદ્દામપણા ને ઉદાત્તપણાને નિરૂપતી શ્રી બાબુભાઈ પ્રાણજીવન વૈદ્યની નવલકથા, ૩-૭૫; **પ્રેરણા:** ચીન દેશની મુક્તિઝંખનાની ગાથા ગાતી એ જ લેખકની નાટ્યકૃતિ,

ગીતો અને પ્રસ્તાવના લખનાર: શ્રી મકરંદ દવે, ૨–૦૦; **રોજની રામાયણ:** શ્રી રંભાબેન ગાંધીનાં ચાર પ્રહસનો સાથેનો દસ એકાંકી નાટકોનો સંગ્રહ, ૩–૦૦; **નીલધરા:** નવકવિ શ્રી રજનીકાન્ત ભટ્ટની છેલ્લા દોઢ-બે દાયકાની ચૂંટેલી કાવ્યકૃતિઓનો સંગ્રહ, જેની શૈલી પ્રવાહી ને ભાવ યથોચિત ઘાટઘૂટવાળો હોવા છતાં તેમાં સામાન્યતા, કલાદષ્ટિએ અ-વિશિષ્ટતા તેમજ રચનામાં પ્રારંભિક શૈથિલ્ય પણ દેખાય છે. કિંમત ૧–૫૦.

પ્રકીર્ણ

નિત્યનૈમિત્તિક કર્મોપાસના: વિદ્યાસાગર વેદમાંથી કર્મકાંડ રૂપે યોજેલી સંધ્યા-હવનાદિ વિધિઓના મૂળ મંત્રો, તેના અર્થ, વિનિયોગ તથા તેના ગ્રંથ તેમજ મંત્રક્રમ સહિતનું આધ્યાત્મિક માર્ગે જીવન-ઉન્નતિ સાધવા ઇચ્છનારાઓ માટે ઉપયોગી પુસ્તક, સંયોજક: શ્રી 'લહરિ', પ્રકાશકો: સર્વશ્રી રામલાલ લ. હરિભાઈ અને મોહનલાલ લ. હરિભાઇ, ૧૦૧ સેન્ટ જ્યૉર્જ, ઈસ્ટ લંડન (દક્ષિણ આફ્રિકા), અમૂલ્ય; **આવા હતા બાપુ ૧–૨:** 'પ્યારા બાપુ' માસિકમાં અવારનવાર પ્રકટ થતા ગાંધીજીના પ્રસંગો પરથી શ્રી રતિલાલ 'અનિલે' તૈયાર કરેલી પુસ્તિકાઓ. ગાંધીજીના નવા અ-



બુંદીની બજાર (કલાકાર : ત્યાગરાજ)



નવધાન્ય : રાજપુતાના (કલાકાર: ત્યાગર:જ)

Courtesy: Burmah-Shell News



ચાર શિલ્પ—'કેલિ' 'દર્પણ' 'સૂર' 'માનું લાડકવાયું'—શિલ્પી પૂર્ણેન્દુ પાલ

આ અંકના પૂઠા ઉપરના 'વાગીશ્વરી' રેખાંકન તથા 'પત્રવાચન' લીનોકટના કલાકાર શ્રી પૂર્ણેન્દુ પાલનું એક સુંદર શિલ્પ 'સૂર અને સવારી' ૪૦૦મા અંકમાં પ્રકટ થઇ ગયું તેનું વાચકોને સ્મરણ હશે. સામાન્ય નજરને 'ખરબચડાં' લાગતાં આ ઉપરનાં ચારે શિલ્પોમાં તે પ્રત્યેકના વિષયનું ભાવનિદર્શન ચોટદાર અને પ્રવાહીરીતે થયું છે એ તેની ગુણવિશેષતા છે. પહેલા શિલ્પમાંની કેલિ કરતી કબૂતર-બેલડીની પરસ્પરમાં પરોવાએલી પાંખો, આંખો ને ચાંચો દ્વારા થતું ભાવવહન જુઓ, કે બીજા ને ત્રીજા શિલ્પમાંનાં સ્ત્રી-પાત્રોની અંગછટા દ્વારા વ્યક્ત થતી અંતરની અભિવ્યક્તિ જુઓ : એમની શક્તિની પ્રતીતિ થશે. અને લાડકા બચ્ચાને વહાલ કરતી માતા કે બચ્ચા કોઈની આંખો સરખી યે દેખાતી નથી, છતાં એ બંનેનાં પગ-પૂંછડાં, કાન-કમર અને ડોકની છટાઓ દ્વારા જાણે લાડ અને વાત્સલ્યનો પ્રવાહ વહી રહ્યો છે!


આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

દિનવિશેષ

તા. ૧ જીવનસાહિત્યના મંગલદ્રષ્ટા ને સિદ્ધહસ્ત સાહિત્યકાર કાકા કાલેલકરનો જન્મ, ૧૮૮૫.
તા. ૩ લૉર્ડ વિલિયમ બૅન્ટિકે ભારતમાંથી સતી થવાનો ચાલ કાયદાથી નાબૂદ કર્યો, ૧૮૨૯.
તા. ૫ ભારતના અગ્રણીક્રાંતિકારી ને અર્વાચીન યુગના મહાયોગીશ્રી અરવિંદનું અવસાન, ૧૯૫૦.
તા. ૯ અમર અંગ્રેજી કાવ્ય 'પૅરેડાઈઝ લૉસ્ટ'ના સર્જક અંધકવિ જ્હૉન મિલ્ટનનો જન્મ, ૧૬૦૮.
તા. ૧૧ નૉર્વેજિયન સાહસસફરી રોઆલ્ડ આમુંડસેને દક્ષિણ ધ્રુવ પર વિજય મેળવ્યો, ૧૯૧૧.
તા. ૧૭ વિજ્ઞાનની તવારીખમાં પ્રથમ વાર રાઈટ ભાઇઓ વિમાનની મદદથી ઊડયા, ૧૯૦૩.
તા. ૧૮ ગુલામીવિરોધી વિશ્વઆંદોલનને ટેકા રૂપ અમેરિકામાંથી ગુલામીની નાબૂદી, ૧૮૬૫.
તા. ૨૨ કવિવર રવીન્દ્રનાથે બોલપુરમાં આદર્શ શિક્ષણસંસ્થા 'વિશ્વભારતી' સ્થાપી, ૧૯૨૧.
તા. ૨૪ પંદરમી સદીના સાહસિક પોર્ટુગીઝ વહાણખેડુ વાસ્કો દ ગામાનું અવસાન, ૧૫૨૫.
તા. ૩૧ 'હું કોણ?'ની શોધ દ્વારા આત્મસ્વરૂપ પ્રાપ્ત કરનાર શ્રી રમણ મહર્ષિનો જન્મ, ૧૮૭૯.

વ્યક્તિવિશેષ: પંડિત સુખલાલજી

'પ્રજ્ઞાચક્ષુ', 'દર્શનમૂર્તિ', 'વિદ્યાવિભૂતિ' આવાં કેટલાંયે વિશેષણો જેમની તત્ત્વવિત્તાને



માટે ઉપયોજાયાં છે, અને જેમની પ્રકાંડ વિદ્વત્તા માટે હમણાં ગુજરાત યુનિવર્સિટીએ 'ડી.લિટ્.'(ડૉક્ટરેટ)ની માનાર્હ પદવીથી વિભૂષિત કરી જેમનું ગૌરવ કર્યું છે, તે ભારતભરની તત્ત્વવિદ્યાઓના ભૂષણ સમા પંડિત સુખલાલજીનો જન્મ ઈ. ૧૮૮૦ની ૮મી ડિસેમ્બરના રોજ, વઢવાણ પાસે નાનકડા લીમલી ગામમાં, વીશાશ્રીમાળી જૈન વણિક સંઘજી તળશી સંઘવીને ઘેર થયો હતો. ચાર વર્ષની વયે તે માતાવિહોણા થતાં એ સ્થાન સ્નેહશીલ નવી માતાએ લીધું; પણ બાળ પંડિતજીનો ખરો ઉછેર તો મુખ્યત: તેમના ઘરનોકર મૂળજીભાઇને આભારી છે. તેજસ્વી અભ્યાસ અને સાહસો તથા મર્દાની રમતોથી ભરેલા કિશોરજીવન બાદ ગુજરાતી સાતમી પછી તેમને નિશાળમાંથી ઉઠાડી લેવામાં આવ્યા ને તેમનું નાનપણનું સગપણ સં. ૧૯૫૨માં શ્વસુર-પક્ષની પ્રતિકૂળતાને કારણે લગ્નમાં ન પરિણમ્યું, ત્યાં વિ. સં. ૧૯૫૩માં ૧૭ વર્ષની વયે શીતળાના રોગે તેમની આંખનાં રતન હરી લીધા! પરંતુ તેથી હતાશ ન થતાં હવે તેઓ જ્ઞાનાર્જન માટે બનારસની 'યશોવિજયજી' પાઠશાળામાં ગયા, અને વિ.સં.૧૯૬૩માં 'વૈયાકરણ' બન્યા. સં. ૧૯૬૪માં દૂષિત વાતાવરણને કારણે તેમણે પાઠશાળા છોડી. સં. ૧૯૬૬માં સંપૂર્ણ મધ્યમની પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં આવ્યા, ને પછી ક્રમેક્રમે ન્યાયના આચાર્યના ત્રણે ખંડોની પરીક્ષા પણ આપી. તે પછી આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવે તેમને બનારસ યુનિવર્સિટીમાં બોલાવી લીધા. સં. ૧૯૭૩ના અરસામાં તેઓ ગાંધીજીના આશ્રમમાં રહેલા. સં. ૧૯૭૪માં તેમણે જૈન 'કર્મગ્રન્થો'થી માંડીને 'પ્રમાણમીમાંસા', 'જ્ઞાનબિંદુ' આદિના અનુવાદોનું વિરલ પ્રદાન હિંદી સાહિત્યને કર્યું, ને સં. ૧૯૭૭માં આગ્રામાં 'સન્મતિતર્ક'નું સંપાદન શરૂ કર્યું. એવામાં અમદાવાદની 'ગુજરાત વિદ્યાપીઠ'માં ભારતીય દર્શનશાસ્ત્રી તરીકે તેમની નિમણૂક થઇ, જ્યાં તેમણે સં. ૧૯૮૭ સુધી કામ કર્યું અને પં. બહેચરદાસના સહકારથી 'સન્મતિતર્ક'નું સંપાદન પૂરું કર્યું. સં. ૧૯૯૦માં બનારસ યુનિવર્સિટીનું જૈન આસન(ચૅર) સંભાળવા ફરી તેઓ ગયા, જે દરમ્યાન 'જૈન તર્કભાષા', 'જ્ઞાનબિંદુ', 'પ્રમાણમીમાંસા', 'હેતુબિંદુ' વગેરેનું સંપાદન, 'તત્ત્વાર્થસૂત્ર'નું સંપાદન ને તેનો ગુજરાતી-હિંદી અનુવાદ, 'તત્ત્વોપ્લવસિંહ'નું સંશોધન વગેરે વિદ્યામૂલક કાર્યો કર્યાં અને સં. ૨૦૦૦માં ત્યાંથી નિવૃત્ત થયા.

વર્ધાની રાષ્ટ્રભાષાપ્રચાર સમિતિએ તેમનું અહિંદીભાષી 'પંડિત' તરીકે અને જીવનનાં ૭૫ વર્ષ પૂરાં થયા નિમિત્તે સમગ્ર ગુજરાતે ગયા વર્ષમાં ડૉ. રાધાકૃષ્ણ જેવી સુયોગ્ય વ્યક્તિને હાથે તેમનું બહુમાન કર્યું છે.

તેમના સામાજિક ને ધાર્મિક સાહિત્યનું મુખ્ય તત્ત્વ છે બુદ્ધિશુદ્ધ શ્રદ્ધાથી સમન્વિત સુસંવાદી ધાર્મિક સમાજરચના. માત્ર અભ્યાસ નહિ, પરંતુ મધ્યસ્થ વૃત્તિ દ્વારા સમન્વયદૃષ્ટિથી તત્ત્વવિદ્યાઓને તેમણે જે પ્રકારે મૂલવી છે તે જીવન માટે નિરામય, પૌષ્ટિક સત્ત્વ સમાન છે.

પ્રસંગવિશેષ: વાસ્કો દ ગામાએ નાતાલપ્રદેશ શોધ્યો: ૧૫ ડિસેમ્બર ૧૪૯૭

શેરડી, મકાઇ, તમાકુ, કોલસો, હાથીદાંત વગેરેની કાચા સોના જેવી ઊપજના જગતના સમૃદ્ધ મથક તરીકે, અને ગાંધીજીના કૂલી-પ્રથાના વિરોધરૂપેના સત્યાગ્રહના પ્રથમ પ્રયોગક્ષેત્ર તરીકે દક્ષિણ આફ્રિકાનો પ્રમુખ પ્રાંત 'નાતાલ' જે આજે દુનિયાભરમાં જાણીતો છે તે આજથી ચાર સૈકા પહેલાં પોર્ટુગીઝ વહાણખેડુ વાસ્કો દ ગામાએ પોતાની હિંદુસ્તાનની શોધના માર્ગમાં આવતાં ઈ. ૧૪૯૭ની ૨૫મી ડિસેમ્બરે શોધ્યો, અને એ દિવસ નાતાલનો હોવાથી તેનું નામ પણ તેણે 'તેર્રા નાતાલિસ' આપ્યું. જોકે એ ત્યાં ઊતર્યો નહિ. પછી છેક ઈ. ૧૬૮૪માં એક બ્રિટિશ વહાણ 'પૉર્ટ નાતાલ' પર આવી ત્યાંના આદિવાસીઓ કનેથી હાથીદાંત ખરીદી ગયું હતું. ત્યાર બાદ ૧૬૮૫ના મેમાં એક બ્રિટિશ જહાજ 'ગુડ હોપ' અને ડચ ઈસ્ટ ઇન્ડિયામૅન જહાજ 'સ્તાવેનિસ્સે' અહીં આવતાં ભાંગી પડેલાં, અને તેમાંથી બચવા પામેલાઓ અહીંથી ત્રણ ટન હાથીદાંત ખરીદી ગયાનો ઉલ્લેખ છે। છેક ૧૯મી સદીના ઉષ:કાળ સુધી આ પ્રદેશ નિર્વાસિત અને વણખેડાએલો રહેલો; પણ પછીના દોઢ સૈકામાં તેની પ્રગતિ પવનવેગે થઈ.

ગામડેથી કેટલાક ખેડૂતો પોતાના જમીનદારને ત્યાં આવેલા. મુલાકાત વગેરે પતાવ્યા બાદ જમીનદારે સૌને પોતાની સાથે ભોજન લેવાનું આમંત્રણ આપ્યું. સૌ રોકાયા તો ખરા, પણ વિલાયતી રસમો પાળતા જમીનદાર સાહેબની સાથે ખાણું લેતી વખતે કઈ રીતે ખાવું તેની કોઇને માહિતી ન હોઈ સૌએ અંદરોઅંદર નક્કી કરી લીધું કે સાહેબ જેમ કરે તેમ જોઇજોઇને આપણે કરવું.

નસીબજોગે જમણ દરમિયાન કોઇને કાંઇ વાંધો આવ્યો નહિ. જમણ પૂરું થયું ને છેલ્લે કૉફી આવી. યજમાને એક મોટી રકાબીમાં એ ઠાલવી. સૌએ એ પ્રમાણે કર્યું. પછી યજમાને તેમાં સારી પેઠે દૂધ ને ખાંડ ભેળવ્યાં. સૌએ એમ પણ કર્યું. અને પછી યજમાન નીચા નમ્યા અને રકાબી પોતાની બિલાડીના મોં પાસે મૂકી દીધી!

એક સૈનિક તેનાં સ્ત્રીમિત્ર સાથે બાગમાં ફરવા ગયો. સામે જ તેણે કમાન્ડર આવતો જોયો. તેને વાતચીતમાં સૈનિકે કહ્યું, 'આ મારી બહેન છે.'

'એક વાર મારી પણ હતી.' કમાન્ડરે કહ્યું.

મોતી ભાંગ્યું વીંધતાં, મનડું ભાંગ્યું કવેણ,
તૂરી ભાંગ્યો ટેવતાં, નહિ સાંધો નહિ રેણ.*

પોતાના પત્રો સાચવીને રાખી મૂકનાર વિનોબાજી ઉપર એકવાર ગાંધીજીનો પત્ર આવ્યો તે વાંચીને તેમણે ફાડી નાખ્યો. પાસે બેઠેલા કમલનયન બજાજે આથી ઉદ્વેગ પામી વિનોબાજીની રજાથી એ કાગળ વાંચ્યો, તો તેમાં લખ્યું હતું, તમારા જેવો આત્મા મેં બીજો જોયો નથી. સાશ્ચર્ય શ્રી બજાજે પૂછ્યું, 'આ સાચવી રાખવા જેવો પત્ર આપે ફાડી નાખ્યો?' વિનોબાજીએ કહ્યું 'મારે માટે એ નકામો છે. બાપુએ પોતાની ઉદાર દૃષ્ટિથી મને જોયો એવો વર્ણવ્યો; પણ મારા દોષોની એમને કયાં જાણ છે?'


અનેકાર્થી શબ્દ: **તોડ**=ઉપાય, રસ્તો; ફેંસલો, ન્યાય, ફડચો; ચોપાટમાં સામાની સોગઠી મારવાનો પહેલો પ્રસંગ; સમાધાન, સમજૂત; બંદોબસ્ત; કૂવામાંથી પાણી ખેંચવાનું લાકડાનું એક યંત્ર; પગના માંસલ ભાગમાં થતી પીડા, શરીરનું તૂટવું તે; તોડવાની ક્રિયા કે ભાવ; ઊંચાઈ; બોજો; પ્રતિકાર; દહીંનું પાણી, છાશ; પાણીનો જોશ; ભરતી કે પૂરનું વહેણ; પાણીના રસ્તાની કોરણો ભાંગીને ખેતરને પાએલું પાણી; બંદૂક વગેરેથી બનેલો ખાડો; સ્ત્રીની પાલખી ઉપરનું જાળીવાળું કપડું; કુસ્તીનો એક દાવ; એક કઠોળ.



તમારી હથેળીમાં જ પડી પડી ઓગળી જાય એવી પોચામાં પોચી ધાતુ 'ગૅલિયમ' છે, જે નેફેલાઈનમાં ઍલ્યુમીનિયમની સાથી છે; અને સોના કરતાં પણ કીમતી છે. હથેળીની ૯૭ ડિગ્રી ફેરનહાઇટ ગરમી પણ તેને ઓગાળી નાખવા બસ છે!



અંગ્રેજી મૂળાક્ષરનો નવમો અક્ષર 'આઇ' મૂળ ઇજિપ્તની ચિત્રલિપિ 'હાયરોગ્લિફ'માં બે ઊભી છરીના આકારે અથવા બે ત્રાંસી સમાંતર રેખાઓ રૂપે હતો; તેમાંથી તેના સ્વરૂપઘડતરમાં અનુક્રમે હાઍરૅટિક લિપિમાં અને તે પછી ફિનિશ્યન, જૂની ગ્રીક, પૂર્વ લૅટિન તથા આજના રૂપે કેવો કેવો ઉત્તરોત્તર સ્વરૂપવિકાર થતો ગયો તે ઉપલા ચિત્રમાં અનુક્રમે દર્શાવ્યું છે. નીચેની તકતીમાં તેના કૅપિટલ તથા નાના અક્ષરોનાં લેખન-સ્વરૂપનો વિકાસ આ ક્રમમાં દર્શાવ્યો છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સેક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ ઈટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને છેલ્લે છે તે આધુનિક રૂપ.



સપાટ ફૂટપટ્ટી વડે શાહીથી લીટીઓ આંકતાં કાગળ પર ફૂટપટ્ટીની કિનાર અડવાથી ડાઘા પડે છે. ઉપલા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ફૂટના બે છેડા પર બે સાદી પેપરક્લિપ ભરાવી દેવાથી તે કાગળથી અદ્ધર રહેશે ને ડાઘા નહિ પડે.



'બાળદિન' તરીકે ઊજવાએલા પં. નેહરુના આ જન્મદિને (૧૪ નવેમ્બરે) બહાર પડેલી ટિકિટોના રદ્દીકરણની છાપ.


ડાઘ પડયા છે?

કપડા પર પડેલા લોઢાના કાટના ડાઘ કાઢવા માટે લીંબુનો રસ અને મીઠું ઘસીને અથવા ૫ ટકા ઑક્ઝેલિક ઍસિડનું મિશ્રણ લગાવીને ડાઘવાળો ભાગ લાંબા સમય સુધી તડકે રાખવો. ડાઘ પૂરેપૂરો દૂર ન થાય ત્યાં સુધી આ ક્રિયા ફરીફરી કર્યા કરવી. છેલ્લે કપડું સાબુથી ધોઇ નાખવું. આ ડાઘ પડયે વહેલી તકે દૂર કરવો, કારણકે કપડાને તે ક્રમેક્રમે ખાઈ જાય છે.

ત્રણ કાચબા દૂરદૂરના શહેરની હોટલમાં ચા પીવા ગયા. જેવા તેઓ પેઠા એવો જ વરસાદ વરસવા લાગ્યો. એક કાચબાએ કહ્યું, 'તમે જો મારા ભાગની ચા પી ન જાઓ તો હું ઘેર જઇને છત્રી લઈ આવું.' બંને કાચબાએ કહ્યું, 'તું તારે જા. તારી ચાને કોઈ નહિ અડે.'

બે વરસ બાદ બંને કાચબાઓમાંના એકે બીજાને કહ્યું, 'હજી પેલો આવ્યો નહિ. ચાલ આપણે તેની ચા પી જઇએ.'

તરત બહારથી એક ઝીણો અવાજ આવ્યો: 'તમે એમ કરશો તો પછી હું ઘેર નહિ જાઉં!'



આદિવાસીઓની કલાની એક કણિકા ગયા અંકમાં આપી હતી. એવી જ બીજી આ ઉપરની કણિકા—હાઈડાનો લાકડાનો ઘૂઘરો: આજની સુસંસ્કૃત પ્રજાને પણ મુગ્ધ કરે એવી કલાવૃત્તિ એ લોકોએ ખીલવી હતી.

*વીંધતાં મોતી ભાંગે, કડવા બોલથી મન ભાંગે, તાલીમ આપતાં ઘોડો ભાંગે, તો એને સાંધા મારીને કામમાં લઇ શકાય જ નહિ.

આવતી કાલનાં નાગરિકોનું માસિક **કુમાર** જાન્યુઆરીથી ડિસેમ્બરઈ.સ.૧૯૫૭



સળંગ અંક ૩૯૭ થી ૪૦૮ સુધીનું

૩૪ મા વર્ષનું વાર્ષિક સાંકળિયું

મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી


દ્વિરંગી, એકરંગી, રેખાંકન, વુડકટ વગેરે

શિલ્પસ્થાપત્ય

ફોટોગ્રાફ

કાવ્યો અને મુક્તકો

'કુમાર' ડિસેમ્બર ૧૯૫૭ • સળંગ અંક ૪૦૮ • છૂટક નકલનો રૂ. ૧) પરદેશમાં રૂ. ૧-૨૫ December 1957 KUMAR Regd. No. B. 1808



પત્ર (લીનોકટ) • કલાકાર શ્રી પૂર્ણેન્દુ પાલ

કુમારકાર્યાલય લિમિટેડ
૧૪૫૪ રાયપુર
AHMEDABAD-1